અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 17 ઓગસ્ટ 2026 સોમવાર | વર્ષ : 18 | તંત્રી: પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. 2.00
વિક્રમ સંવત 2082, શ્રાવણ સુદ -5 | અંક : 48 | અમદાવાદ | પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3  ઈરાન સાથેના કરાર મામલે ખાડી દેશો ટ્રમ્પથી નારાજ: વાટાઘાટોનું પરિણામ ન આવતા સહયોગી દેશોની અકળામણ...

4  અવિચારી વિકાસ : માણસ માટે જીવન જરૂરી છે કે ડેટા સેન્ટર!

6  'હું પણ 400 વિકેટ ઝડપી શક્યો હોત...', શોએબ અખ્તરનું દર્દ છલકાયું, અધૂરી ખ્વાહીશ જણાવી

7  શાહરૂખ, અજય અને ટાઈગર ભારે મુશ્કેલીમાં મુકાયા!: પાન મસાલાની જાહેરાત બદલ FDAએ કારણદર્શક...


## NEWS BRIEF

### શેખ હસીના મુદ્દે બાંગ્લાદેશનું ભારત પર દબાણ!

#### તારિક રહેમાનની મુલાકાત પહેલાં કરી મોટી માગ

બાંગ્લાદેશે પોતાના વડાપ્રધાન તારિક રહેમાનના પ્રસ્તાવિત ભારત પ્રવાસને પૂર્વ વડાંપ્રધાન શેખ હસીનાના પ્રત્યાર્પણની માગ સાથે જોડી દીધો છે. ઢાકાએ સ્પષ્ટ કર્યું છે કે, વડાપ્રધાનની ભારત યાત્રા પૂર્વે 'અનુકૂળ માહોલ' બનાવવો જરૂરી છે. આ માટે ભારતે શેખ હસીના સહિત અન્ય વોન્ટેડ આરોપીઓને બાંગ્લાદેશને સોંપવાની માગણી પર વહેલી તકે પગલાં ભરવા જોઈએ.



બાંગ્લાદેશના વિદેશ મંત્રાલયના પ્રવક્તા શાહિદુલ કરીમ (Shahidul Karim)એ ઢાકા ખાતે એક પત્રકાર પરિષદ દરમિયાન જણાવ્યું કે, બંને દેશોના અધિકારીઓ છેલ્લા કેટલાક અઠવાડિયાથી વડાપ્રધાન તારિક રહેમાન (PM Tarique Rahman)ની સંભવિત દ્વિપક્ષીય ભારત મુલાકાત અંગે સતત સંપર્કમાં છે. જોકે, તેમણે દાવો કર્યો કે, 5 ઓગસ્ટે નવી દિલ્હી ખાતે પૂર્વ વડાંપ્રધાન શેખ હસીના (Sheikh Hasina)ની જાહેરમાં યોજાયેલી પ્રેસ કોન્ફરન્સ બાદ આ સમગ્ર પ્રક્રિયા પ્રભાવિત થઈ છે. બાંગ્લાદેશના ઈન્ટરનેશનલ ક્રાઈમ્સ ટ્રિબ્યુનલે તેમને માનવતા વિરુદ્ધના અપરાધ માટે દોષિત ઠેરવ્યા હોવાથી આ મુદ્દે પોતાનું વલણ પહેલેથી જ સ્પષ્ટ છે. બાંગ્લાદેશનું માનવું છે કે, યાત્રા પૂર્વે યોગ્ય પરિસ્થિતિનું નિર્માણ થાય તે જરૂરી છે.

### ખેડૂતોનું ફરી દિલ્હી કૂચનું એલાન: ખનૌરી બોર્ડર છાવણીમાં ફેરવાઈ

#### કોંક્રિટના બેરિકેડ્સ અને વોટર કેનન તહેનાત



ખેડૂત સંગઠનોની ખનૌરી દાતા સિંહવાલા બોર્ડરથી દિલ્હીના જંતર-મંતર સુધી શરૂ થનારી પદયાત્રાને લઈને જીંદ જિલ્લા પ્રશાસન અને પોલીસ પૂરી રીતે સજ્જ થઈ ગઈ છે. કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા માટે નરવાના નહેર પુલ અને બોર્ડર વિસ્તારને પોલીસ છાવણીમાં તબદીલ કરી દેવામાં આવ્યો છે. ખેડૂતોની આ પદયાત્રાને રોકવા અને સુરક્ષા વ્યવસ્થાને મજબૂત કરવા માટે ભારે પોલીસ બળ તહેનાત કરવામાં આવ્યું છે તેમજ સ્થળ પર કોંક્રીટના પાક્કા બેરિકેડ્સ, વોટર કેનન અને વજ વાહનો પણ ખડકી દેવામાં આવ્યા છે. બિન-એસકેએમ (SKM) ખેડૂત સંગઠનોની આ પદયાત્રાનું નેતૃત્વ અગ્રણી ખેડૂત નેતા જગદીશ સિંહ ડલ્લેવાલ કરી રહ્યા છે. આ યાત્રામાં 51 મુખ્ય ખેડૂતોની સાથે આશરે 200 અન્ય ખેડૂતો પણ પદયાત્રા કરશે. જે આગામી 29 ઓગસ્ટે દિલ્હીના જંતર-મંતર પહોંચવાનું નિર્ધારણ કરીને ચાલવાના છે. ખેડૂત નેતાઓના જણાવ્યા અનુસાર, આ યાત્રા આંદોલન દરમિયાન શહીદ થયેલા ખેડૂત શુભકરણની સ્મૃતિમાં કાઢવામાં આવી રહી છે. આ અંતર્ગત ખેડૂતોની લાંબા સમયથી રહેલી માંગણીઓ ઉપરાંત ભારત-અમેરિકા ટ્રેડ ડીલ રદ કરવા જેવા મહત્વના મુદ્દાઓ પણ ઉઠાવવામાં આવશે. પ્રશાસનની કડક નાકેબંદી વચ્ચે ખેડૂત નેતાઓએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો પોલીસ-પ્રશાસન દ્વારા યાત્રાને રોકવાનો કોઈ પણ પ્રયાસ કરવામાં આવશે, તો ખેડૂતો તે જ સ્થળ પર અનિશ્ચિતકાલીન ધરણા અને પ્રદર્શન શરૂ કરી દેશે. આ ઉપરાંત હરિયાણાની વિવિધ ખાપ મહાપંચાયતોનું સમર્થન મેળવવા માટે તેમને પણ આવેદનપત્રો સોંપવામાં આવશે. સુરક્ષા અને કાયદો વ્યવસ્થાની સ્થિતિને ધ્યાનમાં રાખીને પ્રશાસન દ્વારા તમામ એજન્સીઓને અલર્ટ મોડ પર રાખવામાં આવી છે.

## અમિત શાહનો કોંગ્રેસ પર પ્રહાર

# "વંદે માતરમ" અધૂરું છોડવું મોટું પાપ, સોનિયા-રાહુલ માફી માગે

### કોંગ્રેસ મુખ્યાલયમાં રાષ્ટ્રગીત દરમિયાન સોનિયા ગાંધીના કહેવાથી ગાનને અધવચ્ચે જ રોકી દેવામાં આવ્યું હતું, જે ખૂબ જ શરમજનક છે : અમિત શાહ

**ચિત્તોડગઢ, તા.16**

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રવિવારે કહ્યું કે, કોંગ્રેસ મુખ્યાલયમાં મોટું પાપ થયું છે અને તેના માટે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ દેશની માફી માગવી જોઈએ. ચિત્તોડગઢમાં એક રેલીને સંબોધિત કરતા કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે વંદે માતરમનું સંપૂર્ણ ગાન ન કરવા બદલ કોંગ્રેસના લોકોએ શરમ આવવી જોઈએ.

તેમણે કહ્યું કે, "કોંગ્રેસ વંદે માતરમને ભૂલી ગઈ હતી. બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયની એ અમર રચના, એક ગીતના બે શબ્દ, વંદે માતરમ, 'ભારત માતાની હું વંદના કરું છું' આ શબ્દો બોલતાં હજારો-લાખો લોકો ફાંસીના માંચડે ચડી ગયા હતા. મતબેંકની લાલચમાં કોંગ્રેસે વંદે માતરમને ભૂલી દીધું હતું. વંદે માતરમની રચનાને આ વર્ષે ૧૫૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યાં છે. લાલ કિલ્લાની પ્રાચીર પરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વંદે માતરમને ફરી એક નવું જીવન આપવાનું કામ કર્યું છે."

અમિત શાહે કહ્યું, "તેમની (કોંગ્રેસ) નિર્લજ્જતા જુઓ. કોંગ્રેસ પાર્ટીના મુખ્યાલય પર વંદે માતરમનું ગાન થઈ રહ્યું હતું. ગાન ચાલી રહ્યું



હતું ત્યારે કોંગ્રેસના નેતા સોનિયા ગાંધીએ કોંગ્રેસ અધ્યક્ષને ગાન રોકવાની વાત કહી હતી. આપણે સૌ ટીવી પર જોતા જ રહી ગયા. ૮૦ વર્ષ બાદ બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયનું આ અમર ગીત જ્યારે ફરી સન્માન મેળવી રહ્યું છે, ત્યારે તે પણ સોનિયા ગાંધીને પસંદ નથી આવ્યું."

તેમણે આગળ કહ્યું કે, "સોનિયા જી, ૧૪૦ કરોડ જનતા તમને જોઈ રહી છે. તમારા દ્વારા કરવામાં આવેલા આ પાપને દેશની જનતા ક્યારેય માફ નહીં કરે. કોઈ સ્વપ્નમાં પણ કેવી રીતે વિચારી શકે કે વંદે માતરમનું ગાન અધૂરું છોડી દેવામાં આવે? કોંગ્રેસના લોકોએ શરમ આવવી જોઈએ અને જો થોડી પણ શરમ બાકી હોય તો બંને હાથ જોડીને બંકિમ બાબુ અને દેશની જનતા પાસે માફી માગવી જોઈએ."

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા સાથે મળીને દિવંગત પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની પુણ્યતિથિ પર તેમની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું. આ પ્રસંગે અમિત શાહે કહ્યું કે, "અટલજીની યાદમાં ૨૧ ફૂટ ઊંચી પ્રતિમા સ્થાપિત કરવાનું કામ ભાજપના કાર્યકર્તાઓએ કર્યું છે. ૧.૫ કરોડ રૂપિયાના ખર્ચે અટલજીના વ્યક્તિત્વ જેવી ભવ્ય પ્રતિમા અહીં સ્થાપિત કરવામાં આવી છે. આજે ૧૫ જિલ્લાઓમાં ૫૭૫૫ કરોડ રૂપિયાના ૯૪૪ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે."

તેમણે કહ્યું કે, "જ્યારે વડાપ્રધાન મોદીએ રાજસ્થાનમાં હર ઘર નલ અને હર ઘર જલ યોજના શરૂ કરી ત્યારે રાજસ્થાનના માત્ર ૧૧ લાખ ઘરોમાં પાણી પહોંચતું હતું. ૭૦ વર્ષમાં કોંગ્રેસે ૧૧ લાખ ઘરો સુધી પાણી પહોંચાડ્યું હતું, પરંતુ વડાપ્રધાન મોદીએ માત્ર ૮ વર્ષમાં ૬૪ લાખ ઘરો સુધી પાણી પહોંચાડવાનું કામ કર્યું છે."

અમિત શાહે સીધું સંબોધન કરતા કહ્યું કે, "સોનિયા જી, ૧૪૦ કરોડની જનતા તમને જોઈ રહી છે. તમે કરેલું આ પાપ દેશની જનતા ક્યારેય માફ નહીં કરે. કોઈ સપનામાં પણ કેવી રીતે વિચારી શકે કે વંદે માતરમનું ગાન અધૂરું છોડી દેવામાં આવે? કોંગ્રેસના લોકોને શરમ આવવી જોઈએ. જો થોડી પણ શરમ બાકી હોય તો બંને હાથ જોડીને બંકિમ બાબુ અને આ દેશની જનતા પાસે માફી માંગવી જોઈએ."

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા સાથે મળીને, દિવંગત પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની પુણ્યતિથિ પર તેમની પ્રતિમાનું અનાવરણ કર્યું. આ પ્રસંગે અમિત શાહે કહ્યું, "અટલ જીની યાદમાં ૨૧ ફૂટની પ્રતિમા લગાવવાનું કામ ભાજપના કાર્યકર્તાઓએ કર્યું છેપ ૧.૫ કરોડની કિંમતે અટલ જીના વ્યક્તિત્વ જેવી ભવ્ય પ્રતિમા અહીં સ્થાપિત કરી છેપ આજે ૧૫ જિલ્લાઓમાં ૫૭૫૫ કરોડના ૯૪૪ કામોનું લોકાર્પણ અને ભૂમિપૂજન થયું છે." તેમણે કહ્યું, "જ્યારે વડાપ્રધાન મોદીએ રાજસ્થાનમાં હર ઘર નળ અને હર ઘર જળની યોજના શરૂ કરી ત્યારે રાજસ્થાનના માત્ર ૧૧ લાખ ઘરોમાં પાણી પહોંચ્યું હતું. ૭૦ વર્ષોમાં કોંગ્રેસે ૧૧ લાખ ઘરો સુધી પાણી પહોંચાડ્યું હતું, PM મોદીએ માત્ર ૮ વર્ષોમાં ૬૪ લાખ ઘરો સુધી પાણી પહોંચાડવાનું કામ કર્યું છે."

## 'અમારા 6 સવાલોના જવાબ સરકાર નહીં આપે તો કોણ આપશે?', ગૃહમંત્રી અમિત શાહ પર CJP ભડકી

**નવી દિલ્હી, તા.16**

કૉક્રોચ જનતા પાર્ટી (CJP) ના મુખ્ય પ્રવક્તા સૌરવ દાસે કેન્દ્ર સરકાર પર સંસદમાં વિપક્ષ અને યુવાનોનો અવાજ દબાવવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટ દ્વારા તેમણે દાવો કર્યો છે કે તાજેતરમાં સંપન્ન થયેલા સંસદના ચોમાસુ સત્રમાં સરકારે સીજેપી (CJP) ના નેતૃત્વમાં થયેલા વિરોધ પ્રદર્શનો અને જનહિતના સવાલોના જવાબ આપવાનો ઈનકાર કરી દીધો છે. સૌરવ દાસના જણાવ્યા અનુસાર, લોકસભા સાંસદ માથેસ્વરન વી. એસ. દ્વારા કેન્દ્રીય ગૃહ મંત્રાલય અને શિક્ષણ મંત્રાલય સમક્ષ જે પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા, તેને લોકસભાના નિયમ 41(2) ની વિવિધ ઉપ-ધારાઓનો હવાલો આપીને રદ કરી દેવામાં આવ્યા છે.

સૌરવ દાસે જણાવ્યું કે સાંસદ દ્વારા જનતા અને વિદ્યાર્થીઓના હિતને લગતા 6 પ્રમુખ મુદ્દાઓ પર સવાલો રજૂ કરાયા હતા, જેને ફગાવી દેવા અયોગ્ય છે: NEET-UG 2026 માટે અરજી ફી પરત કરવા બાબતે. સરકારની કામગીરી પ્રત્યે જનતામાં વધી રહેલા અવિશ્વાસ અંગે. દિલ્હીમાં CJP પ્રદર્શનકારીઓને પીવાનું પાણી અને સફાઈ જેવી પાયાની સુવિધાઓ ન આપવા મુદ્દે. વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ અને યુવાનો સાથે સરકારના સંવાદ અંગે. વિદ્યાર્થીઓનું કલ્યાણ, પેપર લીક અને શિક્ષણ વ્યવસ્થામાં સુધારા. શાંતિપૂર્ણ વિરોધના મૌલિક અધિકારનો ઉપયોગ કરતા નાગરિકો સાથેના વ્યવહાર બાબતે.

સૌરવ દાસે સરકારની મંશા પર



પ્રશ્નાર્થ કરતા પૂછ્યું કે જો આવા જનહિતના મુદ્દાઓ પર સંસદમાં ચર્ચા ન થઈ શકે, તો સરકારની જવાબદારી ક્યાં નક્કી થશે? શું લોકોએ જવાબ મેળવવા માટે રસ્તા પર જ ઉતરવું પડશે? તેમણે ગૃહમંત્રી અમિત શાહ પર સીધું નિશાન સાધતા સવાલ કર્યો કે પ્રદર્શનકારી વિદ્યાર્થીઓ પર થયેલી પોલીસ કાર્યવાહીના સંવેદનશીલ સમયગાળામાં તેમણે સંસદમાં આવીને સ્પષ્ટતા કેમ ન કરી. તેમણે ઉમેર્યું કે સંસદમાં સવાલ પૂછવાનો અધિકાર એ સંસદીય લોકશાહીનો આત્મા છે, સરકાર સંસદનું મોં બંધ કરીને તેને પોતાની નીતિઓ પર મ્હોર મારતી સંસ્થા બનાવી શકે નહીં.

આ અગાઉ સૌરવ દાસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વતંત્રતા દિવસના સંબોધનમાં 'દિમાગી નક્સલ' ના ઉલ્લેખને લઈને પણ આકરી પ્રતિક્રિયા આપી હતી. સીજેપી નેતાએ સ્પષ્ટ કર્યું કે માત્ર સરકારને સવાલ પૂછવાને કારણે ભણેલા-ગણેલા યુવાનોને નક્સલી કહી શકાય નહીં. તેમણે આક્ષેપ કર્યો કે આ સરકારનો અહંકાર છે અને યુવાનોની સમસ્યાઓ ઉકેલવામાં તેમની સંપૂર્ણ નિષ્ફળતા છે. અંતમાં તેમણે ચીમકી આપતા કહ્યું હતું કે હવે બદલાવની ઘંટી વાગી ચૂકી છે અને સરકાર માટે જાગવાનો સમય આવી ગયો છે.

## રાહુલ બોલ્યા-સરકાર વિરુદ્ધ ઊભા રહેનારાઓની પ્રશંસા થવી જોઈએ

### રાહુલે કહ્યું- વિદ્યાર્થીઓ સાથે ગેરવર્તન, ગાળા-ગાળી અને હિંસા થઈ, પ્રદર્શનકારીઓ સાથે વાતચીતનો વીડિયો શેર કર્યો

**નવી દિલ્હી, તા.16**

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ રવિવારે કહ્યું કે સરકારની હિંસા સામે મજબૂતીથી ઊભા રહેલા ભારતના યુવાનોનું સાહસ પ્રશંસનીય છે. તેમણે વધુમાં કહ્યું કે ભાજપના લોકોની ગેરવર્તણૂક, ગાળા-ગાળી અને હિંસાનો સામનો કરનારી વિદ્યાર્થિનીઓની પણ પ્રશંસા થવી જોઈએ. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પર વિદ્યાર્થીઓ સાથેની વાતચીતનો વીડિયો પણ શેર કર્યો. આ વિદ્યાર્થીઓએ ગયા મહિને પેપર લીકના મુદ્દે તત્કાલીન શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગણી સાથે પ્રદર્શન કર્યું હતું.



રાહુલ અને વિદ્યાર્થીઓ વચ્ચે આ વાતચીત 5 ઓગસ્ટે થઈ હતી, પરંતુ તેનો વીડિયો તેમણે આજે શેર કર્યો છે. રાહુલ ગાંધીએ 5 ઓગસ્ટે દિલ્હીમાં 10 જનપથ પર જંતર-મંતરના પ્રદર્શનકારીઓ સાથે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. તેમણે કહ્યું કે 20 જુલાઈએ થયેલા કોકરોચ પાર્ટીના પ્રદર્શન દરમિયાન વિદ્યાર્થીઓ પર લાઠી-પેલેટ ગનથી હુમલો કરવામાં આવ્યો હતો. રાહુલ પોતાની સાથે ચાર પ્રદર્શનકારી વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને મીડિયા સામે લાવ્યા હતા. એક વિદ્યાર્થિનીએ કહ્યું- ભારત માતા કી જય બોલવા પર અમને દેશદ્રોહી કહેવામાં આવ્યા. અમે શાંતિથી ચાલી રહ્યા હતા ત્યારે એક પોલીસ અધિકારીએ અમારી સાથે મારામારી કરી. દિલ્હીના જંતર-મંતર પર CJPએ 20 જૂનથી 25 જુલાઈ સુધી, સતત 36 દિવસ સુધી ધરણાં કર્યા હતા. આ દરમિયાન હજારો વિદ્યાર્થીઓ, વાલીઓ અને યુવાનો આંદોલનમાં જોડાયા હતા.

## વડાપ્રધાનના નિવેદન બાદ રાજકીય બબાલ

# "મગજના નક્સલીઓ" સમાજમાં અરાજકતા અને યુવાનોને ઉશ્કેરવાનો પ્રયાસ કરી રહ્યા છે

### આ નિવેદન પર કોંગ્રેસ, સીપીઆઈ, તૃણમૂલ કોંગ્રેસ સહિત વિવિધ વિપક્ષી પક્ષો તરફથી તીવ્ર પ્રતિક્રિયા મળી

**નવી દિલ્હી, તા.16**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લાલ કિલ્લા પરથી (૧૫ ઓગસ્ટ, ૨૦૨૬) ૮૦મા સ્વતંત્રતા દિવસના ભાષણમાં 'માઈન્ડફુલ નક્સલીઓ' શબ્દનો ઉપયોગ કર્યો હતો, જેનાથી દેશના રાજકારણમાં એક નવો વિવાદ ઉભો થયો છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે જ્યારે દેશમાં સશસ્ત્ર નક્સલવાદ લુપ્ત થવાના આરે છે, ત્યારે બીજી તરફ, 'મગજના નક્સલીઓ' સમાજમાં અરાજકતા ફેલાવવાનો અને યુવાનોને ઉશ્કેરવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ નિવેદન પર કોંગ્રેસ, સીપીઆઈ, તૃણમૂલ કોંગ્રેસ અને કોકરોચ જનતા પાર્ટી (CJP) સહિત વિવિધ વિપક્ષી પક્ષો તરફથી તીવ્ર પ્રતિક્રિયાઓ મળી છે.



વૈચારિક વિરોધીઓને નિશાન બનાવતા પ્રધાનમંત્રીએ પોતાના સંબોધનમાં કહ્યું કે, 'સુરક્ષા દળોએ જંગલોમાં કાર્યરત બંદૂકધારી માઓવાદી બળવાખોરીનો લગભગ નાશ કરી દીધો છે.' તેમણે વધુમાં કહ્યું કે, પરંતુ નક્સલવાદી વિચારધારા ધરાવતા લોકો હવે મગજના નક્સલી તરીકે ઓળખાવીને દેશને ગેરમાર્ગે દોરવા અને યુવાનોને ગેરમાર્ગે દોરવાની તકો શોધી રહ્યા છે.'

પીએમે કહ્યું કે માઓવાદી વિચારધારા દાયકાઓથી સત્તા અને સલાહકાર સમિતિઓના કોરિડોરમાં ઘૂસી ગઈ છે, જે સરકારી નીતિઓને પ્રભાવિત કરી રહી છે. 'આપણે આ દિમાગી નક્સલીઓને અલગ કરવા જોઈએ. વડાપ્રધાનનું નિવેદન સામે આવતાની સાથે જ, વિપક્ષી પક્ષોએ તેમના પર રાજકીય વિરોધીઓ અને ટીકાકારોને નિશાન બનાવવા માટે સ્વતંત્રતા દિવસ જેવા રાષ્ટ્રીય તહેવારનો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યું કે, પહેલા તેમણે તેમના વિરોધીઓને શહેરી નક્સલી કહ્યા, હવે તેઓ તેમને માનસિક નક્સલી કહી રહ્યા છે. આ તેમની હતાશાનો સ્પષ્ટ સંકેત છે.




# અમદાવાદના રાણીપમાં તીક્ષ્ણ હથિયારોના ઘા ઝીંકી યુવકની હત્યા, જૂની અદાવતમાં ખેલાયો લોહિયાળ ખેલ

**અમદાવાદ, તા.16**

અમદાવાદના રાણીપ વિસ્તારમાં 15મી ઓગસ્ટની મોડી રાત્રે યુવકની જાહેરમાં હત્યા કરાયાની ઘટના સામે આવી હતી. RTO ચાર રસ્તા નજીક 37 વર્ષીય અજય સાલ્વી નામના યુવક પર વિશાલ ચૌહાણ અને તેના 8થી 10 જેટલા સાગરીતોએ તલવાર અને ધારિયા જેવા તીક્ષ્ણ હથિયારો સાથે અચાનક હુમલો કરી દીધો હતો. હુમલાખોરોએ અજયની પીઠમાં 15થી વધુ ઊંડા ઘા ઝીંકી દીધા હતા, જેના કારણે તેના પેટના આંતરડા પણ બહાર આવી ગયા હતા. ગંભીર રીતે ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ સારવાર પહેલાં જ તેનું મોત નીપજ્યું હતું.



મળતી માહિતી અનુસાર, આ હત્યા પાછળ જૂની અદાવત હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. થોડા સમય પૂર્વે આરોપીઓ અને મદ્રાસી સમાજના કેટલાક લોકો વચ્ચે કોઈ બાબતે ઝઘડો થયો હતો. આ વિવાદમાં મૃતક અજયે વચ્ચે પડીને મદ્રાસી સમાજના લોકોનો પક્ષ લીધો હતો અને આરોપીઓનો વિરોધ કર્યો હતો. આ જ બાબતની અદાવત રાખીને આરોપીઓ અજયને પતાવી દેવાની તલાશમાં હતા. ગઈકાલે રાત્રે મોકો મળતાં જ હથિયારોથી ટોળાએ યુવકને આંતરીને તેના પર જીવલેણ હુમલો કર્યો હતો અને ત્યારબાદ તમામ આરોપીઓ ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા.

આ મામલે એસીપી (ACP) દ્વારા ઘટના અંગેની વિગતવાર માહિતી આપતાં જૂની અદાવત અને પેરોલ/જામીન પર છૂટેલા રીઢા ગુનેગારની સંડોવણી હોવાનો ઘટસ્ફોટ કરાયો છે.

એસીપીના જણાવ્યા અનુસાર, મૃતક રણછોડ ઉર્ફે અજય રાજુ સાલ્વી સુભાષબ્રિજ સર્કલ પાસે ચા પીવા ઊભો હતા. આ દરમિયાન રાજસ્થાન પાસિંગની પીકઅપ ડાલામાં આવેલા 5 થી 7 શખસોએ અચાનક આવીને અજય પર ધારિયા, તલવાર અને છરી વડે પીઠ, પેટ અને ગરદન પર સખત ઘા ઝીંકી દીધા હતા. ગંભીર રીતે ઘવાયેલા અજયને તેના કૌટુંબિક ભાઈ ભારત લક્ષ્મણ સાલ્વી 108 એમ્બ્યુલન્સ મારફતે તાત્કાલિક હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

ભારત સાલ્વીની ફરિયાદના આધારે પોલીસે મુખ્ય આરોપી તરીકે વિશાલ પરસોત્તમ ચૌહાણ અને તેના સાગરીતો સામે ગુનો નોંધ્યો છે. મુખ્ય આરોપી વિશાલ એક રીઢો ગુનેગાર છે, જેને વર્ષ 2022માં હત્યા કેસમાં આજીવન કેદની સજા થઈ હતી. તે સપ્ટેમ્બર 2023માં જામીન પર બહાર આવ્યો હતો અને છેલ્લે 2025ના એક ગુનામાં જેલમુક્ત થયો હતો.

હત્યા પાછળના મુખ્ય કારણો અને જૂની દુશ્મનાવટ અંગે વિગતો આપતાં એસીપીએ જણાવ્યું હતું કે, અગાઉ ભદ્રેશ શર્મા અને એક મદ્રાસી છોકરા વચ્ચે વિવાદ થયો હતો, જેમાં મૃતક અજય સાલ્વીએ મદ્રાસી પક્ષનો સાથ આપતાં આરોપીઓ સાથે વેર બંધાયું હતું. હત્યાના 3-4 દિવસ પહેલાં અંકિત અને પાર્થ ઉર્ફે પાવડરે મૃતકના ભાઈ સાથે સુભાષબ્રિજ પાસે ચા પીતી વખતે મારપીટ કરી હતી. અજય સાલ્વીએ પાર્થ પાવડરને ફોન કરતાં ઉગ્ર બોલાચાલી થઈ હતી અને જાનથી મારી નાખવાની ધમકી અપાઈ હતી.

આશરે એક વર્ષ પહેલાં રાણીપ પોલીસ સ્ટેશન વિસ્તારના એક હત્યા કેસના ઠાકોર સમાજના આરોપીઓને અંકિતે જામીન પર મુક્ત કરાવવામાં મદદ કરી હોવાથી પણ બંને પક્ષો વચ્ચે જૂનું વેર ચાલતું હતું.

મૃતક અજય સાલ્વીને મોડી રાત્રે ફોન પર બાતમી મળી હતી કે એક ટેમ્પોમાં શંકાસ્પદ લોકો તેમની રેકી કરી રહ્યા છે. આથી પરિસ્થિતિ તપાસવા તે સુભાષબ્રિજ સર્કલ પાસે ઊભા રહ્યા હતા ત્યારે જ અગાઉથી તક જોઈને બેઠેલા હુમલાખોરોએ પાછળથી ઘાતકી હુમલો કરી દીધો હતો. હાલમાં પોલીસે ઘટનાસ્થળના સીસીટીવી ફૂટેજ મેળવી, આસપાસના વિસ્તારોમાં નાકાબંધી કરીને તમામ ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે અલગ-અલગ ટીમો બનાવી સઘન શોધખોળ હાથ ધરી છે.

# સરખેજમાં બિલ્ડરે વેપારીનો ફ્લેટ અન્ય વ્યક્તિને વેચી દીધો: રેતીના રૂ.17.50 લાખના બાકી નાણાંની માગણી કરતા ફ્લેટનો એલોટમેન્ટ લેટર આપ્યો હતો

**અમદાવાદ, તા.16**

અમદાવાદના સરખેજ વિસ્તારમાં બાંધકામ ક્ષેત્ર સાથે જોડાયેલી એક મોટી છેતરપિંડીની ઘટના સામે આવી છે. જેમાં રેતીના વેપારીના બાકી નીકળતા રૂ. ૧૭.૫૦ લાખ ચૂકવવાને બદલે બિલ્ડરે વિશ્વાસઘાત કરીને ફ્લેટનો એલોટમેન્ટ લેટર આપ્યા બાદ તે જ ફ્લેટ અન્ય વ્યક્તિને વેચી દીધો હતો. આ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થતાં ભોગ બનનાર વેપારીએ બિલ્ડર સામે સરખેજ પોલીસ સ્ટેશનમાં વિશ્વાસઘાત અને છેતરપિંડી અંગેની સત્તાવાર ફરિયાદ નોંધાવી છે, જેના આધારે પોલીસે આગળની કાનૂની તપાસ હાથ ધરી છે.




બનાવની વિગત અનુસાર જુહાપુરા વિસ્તારમાં રહેતા મોહંમદ ઉસામા શેખ પોતાના ભાઈ સાથે ભાગીદારીમાં એમ.એમ. શેખ નામે રેતીનો વેપાર કરે છે. થોડા સમય અગાઉ સરખેજના અંબર ટાવર પાસે ચાલી રહેલી એક કન્સ્ટ્રક્શન સાઈટ પર તેમને બિલ્ડર ઝકીયુદ્દીન રંગુની સાથે પરિચય થયો હતો. બિલ્ડરની વાત પર વિશ્વાસ મૂકીને વેપારી ભાઈઓએ તેમની નવી બની રહેલી સાઈટ પર મોટા પ્રમાણમાં રેતીનો સામાન ઉધાર પૂરો પાડવાનું શરૂ કર્યું હતું. સમય જતાં જ્યારે હિસાબ કરવામાં આવ્યો ત્યારે ફરિયાદી અને તેમના ભાઈના મળીને બિલ્ડર પાસે આશરે રૂ. ૩૫ લાખ લેવાના નીકળ્યા હતા, જેમાં ફરિયાદી મોહંમદ ઉસામાના હિસ્સાના રૂ. ૧૭.૫૦ લાખ બાકી લેણાં નીકળતા હતા.

જ્યારે વેપારી ભાઈઓએ પોતાની મહેનતના બાકી નીકળતા નાણાંની વારંવાર માગણી કરી, ત્યારે બિલ્ડર ઝકીયુદ્દીન રંગુનીએ રોકડ રકમ આપવાને બદલે બંને ભાઈઓના સંયુક્ત નામે પોતાની સ્કીમમાં એક ફ્લેટનો એલોટમેન્ટ લેટર બનાવી આપ્યો હતો. તે સમયે ફ્લેટની કુલ કિંમત રૂ. ૩૩ લાખ નક્કી કરવામાં આવી હતી અને બાકીના રૂ. ૫ લાખ પાછળથી ચૂકવી આપવાની વાત થઈ હતી. જોકે, એલોટમેન્ટ લેટર આપ્યા બાદ પણ બિલ્ડર દ્વારા લાંબા સમય સુધી વાયદાઓ જ કરવામાં આવ્યા હતા અને ફ્લેટનો વાસ્તવિક કબજો કે બાકી રકમ આપવામાં આવી નહોતી. બિલ્ડરની શંકાસ્પદ નીતિના કારણે વેપારીએ જ્યારે સાઈટ પર જઈને આંતરિક તપાસ કરી, ત્યારે તેમના પગ તળેથી જમીન ખસી ગઈ હતી. બિલ્ડરે વેપારીની મંજૂરી કે જાણ વગર જ તે ફ્લેટ અન્ય એક અજાણી વ્યક્તિને વેચી દીધો હોવાનું સામે આવ્યું હતું. પોતાની સાથે ભારે વિશ્વાસઘાત થયો હોવાનું જણાતાં મોહંમદ ઉસામા શેખે સરખેજ પોલીસ સ્ટેશન પહોંચીને બિલ્ડર ઝકીયુદ્દીન રંગુની સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

# વિશ્વાસનો ફાયદો ઉઠાવી કરોડો ચાઉં કરી લીધા

## બિલ્ડરે એકાઉન્ટન્ટને સહી કરેલી કોરી ચેકબુકો આપી, 16 મહિનામાં 1.23 કરોડ બીજાના ખાતામાં ટ્રાન્સફર કરી દીધા

**અમદાવાદ, તા.16**

અમદાવાદ શહેરના સીટીએમ વિસ્તારમાં આવેલી એક જાણીતી કન્સ્ટ્રક્શન કંપનીમાં છેલ્લા એક દાયકાથી સેવા આપતા એકાઉન્ટન્ટે બિલ્ડરના અંધ વિશ્વાસનો ગેરફાયદો ઉઠાવીને રૂ. ૧.૨૩ કરોડની માતબર રકમની છેતરપિંડી આચરી હોવાનો એક ગંભીર કિસ્સો સામે આવ્યો છે. આરોપી એકાઉન્ટન્ટે માલિકની સહી કરેલી કોરી ચેકબુકમાંથી પોતાના અંગત મળતિયાઓ અને પરિચિતોના ખાતામાં નાણાં ટ્રાન્સફર કરી લીધા હતા અને કંપનીના સોફ્ટવેરમાં આ તમામ વ્યવહારો મજૂરી કામના ચૂકવણા એટલે કે લેબર ચાર્જ તરીકે દર્શાવીને મોટું કૌભાંડ આચર્યું હતું. તાજેતરમાં કંપનીના વાર્ષિક ઓડિટ દરમિયાન આ સમગ્ર ગેરરીતિનો ભાંડો ફૂટતાં બિલ્ડરે ખોખરા પોલીસ સ્ટેશનમાં વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.




ઘટનાની વિગત અનુસાર, અમદાવાદના ઘોડાસર વિસ્તારમાં રહેતા શરદ પટેલ સીટીએમ ખાતે આવેલા અનમોલ આંગન કોમ્પ્લેક્સમાં 'મહાદેવ કન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ' અને 'ઓમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર' નામે કન્સ્ટ્રક્શનનો વ્યવસાય ચલાવે છે. તેમની આ કંપનીમાં મણિનગર વિસ્તારનો નિવાસી માર્મિક પંડ્યા છેલ્લા દસ વર્ષથી એકાઉન્ટન્ટ તરીકે નિષ્ઠાપૂર્વક નોકરી કરતો હતો. લાંબા સમયના સાનિધ્યના કારણે બિલ્ડર શરદ પટેલે તેના પર પૂર્ણ વિશ્વાસ મૂક્યો હતો અને વ્યવસાયિક ચૂકવણાઓ સરળતાથી થઈ શકે તે હેતુથી પોતાની સહી કરેલી કોરી ચેકબુક પણ એકાઉન્ટન્ટની પાસે જ રાખવા આપી હતી.

આ વિશ્વાસનો દુરુપયોગ કરીને માર્મિક પંડ્યાએ ઓગસ્ટ ૨૦૨૪ થી લઈને નવેમ્બર ૨૦૨૫ સુધીના સમયગાળા દરમિયાન એક મોટું નાણાકીય કૌભાંડ રચ્યું હતું. તેણે સહી કરેલા કોરા ચેકોમાં પોતાની મરજી મુજબની મોટી રકમો ભરીને કંપની સાથે કોઈ લેવાદેવા ન ધરાવતા પોતાના અંગત પરિચિતો અને મળતિયાઓના વિવિધ બેંક ખાતાઓમાં જમા કરાવી દીધી હતી. આ કૌભાંડ પર પડદો પાડી રાખવા માટે તેણે ટેલી સોફ્ટવેરમાં આ તમામ બેંક ટ્રાન્સફરની ખોટી એન્ટ્રીઓ ઊભી કરી તેને મજૂરી ખર્ચ તરીકે દર્શાવી દીધી હતી.

આ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ ત્યારે થયો જ્યારે તાજેતરમાં કંપનીના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (CA) દ્વારા નિયમિત ઓડિટની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ઓડિટ દરમિયાન સીએ દ્વારા સોફ્ટવેરમાં દર્શાવેલા વિશાળ લેબર પેમેન્ટ સંબંધિત વાસ્તવિક બિલો અને વૌચરની માંગણી કરવામાં આવી હતી. એકાઉન્ટન્ટ ફાઈલમાં યોગ્ય બિલો રજૂ કરી શક્યો ન હોવાથી બેંક સ્ટેટમેન્ટની ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી હતી. જેમાં ટ્રાન્સફર થયેલી લાખો રૂપિયાની રકમ કંપની સાથે જોડાયેલા ન હોય તેવા અજાણ્યા વ્યક્તિઓના ખાતામાં ગઈ હોવાનું સ્પષ્ટ થઈ ગયું હતું.

આ રીતે આરોપી માર્મિક પંડ્યાએ કુલ રૂ. ૧.૨૩ કરોડની માતબર રકમ પોતાના સાગરીતોના ખાતામાં ટ્રાન્સફર કરાવીને બિલ્ડર સાથે ભારે વિશ્વાસઘાત કર્યો હોવાનું સામે આવ્યું હતું. આ અંગે બિલ્ડર શરદ પટેલે તાત્કાલિક ખોખરા પોલીસ સ્ટેશન પહોંચીને પોતાના પૂર્વ એકાઉન્ટન્ટ સામે કાયદેસરની ફરિયાદ નોંધાવી હતી. ખોખરા પોલીસે આ મામલે ગુનો નોંધીને આરોપી સામે ધરપકડ સહિતની આગળની કાયદાકીય કાર્યવાહી હાથ ધરી છે. ઘટનાની વિગત અનુસાર, અમદાવાદના ઘોડાસર વિસ્તારમાં રહેતા શરદ પટેલ સીટીએમ ખાતે આવેલા અનમોલ આંગન કોમ્પ્લેક્સમાં 'મહાદેવ કન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ' અને 'ઓમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર' નામે કન્સ્ટ્રક્શનનો વ્યવસાય ચલાવે છે. તેમની આ કંપનીમાં મણિનગર વિસ્તારનો નિવાસી માર્મિક પંડ્યા છેલ્લા દસ વર્ષથી એકાઉન્ટન્ટ તરીકે નિષ્ઠાપૂર્વક નોકરી કરતો હતો. લાંબા સમયના સાનિધ્યના કારણે બિલ્ડર શરદ પટેલે તેના પર પૂર્ણ વિશ્વાસ મૂક્યો હતો અને વ્યવસાયિક ચૂકવણાઓ સરળતાથી થઈ શકે તે હેતુથી પોતાની સહી કરેલી કોરી ચેકબુક પણ એકાઉન્ટન્ટની પાસે જ રાખવા આપી હતી.

# બોસનો ફોટો ડીપીમાં મૂકી વોટ્સએપ મેસેજ કરી ₹30 લાખ પડાવ્યા: પાલડીની કંપનીના એકાઉન્ટન્ટ સાથે સાયબર ઠગાઈ

**અમદાવાદ, તા.16**

અમદાવાદ શહેરના પોશ ગણાતા પાલડી વિસ્તારમાં આવેલી એક ખાનગી કંપનીના એકાઉન્ટન્ટને નિશાન બનાવીને સાયબર ગઠિયાઓએ લાખો રૂપિયાની ઠગાઈ આચરી હોવાનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. સાયબર ભઠિયાઓએ કંપનીના માલિક એટલે કે બોસનો ફોટો વોટ્સએપના ડિસ્પ્લે પ્રોફાઈલ (ડીપી) માં મૂકીને એકાઉન્ટન્ટને મેસેજ કર્યા હતા. તેઓએ બોસ હોવાનો બહરૂપીયા તરીકે કૌશલ્યપૂર્વક નાટક કરીને અને મીટિંગનું બહાનું બતાવીને એકાઉન્ટન્ટ પાસેથી રૂપિયા ૩૦ લાખ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધા હતા. આ સમગ્ર કૌભાંડ અંગે જાણ થતાં જ ભોગ બનનાર એકાઉન્ટન્ટે સાયબર ક્રાઈમ પોલીસ મથકે પહોંચીને વિગતે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધીને આગળની સઘન તપાસ શરૂ કરી છે. ઘટનાની વિગતો અનુસાર ગાંધીનગર ખાતે રહેતા અને પાલડી સ્થિત ખાનગી કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવતા નિકુંજ ગાંધી નામના યુવકને સવારના સમયે એક અજાણ્યા નંબર પરથી વોટ્સએપ પર મેસેજ આવ્યો હતો. આ અજાણ્યા નંબરના ડીપીમાં નિકુંજભાઈની કંપનીના બોસ વિનોદભાઈનો ફોટો મૂકાયેલો હતો. સાયબર ગઠિયાએ વિનોદભાઈ બનીને મેસેજમાં જણાવ્યું હતું કે તેઓ હાલમાં એક અતિ મહત્વની મીટિંગમાં વ્યસ્ત હોવાથી કોલ કરી શકે તેમ નથી, પરંતુ એક કમર્શિયલ પાર્ટીને તાત્કાલિક ધોરણે નાણાં ચૂકવવાના હોવાથી પેમેન્ટ કરવું જરૂરી છે. ત્યારબાદ ઠગે એકાઉન્ટન્ટ પાસેથી કંપનીના બેન્ક ખાતાની દૈનિક ઓનલાઈન ટ્રાન્સફર લિમિટ અંગેની જાણકારી મેળવી હતી. નિકુંજભાઈએ રૂપિયા ૩૦ લાખની લિમિટ હોવાનું જણાવતાં જ ગઠિયાએ વિશ્વાસમાં લઈને તે તમામ રૂપિયા ૩૦ લાખ પોતાના બતાવેલા બેન્ક ખાતામાં તાત્કાલિક ટ્રાન્સફર કરાવી લીધા હતા.




રૂપિયા ૩૦ લાખનો મોટો વ્યવહાર પૂરો થયા બાદ પણ ગઠિયાની દાનત ધરાઈ નહોતી અને તેણે વોટ્સએપ મેસેજ કરીને વધુ રૂપિયા ૨૦ લાખ ટ્રાન્સફર કરવાની માંગણી કરી હતી. નિકુંજભાઈ પાસે વધારાના નાણાં ઓનલાઈન મોકલવાની મર્યાદા પૂરી થઈ ગઈ હોવાથી તેઓ ચેક પર બોસની સહી કરાવવા માટે રૂબરૂ વિનોદભાઈ પાસે પહોંચ્યા હતા. ત્યાં પહોંચીને જ્યારે નિકુંજભાઈએ પેમેન્ટ અને ચેક અંગે વાત કરી ત્યારે વિનોદભાઈએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે તેમણે આવો કોઈ મેસેજ કર્યો નથી કે કોઈ પેમેન્ટ મોકલવાની સૂચના આપી નથી. આ સાંભળતાં જ એકાઉન્ટન્ટના પગ તળેથી જમીન ખસી ગઈ હતી. તેમણે તાત્કાલિક પોતાની બેન્કમાં સંપર્ક કરીને તપાસ કરાવતાં તેઓ સાયબર ફ્રોડનો ભોગ બન્યા હોવાની ખાતરી થઈ ગઈ હતી. આ અંગે સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધીને જે ખાતામાં રકમ ટ્રાન્સફર થઈ છે તેના સીસીટીવી અને આઈપી એડ્રેસના આધારે આરોપીઓને ઝડપી પાડવા માટે આગળની તપાસ હાથ ધરી છે. ઘટનાની વિગતો અનુસાર ગાંધીનગર ખાતે રહેતા અને પાલડી સ્થિત ખાનગી કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવતા નિકુંજ ગાંધી નામના યુવકને સવારના સમયે એક અજાણ્યા નંબર પરથી વોટ્સએપ પર મેસેજ આવ્યો હતો. આ અજાણ્યા નંબરના ડીપીમાં નિકુંજભાઈની કંપનીના બોસ વિનોદભાઈનો ફોટો મૂકાયેલો હતો. સાયબર ગઠિયાએ વિનોદભાઈ બનીને મેસેજમાં જણાવ્યું હતું કે તેઓ હાલમાં એક અતિ મહત્વની મીટિંગમાં વ્યસ્ત હોવાથી કોલ કરી શકે તેમ નથી, પરંતુ એક કમર્શિયલ પાર્ટીને તાત્કાલિક ધોરણે નાણાં ચૂકવવાના હોવાથી પેમેન્ટ કરવું જરૂરી છે. ત્યારબાદ ઠગે એકાઉન્ટન્ટ પાસેથી કંપનીના બેન્ક ખાતાની દૈનિક ઓનલાઈન ટ્રાન્સફર લિમિટ અંગેની જાણકારી મેળવી હતી. નિકુંજભાઈએ રૂપિયા ૩૦ લાખની લિમિટ હોવાનું જણાવતાં જ ગઠિયાએ વિશ્વાસમાં લઈને તે તમામ રૂપિયા ૩૦ લાખ પોતાના બતાવેલા બેન્ક ખાતામાં તાત્કાલિક ટ્રાન્સફર કરાવી લીધા હતા.

# મણિનગરમાં સાયબર ફ્રોડ માટે બેન્ક એકાઉન્ટ ભાડે આપવાનો ખેલ: યુવક સહિત 2 સામે ફરિયાદ

## વિવિધ રાજ્યની ફ્રોડની 20 ફરિયાદના 71.35 લાખ રુપિયા એકાઉન્ટમાં જમા થયા

**અમદાવાદ, તા.16**

અમદાવાદ શહેરના મણિનગર વિસ્તારમાં સાયબર ક્રાઈમ અને મની લોન્ડરિંગ સાથે જોડાયેલો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જેમાં મણિનગર પોલીસે કમિશનની લાલચમાં આવીને સાયબર ઠગોને પોતાનું બેન્ક એકાઉન્ટ ભાડે આપનાર યુવક તેમજ તેના સાગરીત મિત્ર સામે કાયદેસરનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. તપાસ દરમિયાન એવો ભયાનક ઘટસ્ફોટ થયો છે કે આ એક જ બેન્ક એકાઉન્ટમાં દેશભરના વિવિધ રાજ્યોમાંથી આચરવામાં આવેલા સાયબર ફ્રોડના કુલ ૭૧.૩૫ લાખ રૂપિયા જમા કરાવવામાં આવ્યા હતા. દેશવ્યાપી ઠગાઈ માટે મ્યુલ એકાઉન્ટ પૂરૂં પાડવાના આ સમગ્ર ખેલનો પર્દાફાશ થતાં જ સ્થાનિક પોલીસ સહિત સાયબર સેલની ટીમ હરકતમાં આવી ગઈ છે.



બનાવની વિગત અનુસાર મણિનગર ખાતે રહેતા હરપાલસિંઘ સરદારજી નામના યુવકે સહેલાઈથી પૈસા કમાવાની અને કમિશન મેળવવાની લાલચમાં આવીને વર્ષ ૨૦૨૪ દરમિયાન પોતાનું સત્તાવાર બેન્ક એકાઉન્ટ સાયબર ગુનેગારોને ભાડે આપી દીધું હતું. તેણે પોતાના બેન્ક ખાતાની એટીએમ કિટ, પાસબુક, સહી કરેલી ચેકબુક અને ઓનલાઈન બેન્કિંગના ક્રેડેન્શિયલ્સ પોતાના મિત્ર ધર્મેન્દ્રસિંહ રાજપૂત મારફતે મુખ્ય સાયબર ગઠિયાઓને સોંપી દીધા હતા. આ ખાતામાં થતા ટ્રાન્ઝેક્શન અને ગેરકાયદે નાણાકીય હેરફેરના બદલામાં હરપાલસિંઘને ચોક્કસ દરે કમિશનની રકમ ચૂકવવામાં આવતી હતી. પોલીસ અને સાયબર એજન્સીઓની ઊંડાણપૂર્વકની તપાસમાં સામે આવ્યું છે કે આ ભાડાના એકાઉન્ટનો ઉપયોગ દેશના અલગ-અલગ ખૂણેથી લોકો સાથે છેતરપિંડી કરીને પડાવેલા નાણાં જમા કરાવવા માટે કરવામાં આવતો હતો. દેશના તમિલનાડુ, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, દિલ્હી, ઉત્તરપ્રદેશ અને કર્ણાટક જેવા અનેક રાજ્યોમાંથી સાયબર હેલ્પલાઈન અને સ્થાનિક પોલીસ મથકોમાં આ જ ખાતા નંબર સામે કુલ ૨૦ જેટલી ગંભીર ફરિયાદો નોંધાયેલી જોવા મળી હતી. વિવિધ રાજ્યોના ભોગ બનેલા નાગરિકો પાસેથી ઠગાયેલા કુલ ૭૧.૩૫ લાખ રૂપિયા આ ખાતામાં ટ્રાન્સફર થયા હોવાનું સ્પષ્ટ થતાં જ મણિનગર પોલીસે હરપાલસિંઘ અને તેના મિત્ર ધર્મેન્દ્રસિંહ સામે આકરા કાયદાકીય પગલાં ભરીને બંનેની ધરપકડ કરવાની દિશામાં ચક્ર ગતિમાન કર્યા છે.

# નવસારી, વલસાડ અને ડાંગમાં ધીમીધારે વરસાદ: દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી, યલો એલર્ટ જારી, રાજ્યમાં ગરમીનો પારો ઊંચકાયો

**અમદાવાદ, તા.16**

છેલ્લા 24 કલાકમાં રાજ્યના 103 તાલુકામાં વરસાદ નોંધાયો છે, જેમાં સૌથી વધુ ખેડા અને માતરમાં 1-1 ઈંચ વરસાદ પડ્યો. ગઈકાલે સાંજના અમદાવાદના વાતાવરણમાં પલટો આવ્યો હતો અને શહેરના એસજી હાઈવે, ગોતા, ચાંદલોડિયા, થલતેજ સહિતના વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતો. બીજી તરફ, મોટા ભાગના શહેરોના તાપમાનમાં 2.5C સુધીનો વધારો જોવા મળ્યો છે. અમદાવાદ ફરી એકવાર સૌથી ગરમ શહેર રહ્યું.



સવારના 6થી બપોરના 12 વાગ્યા સુધીમાં 62 તાલુકામાં 13 મિમી સુધીનો વરસાદ નોંધાયો છે. દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં સારો વરસાદી માહોલ છે. દક્ષિણ ગુજરાતના છુટાછવાયા જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી સાથે યલો એલર્ટ આપવામાં આવ્યું છે. હવામાન વિભાગ દ્વારા આજે અને આવતીકાલે (17 ઓગસ્ટ) દરિયાકાંઠાના વિસ્તારોમાં પવન અને વરસાદની સ્થિતિને ધ્યાનમાં રાખીને માછીમારોને દરિયો ન ખેડવા અને સાવચેતી રાખવા અપીલ કરાઈ છે.

5 ઓગસ્ટના ગુજરાતના મોટાભાગના શહેરોમાં તાપમાનનો પારો ઊંચકાયો છે. 14 ઓગસ્ટે 28.6C સાથે સૌથી ઓછું તાપમાન ધરાવતા સુરતમાં 15 ઓગસ્ટે 2.1Cનો ઉછાળો આવીને તાપમાન 30.7C થયું હતું, જ્યારે દમણમાં સૌથી વધુ 2Cનો વધારો (29.6Cથી વધીને 31.6C) નોંધાયો હતો. આ ઉપરાંત સુરેન્દ્રનગરમાં 2.5C (31Cથી વધીને 33.5C), અમદાવાદમાં 1.8C (31.9Cથી વધીને 33.7C), રાજકોટમાં 1.5C (31.3Cથી વધીને 32.8C) અને ભાવનગરમાં 1.4C (31.8Cથી વધીને 33.2C)નો મોટો વધારો જોવા મળ્યો હતો.

14 ઓગસ્ટે 32.6C સાથે પોરબંદર રાજ્યનું સૌથી ગરમ શહેર હતું, જ્યારે 15 ઓગસ્ટે 33.7C તાપમાન સાથે અમદાવાદ સમગ્ર રાજ્યમાં સૌથી ગરમ શહેર બન્યું. બીજી તરફ, વડોદરામાં તાપમાન 30.8C પર બિલકુલ સ્થિર રહ્યું હતું, જ્યારે ડીસામાં 0.4C (30.7Cથી ઘટીને 30.3C)નો ઘટાડો નોંધાયો હતો. ઓવરઓલ રીતે 15 ઓગસ્ટે 30.2C તાપમાન સાથે દ્વારકા રાજ્યનું સૌથી ઓછું મહત્તમ તાપમાન ધરાવતું શહેર રહ્યું હતું અને મોટાભાગના શહેરોમાં 1Cથી 2.5C સુધીનો તાપમાનમાં વધારો જોવા મળ્યો હતો.

સાર્વત્રિક વરસાદના કારણે રાજ્યના જળાશયોમાં પાણીનો સંગ્રહ સતત વધી રહ્યો છે. ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજનાના સરદાર સરોવર ડેમમાં હાલ 87.40% (2,91,970 mcft) જેટલો જળસંગ્રહ થઈ ચૂક્યો છે અને તેમાં 39,163 ક્યુસેક પાણીની આવક સામે 9,611 ક્યુસેક પાણી નદીમાં છોડવામાં આવી રહ્યું છે. રાજ્યના અન્ય 206 મુખ્ય જળાશયોમાં તેમની કુલ ક્ષમતાના 65.53% (3,65,566 mcft) પાણીનો સંગ્રહ થયો છે. હાલમાં રાજ્યના 26 ડેમ 100% ભરાઈને સંપૂર્ણ ઓવરફ્લો થયા છે, જ્યારે પાણીની આવક વધતાં 41 ડેમ 'હાઈ એલર્ટ', 04 ડેમ 'એલર્ટ' અને 12 ડેમ 'વોર્નિંગ' સિગ્નલ હેઠળ મૂકવામાં આવ્યા છે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ કહ્યું હતું કે, રાજ્યમાં આગામી 7 દિવસ માટે સામાન્ય વરસાદની આગાહી છે. હાલમાં લો પ્રેશર, સાયક્લોનિક સર્ક્યુલેશન, શિયર ઝોન અને મોન્સૂન ટ્રફ જેવી વિવિધ હવામાન સિસ્ટમ સક્રિય હોવાના કારણે વરસાદી માહોલ જળવાઈ રહેશે. દરિયાઈ ક્ષેત્રે પવનની ગતિ અને ખરાબ હવામાનને ધ્યાનમાં રાખીને માછીમારોને આગામી 2 દિવસ સુધી દરિયો ન ખેડવાની સૂચના છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં સિઝનનો સામાન્ય કરતાં 19% વધુ વરસાદ નોંધાઈ ચૂક્યો છે. જોકે, તેની સરખામણીએ સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં હજુ સુધી સામાન્ય કરતાં 25% ઓછો વરસાદ નોંધાયો છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# અફઘાનિસ્તાનમાં તાલિબાન સરકારના 5 વર્ષ પૂરા

## મહિલાઓની આઝાદી છીનવી, પ્રેસ પર પાબંદીઓ વધી, લોકો પર કોરડા વરસાવવામાં આવ્યા

**કાબુલ, તા.16**

તાલિબાને કાબુલ પર કબજો કર્યાના આજે પાંચ વર્ષ પૂરા થયા છે. પાંચ વર્ષમાં અફઘાનિસ્તાનની તસવીર સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે. તાલિબાને સમગ્ર દેશ પર પોતાનો નિયંત્રણ મજબૂત કર્યો અને અર્થતંત્રમાં થોડો સુધારો આવ્યો. પરંતુ બીજી તરફ મહિલાઓના અધિકારો પર કડક પ્રતિબંધો લાગ્યા, પ્રેસની આઝાદી ઘટી અને શારીરિક સજાઓ ફરી સામાન્ય બની ગઈ. હ્યુમન રાઈટ્સ વોચના રિપોર્ટ અનુસાર, ઓગસ્ટ 2021 થી નવેમ્બર 2022 વચ્ચે અદાલતોએ ઓછામાં ઓછા 18 કેસોમાં શારીરિક સજાનો આદેશ આપ્યો. આમાંથી મોટાભાગના કેસો તથાકથિત નૈતિક ગુનાઓ સાથે સંકળાયેલા હતા. ડિસેમ્બર 2022માં પરવાન પ્રાંતના એક સ્ટેડિયમમાં ભીડ સામે 27 લોકોને જાહેરમાં કોરડા મારવામાં આવ્યા. તાલિબાન પહેલાની અફઘાન સરકારોના સમયમાં પણ શારીરિક સજા અસ્તિત્વમાં હતી, પરંતુ તાલિબાનના શાસનમાં તેને ખુલ્લેઆમ અને નિયમિતપણે લાગુ કરવામાં આવતી હતી.

અફઘાનિસ્તાનમાં 15 ઓગસ્ટ 2021ના રોજ તાલિબાને કાબુલ પર કબજો કરી લીધો. થોડા જ કલાકોમાં અફઘાન સરકારનું પતન થયું. કોમર્શિયલ ફ્લાઈટ્સ રદ થઈ



ગઈ અને હજારો લોકો દેશ છોડવા માટે કાબુલ એરપોર્ટ પહોંચી ગયા.

તાલિબાને તે સમયે મહિલાઓના અધિકારો જાળવી રાખવા અને અમેરિકા તથા અગાઉની અફઘાન સરકાર સાથે કામ કરનારાઓને માફી આપવાનું વચન આપ્યું હતું. પ્રવક્તા સુહૈલ શાહીને કહ્યું હતું કે લોકોને પોતાની સંપત્તિ, જીવ કે સન્માનને લઈને કોઈ ખતરો રહેશે નહીં. પરંતુ આગામી પાંચ વર્ષમાં આ વચનોથી તદ્દન વિપરીત ચિત્ર જોવા મળ્યું.

અફઘાનિસ્તાન હવે દુનિયાનો એકમાત્ર એવો દેશ છે જ્યાં વિદ્યાર્થીનીઓને ઔપચારિક રીતે સેકન્ડરી સ્કૂલ અને યુનિવર્સિટીમાં ભણવાથી રોકી દેવામાં આવી છે. તાલિબાન સત્તામાં આવ્યા પછી મહિલાઓ પર પાબંદીઓ સતત વધતી ગઈ. નોકરી કરવા, અને સાર્વજનિક જગ્યાઓ પર જવાને લઈને પણ અનેક પ્રકારની પાબંદીઓ લગાવવામાં આવી.

UNના રિપોર્ટ મુજબ તાલિબાનના શાસનમાં અત્યાર સુધી મહિલાઓ વિરુદ્ધ 100થી વધુ ફરમાન જાહેર થયા છે. સર્વેમાં સામેલ 10માંથી 7 મહિલાઓએ પોતાની માનસિક સ્થિતિ ખરાબ કે ખૂબ ખરાબ જણાવી.

અડધાથી વધુ મહિલાઓએ કહ્યું કે તેઓ મહિનામાં ફક્ત એક કે બે વાર ઘરની બહાર નીકળે છે. લગભગ ત્રણ-ચતુર્થાંશ મહિલાઓએ કોઈ પુરુષ વિના ઘરની બહાર નીકળવામાં અસુરક્ષા અનુભવવાની વાત કહી. રિપોર્ટ મુજબ, અફઘાનિસ્તાનમાં ફક્ત 7% મહિલાઓ નોકરી કરી રહી છે, જ્યારે પુરુષોમાં આ આંકડો 84% છે. તાલિબાન શાસનમાં પત્રકારત્વ પણ ખરાબ રીતે પ્રભાવિત થયું છે. કમિટી ટુ પ્રોટેક્ટ જર્નાલિસ્ટ્સ એટલે કે CPJ એ અફઘાનિસ્તાનને પત્રકારો માટે વિશ્વના સૌથી ખતરનાક અને મુશ્કેલ સ્થળોમાં શામેલ કર્યું છે. 2021 પછી ઘણા અફઘાન પત્રકારો દેશ છોડી ચૂક્યા છે. 2024માં તાલિબાન અધિકારીઓએ લાઈવ રાજકીય ટીવી પ્રસારણ પર પ્રતિબંધ મૂક્યો. તાલિબાન નેતૃત્વની ટીકાને ગુનો બનાવવામાં આવ્યો. મીડિયા સંસ્થાઓને ઈન્ટરવ્યુ માટે મહેમાનો પસંદ કરવામાં પણ પાબંદીઓનો સામનો કરવો પડ્યો. તાલિબાને પોતાનું મીડિયા નેટવર્ક મજબૂત કર્યું. 2025 સુધીમાં તાલિબાનના નિયંત્રણમાં લગભગ 15 મોટા ટીવી અને રેડિયો સ્ટેશન, અખબારો અને ડિજિટલ મીડિયા સંસ્થાઓ હતી.

તાલિબાનના શાસન હેઠળ અફઘાનિસ્તાનની અર્થવ્યવસ્થા સંપૂર્ણપણે બરબાદ થઈ નથી. કેટલાક ક્ષેત્રોમાં સુધારાના સંકેતો મળ્યા છે. વર્લ્ડ બેંક અનુસાર, 2025માં અફઘાનિસ્તાનની વાસ્તવિક GDP 4.8% વધી. સરકારની ઘરેલું આવક પણ વધીને GDPના 19.8% થઈ ગઈ.

પરંતુ આ વૃદ્ધિનો લાભ સામાન્ય લોકો સુધી વ્યાપકપણે પહોંચ્યો નથી. માથાદીઠ આવક ઘટી છે અને મોંઘવારી વધી છે. દેશ હજુ પણ મોટા પાયે આયાત પર નિર્ભર છે. વીજળીની અછત, બેંકિંગ સુવિધાઓ સુધી મર્યાદિત પહોંચ, મોટો અનૌપચારિક રોકડ ક્ષેત્ર અને વિદેશી મદદમાં ઘટાડો પણ આર્થિક વિકાસ માટે મોટા પડકારો છે. તાલિબાન સત્તામાં આવ્યું ત્યારે અફઘાનિસ્તાન વિશ્વમાં અફીણનો સૌથી મોટો સ્ત્રોત હતો. UNODC અનુસાર, 2022માં વિશ્વનું લગભગ 80% અફીણ અફઘાનિસ્તાનમાંથી આવતું હતું. એપ્રિલ 2022માં તાલિબાને પોસ્તા (અફીણનો છોડ)ની ખેતી પર પ્રતિબંધ મૂક્યો. જેની સીધી અસર ખેતી પર પડી. UNODCના 2023ના સર્વે અનુસાર, પોસ્તાની ખેતીમાં 95%નો ઘટાડો થયો. તાલિબાન સરકારને અત્યાર સુધી માત્ર રશિયાએ જ ઔપચારિક રીતે માન્યતા આપી છે. જોકે, તાલિબાનનું કહેવું છે કે તે લગભગ 40 દેશોના સંપર્કમાં છે અને ઔપચારિક માન્યતા માટે જરૂરી શરતો પૂરી કરી ચૂક્યું છે.

ભારતે પણ તાલિબાન સરકારને ઔપચારિક માન્યતા આપ્યા વિના કાબુલ સાથેના તેના સંબંધો મજબૂત કર્યા છે. ઓક્ટોબર 2025માં તાલિબાનના વિદેશ મંત્રી અમીર ખાન મુત્તાકી ભારત આવ્યા હતા. તાલિબાન સરકારના કોઈ વરિષ્ઠ અધિકારીની આ ભારતની પ્રથમ મુલાકાત હતી. ચીન અને UAE એ પણ તાલિબાન દ્વારા નિયુક્ત રાજદૂતોને સ્વીકાર્યા છે, જોકે બંનેએ અત્યાર સુધી તાલિબાન સરકારને ઔપચારિક માન્યતા આપી નથી.

# ઈરાન સાથેના કરાર મામલે ખાડી દેશો ટ્રમ્પથી નારાજ: વાટાઘાટોનું પરિણામ ન આવતા સહયોગી દેશોની અકળામણ વધી

**વોશિંગ્ટન, તા.16**

ઈરાન સાથેના કરાર માટેના અમેરિકાના પ્રયાસોથી તેના કેટલાક ખાડી સહયોગીઓ નિરાશ છે. ધ વોશિંગ્ટન પોસ્ટના અહેવાલ મુજબ, આ દેશોને લાગી રહ્યું છે કે લાંબા સમયથી વાતચીત ચાલવા છતાં અમેરિકા અને ઈરાન વચ્ચે હજુ સુધી કોઈ પાક્કો કરાર થઈ શક્યો નથી.

જોકે, વ્હાઈટ હાઉસે ખાડી દેશોના ટ્રમ્પથી નારાજ હોવાના અહેવાલોને નકારી કાઢ્યા છે. એક અમેરિકી અધિકારીએ કહ્યું કે ટ્રમ્પના ખાડી દેશોના નેતાઓ સાથે સારા સંબંધો છે અને યુદ્ધ શરૂ થયા પછી અમેરિકા સતત તેમના સંપર્કમાં છે.

એક્સિયોસ મુજબ, ટ્રમ્પે ગયા અઠવાડિયે કહ્યું હતું કે અમેરિકા હાલ પૂરતું ઈરાન પર નવા હુમલાની તૈયારી કરી રહ્યું નથી. તેમણે કહ્યું કે અમેરિકા ઈરાન સાથે "અધૂરી વાતચીત" કરી રહ્યું છે અને ત્યાંની ખરાબ આર્થિક સ્થિતિ પર નજર રાખી રહ્યું છે.

આ પહેલા ટ્રમ્પે ઈરાન પર થનારો એક હુમલો પણ રોકી દીધો હતો. તેમનું કહેવું હતું કે જો જલ્દી કરાર થઈ જાય તો સૈન્ય કાર્યવાહીની જરૂર પડશે નહીં.

અમેરિકા અને ઈરાન વચ્ચેની વાતચીતમાં હોર્મુઝ સ્ટ્રેટ એક મહત્વનો મુદ્દો બન્યો છે. આ ઈરાન અને ઓમાન વચ્ચે સમુદ્રનો એક



સાંકડો રસ્તો છે. ખાડી પ્રદેશમાંથી દુનિયાના ઘણા દેશો સુધી તેલ અને ગેસનો સપ્લાય આ જ રસ્તેથી થાય છે. તેથી, તેનું ખુલ્લું રહેવું વૈશ્વિક ઊર્જા પુરવઠા માટે અત્યંત મહત્વપૂર્ણ છે.

ટ્રમ્પ ઈચ્છે છે કે હોર્મુઝ સ્ટ્રેટ તરત અને સંપૂર્ણપણે ખોલવામાં આવે. જ્યારે, ઈરાનની માંગ છે કે અમેરિકા પહેલા પોતાની નૌકાદળની નાકાબંધી હટાવે અને ઈરાન પાસે તૈનાત અમેરિકી સૈનિકોને પાછા ખેંચે.

ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ કહ્યું છે કે ઈરાન અને ઓમાન વચ્ચે હોર્મુઝને લઈને વાતચીત ચાલી રહી છે. આમાં સમુદ્રમાં જહાજો માટે રસ્તો નક્કી કરવા જેવા તકનીકી મુદ્દાઓ પર ચર્ચા થઈ રહી છે. તેમણે સ્પષ્ટ કર્યું કે આ વાતચીત અમેરિકા સાથે ચાલી રહેલી વાતચીતથી અલગ છે.

અમેરિકાના સહયોગી હોવા છતાં ખાડી દેશો ઈરાન સાથે વ્યવહાર કરવાની રીત પર એકમત નથી.

સંયુક્ત આરબ અમીરાત ઈરાન પર વધુ સૈન્ય દબાણ લાવવાના પક્ષમાં છે. તેનું માનવું છે કે ઈરાનનો રિવોલ્યુશનરી ગાર્ડ ત્યારે જ પીછેહઠ કરશે, જ્યારે અમેરિકા સૈન્ય દબાણ વધારે અને હોર્મુઝ પર નિયંત્રણ સુનિશ્ચિત કરે.

જ્યારે, સાઉદી અરેબિયા વાતચીત અને તણાવ ઘટાડવાના પક્ષમાં છે. તેણે અગાઉ હોર્મુઝને સૈન્ય તાકાતથી ખોલવાની અમેરિકી યોજનાનો વિરોધ કર્યો હતો. સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને પણ ટ્રમ્પ સાથે ફોન પર વાત કરીને સૈન્ય કાર્યવાહી ન કરવા અપીલ કરી હતી.

કતારે ઈરાન, અમેરિકા અને ઓમાન વચ્ચેની વાતચીતમાં મધ્યસ્થીની ભૂમિકા ભજવી છે. કતરના અધિકારીઓએ ટ્રમ્પને જણાવ્યું હતું કે ઈરાને હોર્મુઝને લઈને એક પ્રસ્તાવ સ્વીકારી લીધો છે.

ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પજશકિયાનએ આરોપ લગાવ્યો છે કે અમેરિકા અને ઈઝરાયલ ખાડી દેશોને ઈરાન વિરુદ્ધ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

ઈરાની સરકારી ટીવી સાથેની વાતચીતમાં તેમણે કહ્યું કે બંને દેશ ઈરાનની આંતરિક સમસ્યાઓનો ફાયદો ઉઠાવી રહ્યા છે. તેમણે પડોશી ખાડી દેશો સાથે સંબંધો મજબૂત કરવા પર પણ ભાર મૂક્યો.

# ઈઝરાયલમાં PM નેતન્યાહૂને હારનું જોખમ: સર્વેમાં પૂર્વ આર્મી ચીફ આઈઝેનકોટથી પાછળ; 2 મહિના પછી ચૂંટણી થવાની છે

**તેલ અવીવ, તા.16**

ઈઝરાયલમાં 27 ઓક્ટોબરે યોજાનારી ચૂંટણી પહેલાં વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂને પૂર્વ સેના પ્રમુખ ગાદી આઈઝેનકોટ તરફથી મોટો પડકાર મળતો દેખાઈ રહ્યો છે. ગુરુવારે સામે આવેલા જમાન ઈઝરાયલના નવા સર્વેમાં આઈઝેનકોટની વિપક્ષી પાર્ટી યશારને 25 બેઠકો મળવાનો અંદાજ લગાવવામાં આવ્યો છે. જ્યારે નેતન્યાહૂની લિકુડ પાર્ટી 21 બેઠકો પર સમેટાઈ શકે છે.

એટલે કે યશારે લિકુડ પર 4 બેઠકોની સરસાઈ મેળવી લીધી છે. છેલ્લા કેટલાક અઠવાડિયાના મોટાભાગના સર્વેમાં પણ યશાર આગળ રહી છે, પરંતુ તફાવત ખૂબ ઓછો હતો. ઘણા સર્વેમાં લિકુડ બરાબરી પર હતી અથવા માત્ર 1-2 બેઠકો પાછળ હતી. નવા સર્વેમાં આ તફાવત વધીને 4 બેઠકોનો થઈ ગયો છે. યશાર સૌથી મોટી પાર્ટી બનવા છતાં ચૂંટણી પછી સરકાર બનાવવી સરળ નહીં હોય. ઈઝરાયલની સંસદ નેસેટમાં કુલ 120 બેઠકો છે અને બહુમતી માટે ઓછામાં ઓછી 61 બેઠકોની જરૂર પડે છે. સર્વેમાં નેતન્યાહુ વિરોધી પક્ષોના 'ચેન્જ બ્લોક'ને 58 બેઠકો મળવાનો અંદાજ છે. એટલે કે આ ગઠબંધન બહુમતીથી માત્ર 3 બેઠકો દૂર દેખાઈ રહ્યું છે.

બીજી તરફ, નેતન્યાહુના સમર્થક પક્ષોને કુલ 50 બેઠકો મળવાનો અંદાજ છે. અરબ પાર્ટીઓને 12 બેઠકો મળી શકે છે. જેમાં રામ પાર્ટી અને હદાશ-તાલને 6-6 બેઠકો મળવાનો અંદાજ છે.




એનો અર્થ એ છે કે ચૂંટણી પહેલાં કોઈ પણ મોટા જૂથ પાસે સરકાર બનાવવા માટે સ્પષ્ટ બહુમતી નથી. આઈઝેનકોટની વધતી લોકપ્રિયતા વચ્ચે, નેતન્યાહુ વિરોધી છાવણીના વિપક્ષી નેતા યાયર લેપિડની પાર્ટી બીયાચદે કહ્યું છે કે તે વિપક્ષી સરકાર બનવાના માર્ગમાં અવરોધ નહીં ઊભો કરે. પરંતુ જ્યારે લેપિડને પૂછવામાં આવ્યું કે શું તેમની પાર્ટી આઈઝેનકોટને વડાપ્રધાન બનાવવાનું સમર્થન કરશે, તો તેમણે સીધો જવાબ આપ્યો નહીં.

બીયાચદમાં લેપિડ બીજા નંબરના નેતા છે. પાર્ટીનું નેતૃત્વ પૂર્વ વડાપ્રધાન નફ્તાલી બેનેટના હાથમાં છે. તેઓ પોતે પણ વડાપ્રધાન પદના દાવેદાર તરીકે સામે આવતા રહ્યા છે. આઈઝેનકોટે આ પહેલા કહ્યું હતું કે આગળના વડાપ્રધાન તે જ વ્યક્તિ હોવા જોઈએ જે નેતન્યાહુ વિરોધી ગઠબંધનની સૌથી મોટી પાર્ટીના નેતા હોય. તેમનું આ નિવેદન 2021 થી 2022 સુધી વડાપ્રધાન રહેલા નફ્તાલી બેનેટના કાર્યકાળ તરફ પણ ઈશારો કરે છે. તે સમયે બેનેટની પાર્ટી પાસે નેસેટમાં ફક્ત 7 બેઠકો હતી. આમ છતાં ગઠબંધન દ્વારા તેઓ વડાપ્રધાન બન્યા હતા. આ જ કારણોસર તેમના વડાપ્રધાન બનવાને લઈને તે સમયે ઘણી ચર્ચા થઈ હતી. ચેનલ 12 ના એક રિપોર્ટ અનુસાર, ઈરાન તરફથી ઈઝરાયલી નેતાઓને નુકસાન પહોંચાડવાના પ્રયાસોના સંકેતો મળ્યા છે. પીએમ નેતન્યાહુ પાસે સરકારી સુરક્ષા છે પરંતુ આઈઝેનકોટને હાલમાં સરકારી સુરક્ષાનો ઔપચારિક અધિકાર નથી. આ જ કારણોસર આઈઝેનકોટની સુરક્ષાને લઈને ચિંતા વધી છે. તેમની વધતી રાજકીય તાકાત વચ્ચે પણ તેમની સુરક્ષાને લઈને ચિંતા સામે આવી છે. ચૂંટણી અભિયાન તેજ બનતા ઈઝરાયલની આંતરિક સુરક્ષા એજન્સી 'શિન બેટ' તેમને સશસ્ત્ર સુરક્ષા આપવા પર વિચાર કરી રહી છે.

# કેમ્બ્રિજના સૌથી યુવા બ્લેક પ્રોફેસરનું મોત: ઘરમાં બેભાન મળ્યા, રિસર્ચ પર ઉઠેલા પ્રશ્નો પછી યુનિવર્સિટીમાંથી રાજીનામું આપ્યું હતું

**લંડન, તા.16**

ઈંગ્લેન્ડની કેમ્બ્રિજ યુનિવર્સિટીના સૌથી યુવા અશ્વેત પ્રોફેસર રહેલા જેસન અર્ડેનું 41 વર્ષની વયે નિધન થયું છે. તેઓ શિક્ષણ અને સમાજ સંબંધિત વિષયો પર સંશોધન અને અધ્યાપન કરતા હતા. શુક્રવારે બપોરે લગભગ 3 વાગ્યે તેમને દક્ષિણ લંડનના બેટરસી સ્થિત તેમના ઘરે બેભાન અવસ્થામાં મળી આવ્યા હતા. એમ્બ્યુલન્સ ટીમે તેમને બચાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેમનું મૃત્યુ થયું. પોલીસના જણાવ્યા અનુસાર, તેમનું મૃત્યુ અચાનક થયું હતું. અત્યાર સુધી એવો કોઈ પુરાવો મળ્યો નથી જેનાથી મૃત્યુને શંકાસ્પદ માની શકાય. પોલીસ પરિવારના સંપર્કમાં છે અને મામલાની તપાસ કરી રહી છે. જેસન અર્ડેએ 5 ઓગસ્ટે કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી રાજીનામું આપ્યું હતું. આ નિર્ણય તેમના કેટલાક સંશોધનોને લઈને ઉઠેલા પ્રશ્નો વચ્ચે આવ્યો હતો.

કેમ્બ્રિજ યુનિવર્સિટીએ તેમની નિમણૂક અને યુનિવર્સિટીમાં તેમના કામકાજની તપાસ પણ શરૂ કરી હતી. યુનિવર્સિટી એ શોધી રહી હતી કે અર્ડેને 2022માં પ્રોફેસરની નોકરી કેવી રીતે મળી અને તેમના કામ દરમિયાન શું થયું.

રાજીનામું આપ્યા પછી, આર્ડેએ કહ્યું હતું કે સતત લાગી રહેલા આરોપો અને તેમના વિશે જાહેરમાં



કરવામાં આવતી ટિપ્પણીઓની તેમના પર ખૂબ ઊંડી અસર પડી હતી.

આર્ડેએ 2015માં બ્રિટનની લિવરપૂલ જ્હોન મૂર્સ યુનિવર્સિટીમાંથી પીએચડી કરી હતી. આ દરમિયાન તેમણે એક સંશોધન અહેવાલ લખ્યો હતો.

પાછળથી તેમના સંશોધનના કેટલાક ભાગો પર આરોપ લાગ્યા કે તેમણે અન્ય લોકોના લખેલા કામને યોગ્ય શ્રેય આપ્યા વિના પોતાના સંશોધનમાં ઉપયોગ કર્યો. સરળ ભાષામાં કહીએ તો, તેમના પર સંશોધનમાં નકલ કરવાનો આરોપ લાગ્યો હતો.

આર્ડેએ આ આરોપોને ખોટા ગણાવ્યા હતા. આ પછી તેમના કેટલાક અન્ય સંશોધનોમાં પણ ભૂલો હોવાના આરોપો લગાવવામાં આવ્યા હતા. આર્ડેની કેમ્બ્રિજમાં નિયુક્તિને લઈને પણ વિવાદ થયો હતો. કેટલાક લોકોએ આરોપ લગાવ્યો હતો કે તેમને તેમની યોગ્યતાને બદલે યુનિવર્સિટીની વિવિધતા વધારતી નીતિ હેઠળ નોકરી આપવામાં આવી હતી.

આ પ્રકારની નીતિઓને સામાન્ય રીતે DEI કહેવામાં આવે છે. એનો અર્થ એ છે કે અલગ-અલગ સમુદાયો અને ઓછા પ્રતિનિધિત્વ ધરાવતા લોકોને સંસ્થાઓમાં સમાન તકો આપવામાં આવે અને તેમની ભાગીદારી વધારવામાં આવે.

જોકે, બ્રિટનની શિક્ષક યુનિયનના નેતા ડેનિયલ કબેડેએ આર્ડેનો બચાવ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે આર્ડેને જાહેરમાં ખૂબ જ ખરાબ રીતે નિશાન બનાવવામાં આવ્યા હતા. તેમણે બ્રિટિશ મીડિયા અને જમણેરી ટીકાકારોના એક વર્ગ પર આર્ડે વિરુદ્ધ જાતિવાદી અભિયાન ચલાવવાનો આરોપ લગાવ્યો હતો.

DEI એટલે ડાયવર્સિટી, ઈક્વિટી એન્ડ ઈન્ક્લુઝનનો અર્થ અલગ-અલગ સમુદાયો, જાતિઓ અને ઓછા પ્રતિનિધિત્વ ધરાવતા લોકોને સંસ્થાઓમાં સમાન તકો આપવી અને તેમની ભાગીદારી વધારવી. યુનિવર્સિટીઓમાં DEI નીતિઓનો હેતુ એવા લોકોની સંખ્યા વધારવાનો છે, જેમની શિક્ષણ અને નોકરીઓમાં લાંબા સમયથી ઓછી ભાગીદારી રહી છે.

તેના ટીકાકારોનું કહેવું છે કે તેનાથી ક્યારેક યોગ્યતાને બદલે કોઈ વ્યક્તિની ઓળખને વધુ મહત્વ મળવાનો ખતરો રહે છે. સમર્થકો દલીલ કરે છે કે સમાન તકો આપવા માટે આવા પગલાં જરૂરી છે. અર્ડેના પરિવારે તેમના નિધન પર ઊંડો શોક વ્યક્ત કર્યો. પરિવારે જણાવ્યું કે જેસન વિશે ફેલાવવામાં આવી રહેલી ખોટી માહિતીઓની તેમના પર ખૂબ જ ખરાબ અસર પડી હતી.

પરિવારના જણાવ્યા અનુસાર, અર્ડે શાંત સ્વભાવના વ્યક્તિ હતા અને હંમેશા બીજામાં ભલાઈ જોવાનો પ્રયાસ કરતા હતા.

પરિવારે મીડિયાને અપીલ કરી કે હવે તેમને એકલા છોડી દેવામાં આવે. તેમણે જેસન અને તેમના પરિવાર વિરુદ્ધ લાંબા સમયથી ચાલી રહેલા ઉત્પીડનને રોકવાની પણ અપીલ કરી.

કેમ્બ્રિજ યુનિવર્સિટીના પ્રમુખ ડેબોરા પ્રેન્ટિસે અર્ડેના મૃત્યુ પર દુઃખ વ્યક્ત કર્યું. તેમણે કહ્યું કે આ મુશ્કેલ સમયમાં તેમની સંવેદનાઓ અર્ડેના પરિવાર અને મિત્રો સાથે છે. બ્રિટનના શિક્ષણ મંત્રી લ્યુસી પોવેલે પણ તેમના નિધન પર શોક વ્યક્ત કર્યો. જોકે, બ્રિટનની શિક્ષક યુનિયનના નેતા ડેનિયલ કબેડેએ આર્ડેનો બચાવ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે આર્ડેને જાહેરમાં ખૂબ જ ખરાબ રીતે નિશાન બનાવવામાં આવ્યા હતા. તેમણે બ્રિટિશ મીડિયા અને જમણેરી ટીકાકારોના એક વર્ગ પર આર્ડે વિરુદ્ધ જાતિવાદી અભિયાન ચલાવવાનો આરોપ લગાવ્યો હતો.

DEI એટલે ડાયવર્સિટી, ઈક્વિટી એન્ડ ઈન્ક્લુઝનનો અર્થ અલગ-અલગ સમુદાયો, જાતિઓ અને ઓછા પ્રતિનિધિત્વ ધરાવતા લોકોને સંસ્થાઓમાં સમાન તકો આપવી અને તેમની ભાગીદારી વધારવી. યુનિવર્સિટીઓમાં DEI નીતિઓનો હેતુ એવા લોકોની સંખ્યા વધારવાનો છે, જેમની શિક્ષણ અને નોકરીઓમાં લાંબા સમયથી ઓછી ભાગીદારી રહી છે. તેના ટીકાકારોનું કહેવું છે કે તેનાથી ક્યારેક યોગ્યતાને બદલે કોઈ વ્યક્તિની ઓળખને વધુ મહત્વ મળવાનો ખતરો રહે છે. સમર્થકો દલીલ કરે છે કે સમાન તકો આપવા માટે આવા પગલાં જરૂરી છે.

# યુક્રેનનો રશિયા પર અત્યાર સુધીનો સૌથી મોટો ડ્રોન હુમલો: 6 લોકોનાં મોત, મોસ્કો નજીક ગોડાઉનમાં ભીષણ આગ લાગી, રશિયાએ 1400 ડ્રોન તોડી પાડ્યા

**મોસ્કો/કિવ, તા.16**

યુક્રેને રવિવારે રશિયા પર યુદ્ધ શરૂ થયા પછી અત્યાર સુધીનો સૌથી મોટો ડ્રોન હુમલો કર્યો છે. જેમાં ઓછામાં ઓછા 6 લોકોના મોત થયા છે. આ ડ્રોન હુમલાઓમાં મોસ્કો નજીક રશિયન ઈ-કોમર્સ કંપની વાઈલ્ડબેરીઝના ડિસ્ટ્રિબ્યુશન સેન્ટરમાં આગ લાગી ગઈ.

આ ગોડાઉન લગભગ 2 લાખ ચોરસ મીટરમાં ફેલાયેલું છે. સામે આવેલી તસવીરોમાં ઈમારતનો મોટો ભાગ આગની ઝપેટમાં જોવા મળ્યો. આકાશમાં દૂર સુધી કાળો ધુમાડો ઉડતો જોવા મળ્યો.

રશિયાના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે તેણે છેલ્લા 24 કલાકમાં 9 યુક્રેનિયન ક્રુઝ મિસાઈલ અને કુલ 1,478 ડ્રોન તોડી પાડ્યા છે. મોસ્કોના મેયર સર્ગેઈ સોબ્યાનિનએ જણાવ્યું કે લગભગ 600 ડ્રોન રાજધાની તરફ છોડવામાં આવ્યા હતા. તેમણે તેને છેલ્લા બે વર્ષમાં મોસ્કો પર થયેલો સૌથી મોટો હવાઈ હુમલો ગણાવ્યો.

આ દરમિયાન રશિયાએ પણ રવિવારે યુક્રેન પર ડ્રોન અને મિસાઈલ હુમલા કર્યા. આ હુમલાઓમાં ઓછામાં ઓછા 7 લોકોના મોત થયા. રાજધાની કિવ પર પણ બેલેસ્ટિક મિસાઈલથી હુમલો કરવામાં આવ્યો. જેમાં 6 લોકો ઘાયલ થયા અને રાજધાનીમાં ઘણી જગ્યાએ આગ લાગી ગઈ.

કિવના ઓબોલોન્સકી જિલ્લામાં પેટ્રોવકા બુક માર્કેટનો મોટો ભાગ બળી ગયો. ધ ગાર્ડિયનના અહેવાલ મુજબ, આગમાં તેમનો પુસ્તકોનો આખો સ્ટોક નાશ પામ્યો.

યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ રશિયા પર નાગરિક વિસ્તારો અને માળખાકીય સુવિધાઓને નિશાન બનાવવાનો આરોપ લગાવ્યો. ઝેલેન્સકીએ કહ્યું કે રશિયા તેના નિયંત્રણ હેઠળના વિસ્તારોમાં નાગરિક માળખા પર હુમલો કરી રહ્યું છે.

તેમના મતે, છેલ્લા એક અઠવાડિયામાં રશિયાએ યુક્રેનના શહેરો અને અન્ય વિસ્તારો પર 1,550 થી વધુ ડ્રોન, લગભગ 1,560 ગાઈડેડ બોમ્બ અને 62 મિસાઈલ છોડી. તેમાં મોટી સંખ્યામાં બેલિસ્ટિક મિસાઈલો હતી.

યુક્રેન ધીમી ગતિએ આવતા ડ્રોનને રોકવામાં મોટાભાગે સફળ રહ્યું છે. પરંતુ ઝડપી ગતિએ આવતી બેલિસ્ટિક મિસાઈલોને



રોકવી તેના માટે મોટો પડકાર છે.

આવી મિસાઈલોને રોકવામાં અમેરિકાની પેટ્રિઅટ એર ડિફેન્સ સિસ્ટમ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જોકે, રશિયન હુમલાઓ સતત ચાલુ રહેવાને કારણે યુક્રેન પાસે આ ઈન્ટરસેપ્ટર મિસાઈલોનો ભંડાર મર્યાદિત થઈ ગયો છે.

જોકે, ઝેલેન્સકીએ અમેરિકા અને યુરોપિયન દેશોને તાત્કાલિક વધુ પેટ્રિઓટ એર ડિફેન્સ સિસ્ટમની ઈન્ટરસેપ્ટર મિસાઈલો મોકલવાની અપીલ કરી છે. તેમણે કહ્યું કે આ મિસાઈલો લોકોનો જીવ બચાવવા માટે છે, તેથી તેમને ગોડાઉનોમાં રાખવાને બદલે યુક્રેન મોકલવી જોઈએ.

યુક્રેને 2026માં પોતાની લાંબા અંતરની ડ્રોન અને મિસાઈલ ક્ષમતામાં ઝડપથી વધારો કર્યો છે. ધ ગાર્ડિયનના રિપોર્ટ અનુસાર, હવે તે રશિયાની સરહદથી લગભગ 1,500 માઈલ દૂર આવેલા ઠેકાણાઓને નિશાન બનાવવામાં સક્ષમ છે.

યુક્રેન આ હથિયારો વડે રશિયાના ગોડાઉનો, ઓઈલ રિફાઈનરીઓ, બંદરો અને સૈન્ય ઠેકાણાઓ પર હુમલા કરી રહ્યું છે. તેનાથી યુદ્ધમાં પહેલીવાર રશિયાની લાંબા અંતર સુધી હુમલો કરવાની ક્ષમતાને પડકાર મળી રહ્યો છે.

બંને દેશોની એર ડિફેન્સ એટલે કે હવાઈ હુમલાઓને રોકતી સિસ્ટમ પર પણ સતત દબાણ વધી રહ્યું છે.

છેલ્લા એક મહિનામાં યુક્રેને વાઈલ્ડબેરીઝ સાથે સંકળાયેલી ઘણી ઈમારતો અને સુવિધાઓને નિશાન બનાવી છે. કંપની રશિયાના ઓનલાઈન કારોબારમાં મોટી ભૂમિકા ભજવે છે અને તેના ડિસ્ટ્રિબ્યુશન સેન્ટર દેશભરમાં ફેલાયેલા છે.

યુક્રેનના હુમલાઓમાં લગભગ 20 ગોડાઉન અને અન્ય ઈમારતોને નિશાન બનાવવામાં આવી હોવાનું સામે આવ્યું છે. ધ ગાર્ડિયન અનુસાર આવા હુમલાઓનો હેતુ રશિયાની સપ્લાય ચેઈન અને અર્થતંત્ર પર દબાણ વધારવાનો હોઈ શકે છે. જેમાં ઓછામાં ઓછા 6 લોકોના મોત થયા છે. આ ડ્રોન હુમલાઓમાં મોસ્કો નજીક રશિયન ઈ-કોમર્સ કંપની વાઈલ્ડબેરીઝના ડિસ્ટ્રિબ્યુશન સેન્ટરમાં આગ લાગી ગઈ.

આ ગોડાઉન લગભગ 2 લાખ ચોરસ મીટરમાં ફેલાયેલું છે. સામે આવેલી તસવીરોમાં ઈમારતનો મોટો ભાગ આગની ઝપેટમાં જોવા મળ્યો. આકાશમાં દૂર સુધી કાળો ધુમાડો ઉડતો જોવા મળ્યો.

રશિયાના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે તેણે છેલ્લા 24 કલાકમાં 9 યુક્રેનિયન ક્રુઝ મિસાઈલ અને કુલ 1,478 ડ્રોન તોડી પાડ્યા છે. મોસ્કોના મેયર સર્ગેઈ સોબ્યાનિનએ જણાવ્યું કે લગભગ 600 ડ્રોન રાજધાની તરફ છોડવામાં આવ્યા હતા.

## તંત્રી લેખ

# ત્રિરંગા યાત્રામાં દેશભક્તિ છલક છલક થતી હતી

આજે ૧૫ ઓગસ્ટ. વંદે માતરમના ૧૫૦ વર્ષની ઉજવણી નિમિત્તે ત્રિરંગા યાત્રા દેશભરમાં જોવા મળી રહી છે. જેમ શ્રાવણ માસમાં ભક્તિનું ઘોડાપૂર જોવા મળે છે, એમ ત્રિરંગા યાત્રામાં પણ દેશભક્તિ છલકાતી જોવા મળી હતી. વિવિધ યાત્રાઓ લોકોને નજીક લાવવાનું કામ કરે છે. ત્રિરંગા યાત્રાનું જે રીતે મેનેજમેન્ટ થઈ રહ્યું છે, તે જોતાં એમ લાગે છે કે આગામી વરસોમાં તે ભગવાન જગન્નાથની રથયાત્રાની જેમ ભવ્ય અને પ્રેક્ષણીય બની જશે. આવું થાય તો તે બહુ સારી વાત બનશે, કેમ કે આવા કાર્યક્રમોથી લોકોમાં ભરેલી દેશભાવના અને દેશદાઝ જાગૃત થાય છે. ૧૫ ઓગસ્ટ અને ૨૬ જાન્યુઆરી બે દિવસો એવા છે કે જેમાં આપણે ત્રિરંગાને સેલ્યુટ કરીએ છીએ અને આઝાદી મેળવવાના સંઘર્ષને યાદ કરીએ છીએ. હવે તેમાં ત્રિરંગા યાત્રા પણ ઉમેરાશે. ગયા ગુરુવારે જ્યારે લોકસભાના ચોમાસુ સત્રનો છેલ્લો દિવસ હતો ત્યારે પહેલીવાર સંસદ વંદે માતરમથી ગુંજી ઉઠી હતી. જ્યારે વંદે માતરમ ગવાયું ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને વિપક્ષના નેતા રાહુલ ગાંધી પણ હતા, તેમજ લોકસભાના તમામ સભ્યો પણ હાજર હતા. દરેકના ચહેરા પર ગર્વ અને દેશાભિમાન જોવા મળતું હતું. લોકસભા પછી રાજ્યસભામાં પણ વંદે માતરમ ગવાયું હતું અને દરેક સભ્યે તેને માન આપ્યું હતું. રાષ્ટ્રવાદ દરેક નાગરિકમાં જોવા મળે છે. લાલ કિલ્લો વંદે માતરમથી ગુંજી ઉઠશે. રાષ્ટ્રપતિએ કાયદાકીય મંજૂરી આપતાં હવે લાલ કિલ્લા પર વંદે માતરમને સ્થાન મળશે. જ્યારે સંસદમાં તેનું બિલ પસાર થયું છે, જેમાં વંદે માતરમનું અપમાન કરનારા સામે કાયદેસરનાં પગલાં ભરવાની પણ જોગવાઈ છે. આઝાદીની ચળવળ વખતે વંદે માતરમ દેશભક્તિ જગાડતું સ્લોગન હતું. એક વર્ગ દ્વારા તેનો વિરોધ થતો હતા કે તેની પંક્તિઓમાં દેવીનો ઉલ્લેખ થાય છે. લઘુમતી કોમના તુષ્ટિકરણમાં વ્યસ્ત રાજકીય પક્ષો, ખાસ કરીને કોંગ્રેસે તેનો વિરોધ કર્યો હતો. તાજેતરમાં વંદે માતરમને કાયદાકીય રક્ષણ મળ્યું છે ત્યારે પણ કેરળમાં તેનો વિરોધ જોવા મળે છે. ૧૫૦ વર્ષ પહેલાં બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયે ભારતની કુદરતી સંપત્તિનાં ગુણગાન ગાતાં વંદે માતરમની શરૂઆત કરી હતી. તેની પછીની કડીઓ હિન્દુ દેવી-દેવતાઓ સાથે જોડાયેલી હોવાથી તેનો વિરોધ થયો હતો. આ વિરોધ પાછળ મતનું રાજકારણ પણ જોવા મળ્યું હતું. વંદે માતરમને ૧૫૦ વર્ષ થયાં છે, પરંતુ તે કોઈ રાજકીય સભાઓ કે રેલીઓ માટે બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયે તૈયાર નહોતું કર્યું. તે દેશની આઝાદીનું પ્રતીક પણ નહોતું. વંદે માતરમને ૧૫૦ વર્ષ થયાં તેના માનમાં મોટાભાગની ત્રિરંગા રેલીમાં ૧૫૦ ફૂટનો રાષ્ટ્રધ્વજ જોવા મળ્યો હતો. ૧૮૭૫માં જ્યારે ભારત અંગ્રેજોના શાસન હેઠળ હતું ત્યારે બંગાળી લેખક બંકિમચંદ્રએ વંદે માતરમ લખ્યું હતુંત તે જ વર્ષમાં ૭ નવેમ્બરે તે 'બંગ દર્શન' નામના સામયિકમાં છપાયું હતું. બાદમાં તે ૧૮૮૨માં પ્રસિદ્ધ થયેલા તેમના પુસ્તક 'આનંદમઠ'માં પણ સમાવાયું હતું. ત્યારબાદના સાત દાયકા સુધી તે રાષ્ટ્રગાનમાં નંબર ટુ તરીકે ઓળખાતું હતું. રાજકીય કારણોસર તેને સાઈડમાં ધકેલી દેવાયું હતું. જન ગણ મન સર્વત્ર ફેલાઈ ગયા પછી ફરી પાછું વંદે માતરમને પ્રાધાન્ય આપીને મોદી સરકારે ભારત માતાની માતૃવંદના કરતા ગીતને આવકાર્યું છે. વંદે માતરમનો અર્થ જ એ છે કે 'હે માતા, તમને હું વંદન કરું છું.' વંદે માતરમ સાથે એક મહત્ત્વની વાત એ પણ છે કે વંદે માતરમ સૌપ્રથમવાર ૧૮૯૬માં કોંગ્રેસના સત્રમાં રવીન્દ્રનાથ ટાગોરે ગાયું હતું. જ્યારે ભારતમાં સ્વદેશી મૂવમેન્ટ શરૂ થઈ ત્યારે વિદેશી બનાવટની ચીજોનો બહિષ્કાર કરાયો, ત્યારે લોકો વંદે માતરમ બોલીને પોતાની સફળતાને ઉજવતા હતા. ત્યારથી વંદે માતરમ સાહિત્યજગતમાંથી બહાર નીકળીને આઝાદીની ચળવળનો ભાગ બની ગયું હતું. અંગ્રેજ શાસકોએ પણ વંદે માતરમની ગૂંજની નોંધ લીધી હતી. કેટલાક સ્થળે વંદે માતરમ બોલવા પર અંગ્રેજોએ પ્રતિબંધ લગાવી દીધો હતો. બીજી તરફ આઝાદીની મલાઈ ખાવાની ઈચ્છા ધરાવતા લોકો વંદે માતરમમાં માત્ર હિન્દુ ટચ છે.

ભારતની ડેટા-સેન્ટર ક્ષમતા 2020 માં લગભગ ૩૭૫ MW થી વધીને ૨૦૨૫માં ૧,૫૦૦ MW થઈ ગઈ છે. કાઉન્સિલ ઓન એનર્જી, એન્વાયર્નમેન્ટ એન્ડ વૉટર (CEEW) નો અંદાજ છે કે 2030 સુધીમાં તે ૪.૫-૬.૫ GW સુધી પહોંચી શકે છે. તેના તાજેતરના અભ્યાસ મુજબ, જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં ભારતમાં લગભગ ૨૭૧ ડેટા સેન્ટરો હતા : ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA) નો અંદાજ છે કે વિશ્વભરમાં ડેટા સેન્ટરોએ ૨૦૨૪ માં ૪૧૫ ટેરાવોટ-કલાક (TWh) વીજળીનો વપરાશ કર્યો હતો, યુએનના મતે, 2030 સુધીમાં વૈશ્વિક ડેટા-સેન્ટર વીજળીની માંગ બમણી થઈ જશે

# અવિચારી વિકાસ : માણસ માટે જીવન જરૂરી છે કે ડેટા સેન્ટર!

## કુદરતના ભોગે ડિજિટલ યુગના નામે કાલ્પનિક વિકાસની આઝાદી માણસોને મશીનોના ગુલામ બનાવી રહી છે

ભારતની ડેટા-સેન્ટર ક્ષમતા ૨૦૨૦ માં લગભગ ૩૭૫ MW થી વધીને ૨૦૨૫માં ૧,૫૦૦ MW થઈ ગઈ છે. કાઉન્સિલ ઓન એનર્જી, એન્વાયર્નમેન્ટ એન્ડ વૉટર (CEEW) નો અંદાજ છે કે ૨૦૩૦ સુધીમાં તે ૪.૫-૬.૫ GW સુધી પહોંચી શકે છે. તેના તાજેતરના અભ્યાસ મુજબ, જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં ભારતમાં લગભગ ૨૭૧ ડેટા સેન્ટરો હતા : ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA) નો અંદાજ છે કે વિશ્વભરમાં ડેટા સેન્ટરોએ ૨૦૨૪ માં ૪૧૫ ટેરાવોટ-કલાક (TWh) વીજળીનો વપરાશ કર્યો હતો, યુએનના મતે, ૨૦૩૦ સુધીમાં વૈશ્વિક ડેટા-સેન્ટર વીજળીની માંગ બમણી થઈ જશે. ભારતના ઉર્જા મંત્રાલયે જુલાઈમાં અંદાજ લગાવ્યો હતો કે AI ડેટા સેન્ટરો ૨૦૩૧-૩૨ સુધીમાં ૨૬.૩ GW વીજળીનો ભાર ઉમેરી શકે છે : ભારતના ડેટા સેન્ટરો વર્ષે લગભગ ૧૫૦ અબજ લીટર પાણી વાપરે છે, જેમાં ૨૦૩૦ સુધીમાં વપરાશ બમણાથી વધુ થવાની ધારણા છે. ભારતમાં ૫૦% થી વધુ ડેટા સેન્ટરો એવા વિસ્તારોમાં આવેલા છે જ્યાં પહેલેથી જ પાણીની ભારે અછત છે. ચેન્નઈ, બેંગ્લુરુ, હૈદરાબાદ, વિશાખાપટ્ટનમ ખાતે પહેલેથી જ પાણીની તંગી છે ત્યાં આવા ડેટાસેન્ટરો કરોડો લીટર પાણી

ગુગલ ભારતમાં એઆઈ ડેટા સેન્ટરોનું હબ વિકસાવી રહ્યું છે. તેમાં પણ તેણે વિશાખાપટ્ટનમમાં આવો એક પ્રોજેક્ટ રાખ્યો છે જેમાં એક ગીગાવોટની આયોજિત ક્ષમતા ધરાવતું ડેટા-સેન્ટર કેમ્પસ શામેલ છે. ગુગલના આ આયોજને એક અણધાર્યા પર્યાવરણીય મુદ્દાને ચર્ચામાં લાવી દીધો છે. આ પ્રોજેક્ટને સ્થાનિક કાર્યકર્તાઓ અને પર્યાવરણીય જૂથો તરફથી સખત વિરોધનો સામનો કરવો પડયો છે. બીજી ચિંતાની વાત એ છે કે, આ પ્રોજેક્ટ દીપડા અને પેંગોલિનનું ઘર ગણાતા અભ્યારણ્યથી માત્ર ૮૬૦ મીટર દૂર છે. વન્યજીવો ઉપર તેનાથી કેટલું મોટું જોખમ સર્જાશે તે વિશે કોઈ વિચારતું જ નથી.

બીજી તરફ ગુગલનું કહેવું છે કે તે પર્યાવરણીય અસરોને ઘટાડવા માટે અદ્યતન એર-કૂલિંગ અને અવાજ-ઘટાડતી ટેકનોલોજીનો ઉપયોગ કરશે, જ્યારે આંધ્રપ્રદેશ સરકારે પીવાના પાણી પુરવઠાને ડાયવર્ટ કરવામાં આવશે તેવા આરોપોને ફગાવી દીધા છે. આ પ્રોજેક્ટ અંગેના પ્રશ્નો એક મોટા મુદ્દા તરફ ઈશારો કરે છે. ભારત ક્લાઉડ કમ્પ્યુટિંગ, ડિજિટલ સેવાઓ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને ટેકો આપવા માટે ઝડપથી ડેટા સેન્ટરો બનાવી રહ્યું છે. દેશના પાણી, વીજળી, જમીન અને ઈકોસિસ્ટમમને તેની શું અસર થશે તે દિશામાં વિચાર કરવામાં આવ્યો જ નથી. એમ કહીએ કે સરકારે માત્ર વિકાસ કરવા અથવા તો બતાવવા માટે અને ડિજિટલ એડવાન્સમેન્ટના નામે ગમે ત્યાં અને ગમે તે રીતે પ્રોજેક્ટ એપ્રુવ કરી દીધા છે. માણસો, પ્રાણીઓ, પ્રકૃતિ અને પર્યાવરણના ભોગે વિકાસ કરવાની જે ઘેલછા જાગી છે તે દેશનું કેટલું નુકસાન કરશે તેનો કોઈએ અંદાજ પણ લગાવ્યો નથી.

ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલયના જણાવ્યા અનુસાર, ભારતની ડેટા-સેન્ટર ક્ષમતા ૨૦૨૦ માં લગભગ ૩૭૫ MW થી વધીને ૨૦૨૫માં ૧,૫૦૦ MW થઈ ગઈ છે. કાઉન્સિલ ઓન એનર્જી, એન્વાયર્નમેન્ટ એન્ડ વૉટર (CEEW) નો અંદાજ છે કે ૨૦૩૦ સુધીમાં તે ૪.૫-૬.૫ GW સુધી પહોંચી શકે છે. તેના તાજેતરના અભ્યાસ મુજબ, જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં ભારતમાં લગભગ ૨૭૧ ડેટા સેન્ટરો હતા, જે આશરે ૨૩ મિલિયન ચોરસ મીટર વિસ્તાર ધરાવતા હતા. મુંબઈમાં તેમાંથી લગભગ ચોથા ભાગના છે, ત્યારબાદ ચેન્નઈ, હૈદરાબાદ અને બેંગલુરુનો નંબર આવે છે. એકંદરે, ભારત વિશ્વના ડેટાના લગભગ પાંચમા ભાગનો ડેટા જનરેટ કરે છે પરંતુ વૈશ્વિક ડેટા-સેન્ટર ક્ષમતામાં માત્ર ૧.૨ ટકા હિસ્સો ધરાવે છે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કમ્પ્યુટિંગનું માપદંડ બદલી રહ્યું છે.



ડેટા સેન્ટરોએ પરંપરાગત રીતે વેબસાઈટ્સ, ક્લાઉડ સ્ટોરેજ અને નાણાકીય સેવાઓ જેવા વર્કલોડને સંભાળ્યા છે. એઆઈ વર્કલોડ માટે શક્તિશાળી પ્રોસેસર્સની જરૂર પડે છે જે વધુ કમ્પેટિબલ રેક્સમાં પેક કરવામાં આવે છે. સરળ શબ્દોમાં કહીએ તો, સમાન જગ્યામાં વધુ શક્તિશાળી કમ્પ્યુટર્સ પેક કરવામાં આવી રહ્યા છે. આ તફાવત નોંધપાત્ર હોઈ શકે છે. જાણકારોના મતે સ્ટાન્ડર્ડ સર્વર્સ માટે ૧૦-૧૫ ઉં ની સરખામણીમાં સર્વર રેક્સ પ્રતિ રેક ૭૦-૧૫૦ ઉં નો વપરાશ કરશે. વધુ પાવર-ડેન્સ કમ્પ્યુટિંગ વધુ ગરમી પણ ઉત્પન્ન કરે છે, જેનો અર્થ છે કે વધુ કૂલિંગની જરૂર પડે છે. ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA) નો અંદાજ છે કે વિશ્વભરમાં ડેટા સેન્ટરોએ ૨૦૨૪ માં ૪૧૫ ટેરાવોટ-કલાક (TWh) વીજળીનો વપરાશ કર્યો હતો, જે વૈશ્વિક વીજળી વપરાશના લગભગ ૧.૫ ટકા છે. યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ (યૌઈ) ને અપેક્ષા છે કે ૨૦૩૦ સુધીમાં વૈશ્વિક ડેટા-સેન્ટર વીજળીની માંગ બમણી થઈ જશે. સીઈઈડબ્લૂના મતે, ભારતમાં ડેટા સેન્ટરો ૨૦૨૪ માં રાષ્ટ્રીય વીજળી વપરાશના લગભગ ૦.૫ ટકા હિસ્સો ધરાવતા હતા. સર્વર્સ અને કૂલિંગ મળીને ડેટા સેન્ટરના વીજળી વપરાશના વિભિન્ન સુવિધાઓ વચ્ચે અલગ હોવા છતાં લગભગ ૭૦ ટકા હિસ્સો ધરાવે છે. તેથી મુદ્દો માત્ર એ નથી કે ક્ષેત્ર રાષ્ટ્રીય સ્તરે કેટલી વીજળી વાપરે છે. ડેટા સેન્ટરો સતત કાર્યરત રહે છે અને તેથી સ્થાનિક વીજળી ગ્રીડ પર મોટી, કેન્દ્રિત માંગ ઊભી કરી શકે છે. જુલાઈમાં, ઉર્જા મંત્રાલયે અંદાજ લગાવ્યો હતો કે AI ડેટા સેન્ટરો ૨૦૩૧-૩૨ સુધીમાં ૨૬.૩ GW વીજળીનો ભાર ઉમેરી શકે છે. કેન્દ્રીય સરકારનું કહેવું છે કે એઆઈ અને અન્ય મોટા પાયાના ડેટા સેન્ટરોમાંથી વીજળીની આ અપેક્ષિત માંગને પાવર પ્લાનિંગમાં ધ્યાનમાં લેવામાં આવી રહી છે.

સર્વર્સને ઠંડા રાખવા પડે છે. એક સામાન્ય પદ્ધતિ ઈવાપોરેટિવ કૂલિંગ છે, જેમાં પાણી બાષ્પીભવન થતાં ગરમી શોષી લે છે. અન્ય સુવિધાઓ એર કૂલિંગ, ક્લોઝ્ડ-લૂપ સિસ્ટમ્સ અથવા લિક્વિડ કૂલિંગનો ઉપયોગ કરે છે. તેમાં પાણી અને વીજળી વચ્ચે તાલમેલ સાધવો પડે છે. પાણી બચાવતી કૂલિંગ સિસ્ટમ વધુ વીજળી વાપરી શકે છે, જ્યારે વધુ પાણી વાપરતી સિસ્ટમને ઓછી વીજળીની જરૂર પડી શકે છે. તેથી પર્યાવરણીય અસર વપરાયેલી ટેકનોલોજી, આબોહવા અને ડેટા સેન્ટર ક્યાં સ્થિત છે તેના પર નિર્ભર કરે છે.

જાણકારો ડેટા સેન્ટરોને કૂલિંગ માટે વીજળી અને પાણીના અત્યંત તરસ્યા માને છે. ખાસ વાત એ છે કે, CEEWનો અંદાજ છે કે ભારતના ડેટા સેન્ટરો વર્ષે લગભગ ૧૫૦ અબજ લીટર પાણી વાપરે છે, જેમાં ૨૦૩૦ સુધીમાં વપરાશ બમણાથી વધુ થવાની ધારણા છે. તેને સરખામણીમાં યુએસમાં એક સામાન્ય ૧૦૦-MW હાઈપરસ્કેલ ડેટા સેન્ટર દિવસમાં લગભગ ૨૦ લાખ લીટર પાણી વાપરે છે, જે લગભગ ૬,૫૦૦ ઘરો દ્વારા કરવામાં આવતા દૈનિક પાણીના વપરાશ જેટલું છે. સરકારી સંસ્થાઓ અને એનર્જી સંસ્થાઓ જણાવે છે કે, ડેટા સેન્ટરો ભારતની કુલ પાણીની માંગના માત્ર ૦.૦૨-૦.૦૩ ટકા હિસ્સો ધરાવે છે. હકિકતે ચિંતા એ વાતની છે કે આ માગણી ક્યાં કેન્દ્રિત છે.

એક અહેવાલ જણાવે છે કે, ભારતમાં જ્યાં પણ મોટા મોટા ડેટા સેન્ટરો આવેલા છે તેમાંથી અડધાથી વધુ ડેટા સેન્ટરો પાણીની અછત ધરાવતા વિસ્તારોમાં આવેલા છે. ભારતમાં ૫૦% થી વધુ ડેટા સેન્ટરો એવા વિસ્તારોમાં આવેલા છે જ્યાં પહેલેથી જ પાણીની ભારે અછત છે. આ ડેટા સેન્ટરોની વાત કરીએ તો વિશાખાપટ્ટનમ ખાતે પીવાના પાણી અને અભયારણ્ય પર સંકટ આવે તેમ છે. અહીંયા ગૂગલના ૧ ગીગાવોટ ક્ષમતા ધરાવતા પ્રસ્તાવિત AI ડેટા સેન્ટર સામે સ્થાનિક લોકો અને પર્યાવરણવિદોએ ભારે આક્રોશ વ્યક્ત કર્યો છે. આ ક્ષેત્ર પહેલેથી જ પીવાના પાણીની અછતનો સામનો કરી રહ્યું છે. સ્થાનિકોનું કહેવું છે કે ડેટા સેન્ટર લાખો લીટર પાણી ખેંચી જશે. તેવી જ રીતે ચેન્નઈ દેશનું બીજા નંબરનું સૌથી મોટું ડેટા સેન્ટર હબ બની ગયું છે. ચેન્નઈ ભૂતકાળમાં 'ડે ઝીરો'નો સામનો કરી ચૂક્યું છે. અહીં બહુરાષ્ટ્રીય કંપનીઓના ડેટા સેન્ટરો દિવસ-રાત ભૂગર્ભજળ ખેંચી રહ્યા છે. પરિણામે આસપાસના ગામડાઓમાં કૂવા સુકાઈ ગયા છે અને ખેતી તેમજ દૈનિક જરૂરિયાત માટે પાણી મળવું મુશ્કેલ બન્યું છે. અહીંયા ભૂગર્ભજળનું ભયાનક સ્તરે દોહન થઈ રહ્યું છે જે ભવિષ્યમાં મોટું સંકટ લાવી શકે છે.

આ ઉપરાંત મુંબઈ અને નવી મુંબઈમાં વીજ ગ્રીડ પર અસહ્ય બોજ વધ્યો છે. ભારતના ૨૫% થી વધુ ડેટા સેન્ટરો મુંબઈ-નવી મુંબઈ બેલ્ટમાં સ્થિત છે. આ સેન્ટરોના સતત ચાલુ રહેતા હાઈ-વોલ્ટેજ લોડના કારણે સ્થાનિક વીજ ગ્રીડ પર ભારે દબાણ આવે છે. ઉનાળા દરમિયાન સામાન્ય નાગરિકો અને ઉદ્યોગોએ પાવર કટનો સામનો કરવો પડે છે, જ્યારે ડેટા સેન્ટરોને ૨૪ કલાક અવિરત વીજળી આપવામાં આવે છે. તેવી જ રીતે ભારતના આઈટી હબ ગણાતા બેંગલુરુ અને હૈદરાબાદમાં અર્બન હીટ આઈલેન્ડ અને પાણીની તંગીની સમસ્યાઓ સર્જાયેલી છે. બેંગલુરુના જળસંકટથી આખું વિશ્વ પરિચિત છે. ડેટા સેન્ટરો માટે થતા બોરવેલ અને કૂલિંગ ટાવર્સને કારણે આસપાસનું તાપમાન વધી રહ્યું છે જેનાથી અર્બન હીટડોમ અને પાણીની તંગી જેવી સમસ્યાઓથી સ્થાનિક પર્યાવરણને લાંબા ગાળાનું નુકસાન થઈ રહ્યું છે.

ભારતમાં એન્વયર્ન્મેન્ટલ ઈમ્પેક્ટ એસેસમેન્ટ નોટિફિકેશન ૨૦૦૬ હેઠળ AI ડેટા સેન્ટરોને અલગથી પર્યાવરણીય મંજૂરી લેવામાંથી મુક્તિ આપેલી છે. દેશના ૧૫ થી વધુ રાજ્યોએ રોકાણ આકર્ષવા ડેટા સેન્ટર નીતિઓ બનાવી છે, પરંતુ તેમાં પાણી વપરાશની મર્યાદા કે પાવર એફિશિયન્સી અંગે કોઈ કડક રાષ્ટ્રીય નીતિ કે બંધનકર્તા નિયમો નથી. જાણકારોનું માનવું છે કે, સરકાર માત્ર રોકાણના આંકડા અને ડિજિટલ ઈન્ડિયા ના પ્રચાર માટે પર્યાવરણીય સુરક્ષાના ધોરણોને કોરાણે મૂકીને મંજૂરીઓ આપી રહી છે. તેના કારણે આજે દેશ સમક્ષ સૌથી મોટો નૈતિકતા અને અસ્તિત્વનો પ્રશ્ન ઊભો થયો છે. આપણે ડેટા પી શકતા નથી, આપણે પીવા માટે પાણી અને શ્વાસ લેવા માટે શુદ્ધ હવાની જરૂર છે. આ વાક્ય જ માનવ અસ્તિત્વની જરૂરિયાત જણાવે છે. માનવ અસ્તિત્વ બિન-વિકલ્પ છે. એઆઈ, ચેટબોટ, રીલ્સ અને ક્લાઉડ સ્ટોરેજ વગર માનવજાત જીવી શકે છે, પરંતુ પાણી, શુદ્ધ હવા અને ખોરાક વગર જીવન શક્ય નથી. જો ભારત સરકાર સમયસર જાગશે નહીં અને મર્યાદા વગર ડેટા સેન્ટરોનો વિસ્તાર ચાલુ રાખશે, તો આગામી વર્ષોમાં જળસંકટ ધરાવતા વિસ્તારોમાં સ્થાનિક વસ્તી અને ડેટા સેન્ટરો વચ્ચે પાણી માટેના રમખાણો થશે કે સામાજિક અસંતોષ ઊભો થશે. આપણે જો આર્થિક કે તકનીકી વિકાસ આપણી નદીઓ, સુકાઈ રહેલા ભૂગર્ભજળ અને જંગલોના ભોગે આવતો હોય, તો તે વિકાસ નથી પરંતુ 'વિનાશ' છે.

# શ્રાવણ માસમાં શિવ મહિમા : કળીયુગના પાપોનો નાશ કરનાર અને મુક્તિનો માર્ગ બતાવનાર શિવમહાપુરાણનો દિવ્ય મહિમા



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

પવિત્ર શ્રાવણ માસમાં આપણે શિવ મહિમા થકી હૃદય મનને અહલાદક વાતાવરણમાં નિર્મળ કરવા પ્રયત્ન કરી રહયા છીએ ત્યારે આજે આપણે જોઈએ તો જ્યારે ધર્મની ગ્લાનિ થાય, જ્યારે મનુષ્ય પોતાના મૂળથી ભટકી જાય અને જ્યારેપાપ નો ભાર પૃથ્વી પર વધી જાય,ત્યારે જગતને ફરીથી માર્ગ બતાવવા માટે કોઈ દિવ્ય ગ્રંથ નો ઉદય થાય છે. મહર્ષિ વેદવ્યાસજીએ પણ શિવ મહાપુરાણના શુભારંભે સૌથી પહેલા પરમ વંદનીય શ્રી ભોળાનાથ નું જ સ્મરણ કર્યું હતું. કારણ કે શિવ સિવાય બીજું કોઈ નથી જે તરત પાપ હરીને જીવને શાંતિ અને મુક્તિ આપી શકે.

ગંગા-યમુનાના પવિત્ર સંગમ પર આવેલા પ્રયાગતીર્થમાં જ્યારે મુનિઓએ યજ્ઞનું આયોજન કર્યું, ત્યારે ત્યાં તેજોમય મુખવાળા, સત્યપ્રિય અને દયાના ભંડાર સમા ઋષિઓ એકઠા થયા હતા. તેમાં વંદનીય શૌનક મુનિ પણ હતા. એ જ સમયે સૂતજીનું આગમન થયું. મુનિઓએ તેમનું પૂજન કરીને એક જ પ્રશ્ન પૂછ્યો જે આજે પણ દરેક માનવીના મનમાં છે: કળીયુગમાં પાપથી બચવાનો ઉપાય શું?

*કળીયુગની વાસ્તવિકતા અને જીવની મૂંઝવણ: જ્યારે ધર્મ પોતાનો રસ્તો ભૂલી જાય છે

સૂતજીને શૌનક મુનિએ કહ્યું કે આ યુગમાં માણસો દુરાચારી બન્યા છે. લોકો પરનિંદા કરે છે, પરધનની ઈચ્છા રાખે છે, પરસ્ત્રીમાં આસક્ત થાય છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર બધા જ શાસ્ત્રોની અવગણના કરીને ધર્મભ્રષ્ટ થયા છે. સંતાનો માતા-પિતા સાથે વેર રાખે છે અને કામના દાસ બની ગયા છે. સ્ત્રીઓ પણ પતિ અને સાસુ-સસરાનું અપમાન કરે છે. બાળકોનું આરોગ્ય અને બુદ્ધિ બંને કથળી રહ્યા છે. આખી પ્રજા પર પાપનો ઓછાયો ફરી વળ્યો છે.આવી સ્થિતિમાંએવો કયો ઉપાય છે જેનાથી સર્વ લોકોના પાપ તત્કાળ નાશ પામે? આ પ્રશ્ન માત્ર પ્રયાગના મુનિઓનો નહોતો, તે ત્રણેય લોકના કલ્યાણ માટેનો પ્રશ્ન હતો. *શિવમહાપુરાણનો ઉદય: વેદાંત અને સર્વ પુરાણોનો સાર જે પાપને ભસ્મ કરે છે આંખ બંધ કરીને ભગવાન શિવનું સ્મરણ કર્યા પછી સૂતજીએ કહ્યું: હે વિપ્રવર્યો, તમારા પ્રશ્નનો ઉત્તર એક જ છે અને તે છે.

શિવમહાપુરાણએ સામાન્યગ્રંથ નથી.તે સર્વ પાપોનો વિનાશ કરનાર અને ઉત્તમ ગતિ આપનાર છે. તેમાં વેદાંતનું જ્ઞાન છે અને સર્વ પુરાણોનો સાર સમાયેલો છે. જ્યાં સુધી આ જગતમાં શિવપુરાણનો પ્રચાર ન થાય ત્યાં સુધી કળીયુગના ઉત્પાતો, મંત્ર-તંત્રના ભેદ,દેવ-દાનવની મૂંઝવણો અને મતભેદો ચાલુ જ રહેશે.પરંતુ જેવો શિવપુરાણનો ઉદય થશે,બધા વિવાદોનું શમન થઈ જશે.

મહર્ષિ વેદવ્યાસજીએ મૂળ એક લાખ શ્લોકોવાળા આ પુરાણને ટૂંકાવીને ૨૪ હજાર શ્લોકો અને ૭ સંહિતાઓમાં રજૂ કર્યું.જ્ઞાન,ભક્તિ અને વૈરાગ્યથી ભરપૂર આકથાજીવ ને ભવસાગરમાંથી પાર ઉતારે છે.

*શિવપુરાણના પઠન-શ્રવણ-મનન નું અદભૂત ફળ:એક શ્લોક પણ જીવન બદલી શકે છે સૂતજીએ શિવપુરાણનું મહિમાગાન કરતા કહ્યું કે આ પુરાણના પઠન,મન અને ચિંતનથી અતિ દુર્લભ ફળ મળે છે. *ભક્તિ અને પૂજનનું ફળ:જે એક પણ શ્લોક ભક્તિપૂર્વક સાંભળે કે પઠન કરે તે જીવનમુક્ત બને છે. જે પાઠક તેનું પૂજન કરે તેને અશ્વમેધ યજ્ઞનું ફળ મળે છે.જે અન્યના મુખે થી સાંભળે તેના પાપ નાશ પામે છે. જે વંદન કરે તેના પર સર્વ દેવોની કૃપા ઉતરે છે.વિશેષ સંહિતા ઓનું મહત્વ ચૌદશના દિવસે ઉપવાસ સાથે પાઠ કરવાથી પુરશ્ચરણનું પુણ્ય અને મુક્તિ મળે છે.રુદ્ર સંહિતાનો ભાવપૂર્ણ પાઠ કરવાથી બ્રહ્મહત્યા જેવું મહાપાપ પણ નાશ પામે છે. ભૈરવની સામે શાંતચિત્તે દિવસમાં ત્રણ વાર રુદ્ર સંહિતાનો પાઠ કરનારની મનોકામના પૂર્ણ થાય છે. કૈલાસ સંહિતા ૐકારનું સ્વરૂપ દર્શાવે છે અને તે સાક્ષાત્ બ્રહ્મ સ્વરૂપ છે.શિવે ઉપનિષદરૂપી સમુદ્ર નું મંથન કરીને આ સંહિતા આપી, જેનું પાન કરનાર અમરત્વ પામે છે.

*સૃષ્ટિના આદિકાળની કથા: બ્રહ્માજીએ કહેલું સર્વોત્તમ તત્ત્વ કોણ છે એકવાર છ મુનિઓએ ભેગા મળીને વિચાર્યું કે સર્વ તત્ત્વો માં સૌથી જૂનું અને શ્રેષ્ઠ તત્ત્વ કયું?જવાબ ન મળતા તેઓ બ્રહ્માજી પાસે ગયા. બ્રહ્માજીએ કહ્યું:જેના સુધી મન અને વાણી પણ પહોંચીને પાછા ફરે છે,તે જ સર્વોત્તમ તત્ત્વ છે.તે મહાદેવ છે. તે જ સમગ્ર વિશ્વના સ્વામી અને સર્વજ્ઞ છે. ભક્તિ વિના તેમનું દર્શન થતું નથી. રુદ્ર અને હરિ પણ જેના દર્શન માટે ઝંખે છે. તેથી તમે પૃથ્વી પર જઈને એક હજાર વર્ષ સુધી ચાલે તેવો યજ્ઞ કરીને શિવ ને પ્રસન્ન કરો. શિવકૃપાથી જ વેદનું સાર અને સાધના-સાધ્યનું જ્ઞાન મળશે.

*સાધ્ય, સાધન અને સાધકની ત્રિવેણી:શ્રવણ, મનન અને કીર્તનનો માર્ગ મુનિઓએ પૂછ્યું તો બ્રહ્માજીએ સમજાવ્યું: *સાધ્ય શિવપદની પ્રાપ્તિ *સાધન શિવની સેવા*સાધક જેણે કર્મના ફળની આશાનો ત્યાગ કર્યો હોય વેદોક્ત કર્મ કરીને તેનું ફળ શિવને અર્પણ કરવાથી શિવપદ મળે છે.શંકર ભગવાને કહ્યું કે સાધકે શ્રદ્ધાથી શિવકથા સાંભળવી,એકતાલથી કીર્તન કરવું અને એકાગ્ર ભાવે ધ્યાન ધરવું.આ ક્રમ છે:પહેલા ગુરુ મુખેથી શ્રવણ, પછી કીર્તન અને પછી મન.સજ્જનો અને જ્ઞાનીઓના સમાગમથી શ્રવણ મળે,મનથી ઈષ્ટનું પૂજન અને નામજપ થાય અને છેવટે કીર્તન થાય. શરૂઆતમાં આ સાધના અઘરી લાગે, પણ અંતે તે સંપૂર્ણ કલ્યાણકારી બને છે. શરીરની વ્યાધિ મટે છે અને સાધકને દિવ્યાનંદની અનુભૂતિ થાય છે.

ઋષિઓએ છેલ્લો પ્રશ્ન પૂછ્યો: બીજા દેવોની માત્ર મૂર્તિ પૂજાય છે, પણ શિવની લિંગ અને મૂર્તિ બંનેની પૂજા કેમ થાય? સૂતજીએ ઉત્તર આપ્યો: ભગવાન શિવ બ્રહ્મરૂપ અને નિરાકાર છે,તેથી તેમની પૂજામાં લિંગને વેદમાન્ય માનવામાં આવ્યું છે.અને તે જ સાકાર પણ છે, એટલે મૂર્તિની પણ પૂજા થાયછે.આ રીતે શિવ નિરાકાર અને સાકાર બંને સ્વરૂપે પૂજાઈને મોક્ષ આપે છે. બીજા દેવો બ્રહ્મ સ્વરૂપ ન હોવાથી તેમની આરાધના લિંગમાં થતી નથી, તેઓ માત્ર મૂર્તિ સ્વરૂપે પૂજાય છે.આમ શિવમહા પુરાણ આપણને શીખવે છેકે કળી યુગમાં જ્યારે ત્રણેયસાધન શક્ય ન હોય ત્યારે પણ માત્ર શિવ લિંગ અને મૂર્તિના પૂજનથી મુક્તિ મળે છે. શિવ એટલે કલ્યાણ.તેમનું નામ,તેમની કથા, તેમનું સ્મરણ માત્ર જીવના બધા પાપ ધોઈ નાખે છે. આજે જ્યારે દુનિયા ફરી અશાંત છે ત્યારે શિવ મહાપુરાણનો એક શ્લોક પણ આપણા જીવનમાં પ્રકાશલાવી શકે છે.ૐ નમઃ શિવાય.

# સ્કંદ પુરાણ, શિવ પુરાણ, શ્રીમદ ભાગવત અને ઋગ્વેદમાં સોમનાથના મંદિરનો ઉલ્લેખ છે

આજે શ્રાવણનો પ્રથમ સોમવાર છે, અને શિવાલયોમાં ભક્તોની ભીડ ઉમટશે.



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

ભક્ત માટે ભગવાન શિવનું સાકાર નિરાકાર કોઈ પણ રૂપ સ્વરૂપ એ જ તેના તમામ દુ:ખનું નાશ કરનાર છે. ભગવાનનું દર્શન કરતાં જ, તે ઔષધી જેવું કામ કરે છે, અને ભક્ત પોતાના આધિ, વ્યાધિ, ઉપાધિ, એમ ત્રણેય પ્રકારના દુઃખ ભૂલી જાય છે. એટલે કે ત્રિગુણાતિત થતો જાય છે, અને આખરે મૃત્યુના શાશ્વત સત્યનું સ્મરણ થતાં મોહમાયાના બંધનથી પણ છૂટે છે. ભક્ત ભગવાનને કહે છે કે, હે ભગવાન મને અમરત્વ જોઈતું નથી. પરંતુ હું જ્યાં સુધી જીવું ત્યાં સુધી મારા આ શરીરથી સંસાર સુખ મેળવતો રહું, અને મારા પુત્ર પૌત્રાદી પણ સુખી રહે, એવી કામના કરું છું. શંકરે સ્વર્ગલોક, પૃથ્વીલોક, અને પાતાળ લોકનો માનવી જીવનને માણી શકે, જીવનને સાર્થક કરી શકે,એ માટે સમુદ્રમંથનમાં નીકળેલું હળાહળ વિષ પી ને બહુ મોટી કરુણા કરી છે. શંકર આપણને શીખવે છે કે, વેરનું ઝેર તમે મને આપી દો, આ વિષની સાથે સાથે હું તેને પણ રાખી લઈશ, પણ તમે અંદરો અંદરનાં વહેવારોમાં પ્રેમનો વધારો કરો, પ્રેમનો અનુભવ કરો, અને પ્રેમ માટે સમર્પણ કરતા શીખો, તો જ તમે મારી ભક્તિ કરી કહેવાશે. તો શંકર ચરિત્રમાંથી એવી શીખ ગ્રહણ કરવા, શિવાલયે જઈ દર્શન કરવા જવું , પરંતુ જઈ શકાય નહીં, તો એની પૌરાણિક કથા મુજબ એનું મહાત્મ્ય જાણીને દર્શન કર્યાનો સંતોષ માનીએ. બાર જ્યોતિર્લિંગ છે, એટલે દર સોમવારે ત્રણ જ્યોતિર્લિંગનું મહાત્મ્ય જોઈશું.

સોમનાથ**પ્રથમ જ્યોતિર્લિંગ તરીકે જેને સ્થાન મળ્યું છે એ ગુજરાતનાં ગીર સોમનાથ જીલ્લાનું સોમનાથ, અને અતિ પ્રાચીન એવા આ મંદિરનો ઈતિહાસ પણ ખુબ જ રસપ્રદ છે. મોટો દરિયા કિનારે સ્થિત સૌરાષ્ટ્રના આ સોમનાથનું મંદિર ઉત્તમ સ્થાપત્યનો નમૂનો પણ છે, અને જે વિશાળ પટાંગણ અને ઐતિહાસિક કલાકારી ધરાવે છે.આટલી મોટી ઊંચાઈ અને પહોળાઈ ધરાવતું શિવલિંગ લગભગ બીજે ક્યાંય જોવા મળતું નથી.

સોમનાથનું પહેલું મંદિર 2000 વર્ષ પહેલાં અસ્તિત્વમાં આવ્યું હોવાનું કહેવાય છે. સોમનાથ ને જૂનઈદ, મહંમદ ગઝની, અને ઔરંગઝેબ એ તોડી પાડ્યું હતું, પણ શિવલિંગનો નાશ કરી શક્યા નહોતાં. ઈતિહાસ મુજબ સોમનાથ મંદિરનો કેટલીય વાર વિનાશ થયો, અને ત્યારબાદ ફરી પાછું ઊભું થયું આ બતાવે છે, કે સત્યનો ક્યારેય પરાજય થતો નથી. સ્કંદ પુરાણ, શિવ પુરાણ, શ્રીમદ ભાગવત અને ઋગ્વેદમાં સોમનાથના મંદિરનો ઉલ્લેખ છે. આ જ્યોતિર્લિંગની પૌરાણિક કથા મુજબ, દક્ષ પ્રજાપતિની 28 પુત્રીઓ સાથે ભગવાન ચંદ્રનાં લગ્ન થયાં, અને તે એમાંથી ફક્ત એક રાણી એટલે કે રોહિણી સાથે જ સમય વ્યતીત કરતા હોવાથી, બાકીની પુત્રીઓ પિતાના ઘરે જઈ ફરિયાદ કરે છે. દક્ષ પ્રજાપતિ ચંદ્રને શ્રાપ આપે છે, કે તારો ક્ષય થશે. રોહિણી અને ચંદ્રદેવ શિવની ખૂબ આકરી તપસ્યા કરીને ભગવાન શંકર પ્રસન્ન થઈને 15 દિવસનો ક્ષય, અને 15 દિવસ ચડતી, એ રીતે ચંદ્રને વરદાન આપે છે. ભગવાન સોમ એટલે કે ચંદ્રમા પ્રસન્ન થઈને સોનાનાં લિંગની સ્થાપના કરે છે, અને અહીંની કપિલા હીરણ અને સરસ્વતીની ત્રિવેણીમા સ્નાન કરી ચંદ્ર પોતાનું રૂપ પાછુ મેળવે છે. ત્યારબાદ ત્રેતાયુગમાં રાવણ ચાંદીના શિવલિંગની આ જગ્યાએ સ્થાપના કરે છે, અને ત્યારબાદ ભગવાન શ્રીકૃષ્ણ સ્વયં લાકડાના શિવલિંગની સ્થાપના કરે છે, ત્યારબાદ આ અત્યારનું શિવલિંગ અસ્તિત્વમાં આવ્યું છે, અહલ્યા બાઈએ બનાવ્યું છે.ભારતીય પ્રાચીન ગ્રંથો મુજબ સોમનાથ જ્યોતિર્લિંગની સ્થાપના અને પ્રાણ પ્રતિષ્ઠા ત્રેતા યુગમાં શ્રાવણ મહિનાની શુક્લ પક્ષની ત્રીજના રોજ કરવામાં આવી હતી.

મહાકાલેશ્વર** ભારતનાં નકશાનું હૃદય એવી ઉજ્જૈન નગરીમાં એટલે કે હાલના મધ્યપ્રદેશની રાજધાનીમાં મહાદેવનાં બાર જ્યોતિર્લિંગમાંનું એક જ્યોતિર્લિંગ બિરાજમાન છે, અને તે કાળના કાળ મહાકાલેશ્વરનાં નામે પ્રસિદ્ધ છે. આ નગરી પહેલાંના સમયમાં વિક્રમાદિત્યની રાજધાની અવંતિકા કહેવાતી. અવંતિ, અવંતિકા, ઉજ્જયીની, વિશાલા, નંદની, અમરાવતી, કનકશ્રૃંગા, પદ્માવતી, પ્રતિકલ્પા, ચૂડામણી વગેરે નામ પણ છે. મહાકાલના મંદિર સિવાય, સમ્રાટ વિક્રમાદિત્ય અને મહાકવિ કાલિદાસનું નામ ઉજ્જૈન સાથે જોડાયેલું હોવાથી એ પ્રખ્યાત છે. ભારતમાં એકમાત્ર શિવાલય એવું છે, જેમાં ભગવાન દક્ષિણાભિમુખ બેઠા છે, આથી તેને દક્ષિણામૂર્તિ પણ કહેવામાં આવે છે. વામ માર્ગીય સાધના માટે અઘોરીઓને તાંત્રિકો આવે છે, અને કાલભૈરવનુ મંદિર પણ અહીં આવેલું છે, આ મંદિર ભસ્મ આરતી માટે પ્રખ્યાત છે. વહેલી સવારે એટલે કે લગભગ ચાર વાગે મહાદેવના લિંગને ભસ્મનો શ્રૃંગાર કરવામાં આવે છે, પહેલા તો તાજી ચિતા પરથી ભસ્મ લઈને તેનું લેપન કરવામાં આવતું હતું, પરંતુ હવે કપિલા ગાયના ગોબરમાંથી બનેલા છાણા, શમી,પીપળો, પલાશ, વડ,અમલતાસ અને બોરના લાકડાઓને બાળીને તેની ભસ્મ બનાવવામાં આવે છે, જે બિલકુલ શિવપુરાણમાં ઉલ્લેખ થયાં મુજબ છે. જોકે અઘોરીઓની માંગણી છે કે મહાકાલની ભસ્મ આરતી પહેલાની જેમ જ તાજા મડદાની રાખમાંથી થાય. મહાકાલને સ્મશાનના અધિપતિ માનવામા આવે છે, જેથી શબની ભસ્મ તેમના શ્રૃંગારનુ કામ કરે છે. એવી પણ એક માન્યતા છે, કે મહાકાલને ચઢાવેલ ભસ્મને આરોગવાથી તમામ રોગો માંથી મુક્તિ મળે છે. દૂષણ નામના એક રાક્ષસની પૌરાણિક કથા પણ છે, જે બધાને ખૂબ જ પરેશાન કરી રહ્યો હતો, અને લોકોએ મહાકાલને પ્રાર્થનાં કરી કે હે મહાકાલ અમને આ રાક્ષસના ત્રાસમાંથી મુક્ત કરો, અને લોકોની રક્ષા અર્થે ભગવાન આશુતોષ પ્રગટ થયા, અને દૂષણનો ખાત્મો કરીને પરત જઈ રહ્યાં હતાં, ત્યારે ઉજ્જૈન વાસીઓએ તેમને અહીં જ રોકાઈ જવાં આગ્રહ કર્યો, અને ભગવાન શિવલિંગમાં સ્વયં જ્યોતિ સ્વરૂપે સમાઈ ગયાં, ત્યારથી આ મંદિર મહાકાલેશ્વરના નામે પ્રખ્યાત છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદ એરપોર્ટ પરથી અમેરિકા જવા રવાના થયા

## મુખ્યમંત્રી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ સંદર્ભે અમેરિકા અને કેનેડાના પ્રવાસે





**અમદાવાદ, તા.16**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદ એરપોર્ટ પરથી અમેરિકા જવા રવાના થયા હતા. મુખ્યમંત્રી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ - ૨૦૨૭ સંદર્ભે અમેરિકા અને કેનેડાના પ્રવાસે ગયા છે. મુખ્યમંત્રી અમેરિકા અને કેનેડાના રોકાણકારો અને ઉદ્યોગ મંડળો સાથે બેઠકો કરીને ગુજરાતમાં વિદેશી મૂડીરોકાણ વધારવા માટે પ્રયાસો કરશે. મુખ્ય સચિવ એમ.કે. દાસ, નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવ ટી. નટરાજન,ઉદ્યોગ અને ખાણ વિભાગનાં અધિક મુખ્ય સચિવ મમતા વર્મા, મુખ્યમંત્રીના અગ્ર સચિવ સંજીવ કુમાર તેમજ મુખ્યમંત્રીના અધિક અગ્ર સચિવ ડૉ. વિક્રાંત પાંડે ઉપરાંત રાજ્યના ઉદ્યોગ વેપાર જગતનું પ્રતિનિધિ મંડળ મુખ્યમંત્રીની સાથે આ વિદેશ પ્રવાસમાં સાથે રહેવાનું છે.

મુખ્યમંત્રીના નેતૃત્વમાં ગુજરાત ડેલીગેશન અમેરિકામાં વોશિંગટન ડી સી, ન્યુયોર્ક, સાન ફ્રાન્સિસ્કો તેમજ કેનેડામાં ટોરેન્ટોમાં ત્યાંના વિવિધ ઉદ્યોગ રોકાણ કારો, ઈમરજીંગ ટેકનોલોજી સેકટર ના અગ્રણીઓ અને ગુજરાતી સમુદાયો સાથે રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ તેમજ વન ટૂ વન બેઠકો યોજીને ગુજરાતની વૈશ્વિક વિકાસ ગાથાની પ્રસ્તુતિ કરશે. આગામી જાન્યુઆરી 2027 માં યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત સમિટ માં જોડાવા માટેનું નિમંત્રણ પણ પાઠવશે. અમદાવાદ એરપોર્ટ પરથી મુખ્યમંત્રીના વિદેશ પ્રવાસ પ્રસ્થાન સમયે કલેક્ટર ભવ્ય વર્મા સહિતના અધિકારીઓએ ઉપસ્થિત રહીને સફળ પ્રવાસ માટે શુભકામનાઓ પાઠવી હતી.

# પોસ્ટ વિભાગે 80મો સ્વાતંત્ર્ય દિવસ ઉજવ્યો, પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે અમદાવાદ જીપીઓ ખાતે ધ્વજવંદન કર્યું

### સ્વાતંત્ર્ય દિવસ માત્ર એક પર્વ નહીં, પરંતુ ગૌરવ, સન્માન અને રાષ્ટ્રીય ચેતનાનું પ્રતીક છે : પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

**અમદાવાદ, તા.16**

80મો સ્વાતંત્ર્ય દિવસ પોસ્ટ વિભાગ દ્વારા હર્ષોલ્લાસપૂર્વક ઉજવવામાં આવ્યો. આ પ્રસંગે અમદાવાદ જીપીઓ ખાતે આયોજિત સમારોહમાં ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે ધ્વજવંદન કર્યું અને અધિકારીઓ તથા કર્મચારીઓને સ્વાતંત્ર્ય દિવસની શુભેચ્છાઓ પાઠવી. આ પ્રસંગે રાષ્ટ્રગાન, દેશભક્તિ ગીતો અને દેશ પ્રત્યે સમર્પણની ભાવનાથી ઓતપ્રોત વાતાવરણ જોવા મળ્યું. ઉત્કૃષ્ટ કામગીરી કરનાર પોસ્ટલ કર્મચારીઓને સન્માનિત પણ કરવામાં આવ્યા. ડાક ચૌપાલ અંતર્ગત ખાતું ખોલાવનાર દીકરીઓને સુકન્યા સમૃદ્ધિ ખાતા, પોસ્ટલ જીવન વીમા, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક વગેરેની પાસબુક તથા બોન્ડ્સ પણ અર્પણ કરવામાં આવ્યા.



પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે આ દિવસ આપણને માત્ર આઝાદીનું ગૌરવ જ અનુભવ કરાવતો નથી, પરંતુ આપણી ફરજો અને જવાબદારીઓનું પણ સ્મરણ કરાવે છે. જ્યારે-જ્યારે દેશ પર સંકટની ઘડી આવી છે, ત્યારે દેશવાસીઓએ એકજૂટ થઈને તેનો સામનો કર્યો છે અને ‘રાષ્ટ્ર પ્રથમ’ની ભાવનાને સર્વોચ્ચ સ્થાન આપ્યું છે. પોસ્ટ વિભાગે હંમેશાં ‘અહર્નિશમ સેવામહે’ ની ભાવના સાથે કાર્ય કરતાં સમાજના છેવાડા સુધી કલ્યાણકારી યોજનાઓ પહોંચાડી છે. તેમણે વધુમાં જણાવ્યું કે એક વિભાગ તરીકે આપણી નૈતિક જવાબદારી છે કે આપણે આપણી ક્ષમતાઓનો સંપૂર્ણ વિકાસ કરીને સમાજ અને રાષ્ટ્રની પ્રગતિમાં યોગદાન આપીએ. સ્વાતંત્ર્ય દિવસની સાચી સાર્થકતા પણ આ જ હશે. પોસ્ટલ સેવાઓની ઐતિહાસિક અને સતત ભૂમિકાને રેખાંકિત કરતાં શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે નાણાકીય સમાવેશ અને ડિજિટલ ઈન્ડિયા સાથે દેશના સામાજિક તથા આર્થિક વિકાસમાં પોસ્ટ વિભાગ એક મજબૂત કડી તરીકે કાર્ય કરી રહ્યું છે.

પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે પોતાના સંબોધનમાં જણાવ્યું કે સ્વાતંત્ર્ય દિવસ માત્ર એક પર્વ નથી, પરંતુ તે ગૌરવ, સન્માન અને રાષ્ટ્રીય ચેતનાનું પ્રતીક છે. સ્વાતંત્ર્ય દિવસ આપણને આઝાદીને નવેસરથી અનુભવવાની સાથે અધિકારોની સાથે આપણી ફરજો પ્રત્યે પણ જાગૃત થવાની તક આપે છે. સ્વતંત્રતાના મૂલ્યને ઓળખવા તેમજ દેશ માટે ત્યાગ અને બલિદાન આપનાર મહાપુરુષોને યાદ કરીને નવી પેઢીને તેમની સાથે જોડવાનું કાર્ય પણ આપણે કરવું પડશે.

આ પ્રસંગે અમદાવાદ જીપીઓના કર્મચારીઓએ સુંદર સમૂહગાનની પ્રસ્તુતિ કરી. મિવાન પટેલ, કિન્નરી વ્યાસ, નીવા રાઠોડ, વીરપાલ વાળા વગેરે કલાકારોએ પણ પોતાની મનમોહક પ્રસ્તુતિઓથી ઉપસ્થિત સૌના દિલ જીતી લીધા. કાર્યક્રમના અંતે આકાશમાં રંગબેરંગી ફુગ્ગાઓ ઉડાવીને પણ આઝાદીની ખુશીની ઉજવણી કરવામાં આવી.

પોસ્ટલ વૉરિયર્સ અભિયાન હેઠળ ગોલ્ડ શ્રેણીમાં નિશાબેન દરજી, શિલ્પા વી. અંબાલિયા, હિતેશકુમાર કે. પ્રજાપતિ, યશ કે. પ્રજાપતિ, રોનક બી. પ્રજાપતિ, પ્રકાશભાઈ કે. શાહ, શોભના ડી. બારૈયા અને નિકુંજકુમાર એમ. રાઠોડ તેમજ પોસ્ટમેન શ્રેણીમાં વી. સી. મારૂ, ખ્યાતિબેન એમ. રાવલ, નયનાબેન કે. સોલંકી, પાર્થ પ્રજાપતિ, રામજીભાઈ પરમાર અને હિરેન પટેલને તથા વિશિષ્ટ રમતગમત સિદ્ધિ બદલ હર્ષદીપ પરમારને પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે સન્માનિત કર્યા.

સ્વાગત સંબોધન સિનિયર પોસ્ટમાસ્ટર સંદીપ કુશવાહાએ, આભારવિધિ અલ્પેશ શાહે અને કાર્યક્રમનું સંચાલન નિશા નાયરે કર્યું. આ પ્રસંગે અમદાવાદ મંડળના પ્રવર અધિક્ષક શિશિર કુમાર, ગાંધીનગર મંડળના નવનિયુક્ત પ્રવર અધિક્ષક શુભમ ડોંગરદિવે, સહાયક નિદેશક અલ્પેશ શાહ, વી. એમ. વ્હોરા, રિતુલ ગાંધી, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકના ચીફ મેનેજર અભિજીત જિભકાટે, પ્રિયંકા કુમારી, સહાયક અધિક્ષક જીનેશ પટેલ, રમેશ પટેલ, જે. એસ. જીડ, રોનક શાહ, ડેપ્યુટી મેનેજર આર. એ. શેખ, પરાગ વાસનિક, એસ. એન. ઘોરી, નિરીક્ષક પાયલ પટેલ સહિતના તમામ અધિકારીઓ-કર્મચારીઓ તથા તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા અને હર્ષોલ્લાસપૂર્વક સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરી.

# અમદાવાદ મંડળની રેલવે સંસ્થાઓમાં સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે નિબંધ અને ચિત્રકલા સ્પર્ધાઓનું આયોજન

**અમદાવાદ, તા.16**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા 80મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી નિમિત્તે સિનિયર રેલવે ઈન્સ્ટિટ્યૂટ, કાંકરિયા, રેલવે ઈન્સ્ટિટ્યૂટ ઓલ્ડ કોલોની, સાબરમતી તેમજ ન્યૂ કોલોની ઈન્સ્ટિટ્યૂટ, સાબરમતી ખાતે બાળકો માટે નિબંધ અને ચિત્રકલા સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું.

તા. 09 ઓગસ્ટ 2026ના રોજ સિનિયર રેલવે ઈન્સ્ટિટ્યૂટ, કાંકરિયા ખાતે આયોજિત નિબંધ અને ચિત્રકલા સ્પર્ધાઓમાં કુલ 39 બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્વાતંત્ર્ય દિવસ સમારોહના અવસરે તા. 15 ઓગસ્ટ 2026ના રોજ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર 17 વિજેતા બાળકોને મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ દ્વારા મેડલ, પ્રમાણપત્ર તથા રોકડ પુરસ્કાર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉપરાંત, સ્પર્ધામાં ભાગ લેનાર તમામ 39 બાળકોને પ્રોત્સાહનરૂપે ભેટ આપવામાં આવી હતી.

રેલવે ઈન્સ્ટિટ્યૂટ ઓલ્ડ કોલોની, સાબરમતી ખાતે આયોજિત નિબંધ અને ચિત્રકલા સ્પર્ધાઓમાં આશરે 89 બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર પ્રતિભાગીઓને મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ દ્વારા પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. ઉપરાંત, તમામ પ્રતિભાગી બાળકોને પ્રોત્સાહનરૂપે પુરસ્કાર અને ભેટ આપવામાં આવી હતી.



ન્યૂ કોલોની ઈન્સ્ટિટ્યૂટ, સાબરમતી ખાતે આયોજિત નિબંધ અને ચિત્રકલા સ્પર્ધામાં કુલ 56 બાળકોએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર વિજેતા વિદ્યાર્થીઓને મેડલ તથા પ્રશસ્તિ-પત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે વિજેતા બાળકોને સન્માનિત કરતી વખતે પોતાના પ્રેરણાદાયી સંબોધન દ્વારા તેમનો ઉત્સાહ વધાર્યો તેમજ તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી.

આ કાર્યક્રમોમાં બાળકોએ તેમજ તેમના વાલીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધાઓના માધ્યમથી બાળકોને સ્વાતંત્ર્ય દિવસના રાષ્ટ્રીય મહત્વ સાથે જોડવાની સાથે સાથે તેમની રચનાત્મક પ્રતિભાને અભિવ્યક્તિ માટેનું મંચ પણ પ્રદાન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધાઓનો ઉદ્દેશ્ય બાળકોમાં દેશભક્તિ, સર્જનાત્મકતા, લેખન તથા ચિત્રકલા પ્રતિભાને પ્રોત્સાહિત કરવાનો તેમજ સ્વાતંત્ર્ય દિવસના મહત્વ અને સામાજિક જાગૃતિ પ્રત્યે તેમનામાં રુચિ વિકસિત કરવાનો હતો.

### રાજસ્થાનમાં મુલાકાત, લગ્નની લાલચ આપી સુરત બોલાવી

# બિહારની યુવતીને છ મહિના સાથે રાખ્યા બાદ પ્રેમી રૂમ ખાલી કરી ગાયબ, રસ્તે રઝળતા અભયમે આશરો અપાવ્યો

**સુરત, તા.16**

સુરતના ઈચ્છાપોર વિસ્તારમાં પ્રેમ સંબંધમાં છેતરાયેલી અને અસહાય બની ગયેલી બિહારની ૨૫ વર્ષીય યુવતીની મદદ માટે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન ટીમ દેવદૂત બનીને સામે આવી છે. લગ્નનું સુંદર વચન આપીને છ મહિના સુધી સાથે રાખ્યા બાદ પ્રેમિકાને અંધારામાં રાખી રૂમ ખાલી કરીને ગાયબ થઈ ગયેલા યુવકના કારણે યુવતી ભારે મુશ્કેલીમાં મુકાઈ ગઈ હતી. રહેવા માટે કોઈ છત ન હોવાથી રસ્તા પર અસહાય બનીને બેઠેલી આ યુવતી પર એક જાગૃત નાગરિકની નજર પડતાં તેમણે સમયસૂચકતા વાપરીને અભયમ ટીમને જાણ કરી હતી. જેના પગલે ૧૮૧ ની ટીમે સ્થળ પર પહોંચી યુવતીનું કાળજીપૂર્વક કાઉન્સિલિંગ કરી તેને સુરતના ’સખી વન સ્ટોપ સેન્ટર’ ખાતે સન્માનપૂર્વક સુરક્ષિત આશ્રય અપાવ્યો છે. બનાવની વિગત અનુસાર, ઈચ્છાપોર ખાતે આવેલી કૃષ્ણાનગર સ્થિત ગજ્જર બિલ્ડિંગ નીચે આશરે ૨૫ વર્ષની એક યુવતી છેલ્લા એકાદ કલાકથી વધુ સમયથી ખૂબ જ ગભરાયેલી અને ગંભીર સ્થિતિમાં એકલી બેઠેલી જોવા મળી હતી. આસપાસના એક સ્થાનિક જાગૃત નાગરિકનું ધ્યાન તેના પર



જતાં તેમણે યુવતી પાસે જઈને મદદ કરવાનો અને પૂછપરછ કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, માનસિક આઘાત અને ડરના કારણે યુવતી કશું પણ બોલી શકે તેવી સ્થિતિમાં નહોતી. મામલાની ગંભીરતા સમજીને તે નાગરિકે વિલંબ કર્યા વગર તાત્કાલિક ’૧૮૧ મહિલા હેલ્પલાઈન’ પર કોલ કરીને સમગ્ર ઘટના અંગે માહિતી આપી હતી.

ઘટના અંગેનો કોલ મળતા જ ઉમરા વિસ્તારની અભયમ ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. અભયમ કૌન્સિલરે યુવતીને શાંત પાડીને પ્રેમપૂર્વક પૂછપરછ કરતા તેણે પોતાની આપવીતી જણાવી હતી. યુવતીએ ખુલાસો કર્યો હતો કે તે મૂળ બિહારની રહેવાસી છે અને થોડા સમય અગાઉ રાજસ્થાન પ્રવાસ દરમિયાન તેની મુલાકાત સુરતની એક હીરા કંપનીમાં કામ કરતા યુવક સાથે થઈ હતી. બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયા બાદ યુવકે તેની સાથે લગ્ન કરવાની પાકી ખાતરી આપી હતી. યુવકના પ્રેમ અને વચન પર વિશ્વાસ મૂકીને યુવતી પોતાનું ઘર છોડીને સુરત આવી ગઈ હતી અને બંને છેલ્લા છ મહિનાથી સાથે ભાડાના મકાનમાં રહેતા હતા. દરમિયાન થોડા દિવસો પહેલાં ચતુર યુવકે પોતાની દાદીનું અવસાન થયું હોવાનું બહાનું બતાવીને યુવતીને તેના વતન બિહાર મોકલી આપી હતી. યુવતી વતન પહોંચી તે પછી યુવકનો મોબાઈલ ફોન સતત સ્વિચ ઓફ આવવા લાગ્યો હતો. શંકા જતાં યુવતી તાત્કાલિક સુરત પરત ફરી હતી, પરંતુ જે રૂમમાં તેઓ રહેતા હતા ત્યાં પહોંચતા જ મકાનમાલિકે જણાવ્યું હતું કે યુવક તમામ સામાન લઈને રૂમ ખાલી કરીને જતો રહ્યો છે. આ સાંભળી યુવતીના પગ તળેથી જમીન ખસી ગઈ હતી. યુવક કે તેના પરિવારનો કોઈ સંપર્ક ન થતાં અને રહેવા માટે કોઈ જગ્યા ન હોવાથી તે સંપૂર્ણપણે અસહાય બની ગઈ હતી. યુવતી અને યુવક અલગ-અલગ ધર્મના હોવાથી અને આ સંબંધ અંગે પરિવારને જાણ થઈ ગઈ હોવાના કારણે યુવતી પોતાના વતન બિહાર પરત જવા પણ માગતી નહોતી. સુરત શહેરમાં તેનો અન્ય કોઈ આશરો કે સગા-સંબંધ વિહત ન હોવાથી પરિસ્થિતિ અત્યંત નાજુક બની હતી.

# અમદાવાદ મંડળમાં હર્ષોલ્લાસપૂર્વક ઉજવાયો 80 મો સ્વાતંત્ર્ય દિવસ સમારોહ

### મંડળ રેલ પ્રબંધકે ફરકાવ્યો રાષ્ટ્રધ્વજ, ઉત્કૃષ્ટ રેલ કર્મચારીઓને કર્યા સન્માનિત

**અમદાવાદ, તા.16**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર 80મો સ્વાતંત્ર્ય દિવસ સમારોહ પૂરા હર્ષોલ્લાસ અને ગૌરવ સાથે ઉજવવામાં આવ્યો. મંડળ રેલ પ્રબંધક કાર્યાલય, અમદાવાદ પરિસરમાં આયોજિત મુખ્ય સમારોહમાં મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો અને આરપીએફ તથા સ્કાઉટ્સ એન્ડ ગાઈડ્સની સંયુક્ત પરેડનું નિરીક્ષણ કરીને સલામી લીધી.



આ પ્રસંગે શ્રી વેદ પ્રકાશે સ્વાતંત્ર્ય દિવસનો સંદેશ વાંચી સંભળાવ્યો અને સૌને શુભેચ્છાઓ પાઠવી. આ દરમિયાન મંડળ રેલ પ્રબંધકે અમદાવાદ મંડળની વિવિધ સિદ્ધિઓ અંગે માહિતી આપતાં જણાવ્યું કે ગુજરાતમાં રેલવેના વિકાસને અભૂતપૂર્વ ગતિ મળી છે. વર્ષ 2009-14 દરમિયાન રાજ્ય માટેનું સરેરાશ વાર્ષિક રેલવે બજેટ આશરે 589 કરોડ હતું, જે વર્ષ 2026-27માં વધીને 17,366 કરોડ થયું છે, જે લગભગ 29 ગણું વધારે છે.

હાલમાં ગુજરાતમાં 1,28,748 કરોડના રેલવે કામો પ્રગતિ હેઠળ છે. અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ આશરે 7,000 કરોડના રોકાણથી 87 સ્ટેશનોનું આધુનિકીકરણ કરવામાં આવી રહ્યું છે. વર્ષ 2014થી અત્યાર સુધીમાં 2,900 કિમીથી વધુ નવી રેલવે લાઈનો બિછાવવામાં આવી છે તથા 4,005 કિમીથી વધુ રેલવે માર્ગોનું વિદ્યુતીકરણ કરવામાં આવ્યું છે. રાજ્યએ 100 ટકા રેલ વિદ્યુતીકરણનું લક્ષ્ય પણ હાંસલ કરી લીધું છે. આ ઉપરાંત 1,177 ROB/RUBનું નિર્માણ કરવામાં આવ્યું છે.

ગુજરાતમાં હાલમાં 6 જોડી વંદે ભારત, 1 જોડી અમૃત ભારત તથા 1 જોડી નમો ભારત એક્સપ્રેસ સેવાઓનું સંચાલન થઈ રહ્યું છે. સુરક્ષિત રેલ મુસાફરી માટે કવચ પ્રણાલી હેઠળ 1,842 રૂટ કિમીને મંજૂરી આપવામાં આવી છે.

ગત વર્ષે અમદાવાદ મંડળે સંચાલન, મુસાફર સુવિધાઓ, સુરક્ષા, માળખાગત વિકાસ, માલ પરિવહન અને નવીનતાના ક્ષેત્રમાં નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે. 20,667 કરોડની અમદાવાદ-સરખેજ-ધોલેરા સેમી હાઈ-સ્પીડ ડબલ લાઈન પરિયોજનાને કેન્દ્રીય કેબિનેટની મંજૂરી મળી છે. મંડળે 51.35 મિલિયન ટનનું સર્વાધિક માલ લદાન નોંધાવ્યું અને ભારતીય રેલવેમાં પ્રથમ વખત 8મા સૌથી વધુ માલ લદાન કરનાર મંડળનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. કન્ટેનર, મીઠું, ઓટોમોબાઈલ, ખાતર તથા બેન્ટોનાઈટના લદાનમાં પણ અમદાવાદ મંડળે ભારતીય રેલવેમાં અગ્રણી પ્રદર્શન કર્યું છે.

સુરક્ષા અને માળખાગત સુવિધાઓના ક્ષેત્રમાં 10 PSR દૂર કરવામાં આવ્યા, 139 સમપાર ફાટકો નાબૂદ કરવામાં આવ્યા, 136 કિમી સેક્સનલ ગતિમાં વધારો કરવામાં આવ્યો, 30 ROB/RUB તથા 53 પુલોના કામ પૂર્ણ કરવામાં આવ્યા અને 376 કિમી વિસ્તારમાં સુરક્ષા ફેન્સિંગ કરવામાં આવ્યું. હિંમતનગર-ખેડબ્રહ્મા ગેજ પરિવર્તન બાદ સફળ સ્પીડ ટ્રાયલ હાથ ધરવામાં આવ્યો તેમજ ગાંધીધામ-આદિપુર અને સામાખ્યાળી-ભચાઉ ચૌહરીકરણ કામો પૂર્ણ કરવામાં આવ્યા. 169 TKM ઓટોમેટિક સિગ્નલિંગ તથા વિવિધ Y-કનેક્ટિવિટી કામોને પણ કમિશન કરવામાં આવ્યા.

મુસાફર સુવિધાઓના ક્ષેત્રમાં 1,814 કરોડનું નિવેશ કરવામાં આવ્યું. નવી લિફ્ટ અને એસ્કેલેટર, અમદાવાદ સ્ટેશન પર આધુનિક એરકન્ડિશન્ડ પ્રતીક્ષાલય તેમજ નવી મુસાફર ટ્રેન સેવાઓ શરૂ થવાથી સુવિધાઓમાં વધારો થયો છે. અસારવા -ઉદયપુર વંદે ભારત, ભુજ-દિલ્હી તથા સાબરમતી-લાલગઢ દૈનિક એક્સપ્રેસ સેવાઓ શરૂ કરવામાં આવી છે.મુસાફર આવકમાં મંડળના ઈતિહાસનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન નોંધાયું છે, જ્યારે ટિકિટ ચેકિંગથી 31.8 કરોડની આવક અને બિન-ભાડા આવક 14.58 કરોડના રેકોર્ડ સ્તરે પહોંચી છે.

મંડળે નવીનતા અને આત્મનિર્ભરતામાં પણ અગ્રણી ભૂમિકા નિભાવી. સાબરમતી ખાતે ભારતીય રેલવેની પ્રથમ LNG-ડીઝલ ડ્યુઅલ ફ્યુઅલ DEMU પહેલ, ગાંધીધામ ખાતે પ્રથમ વખત સ્ટેનલેસ સ્ટીલ સોલ્ટ કન્ટેનરનો ઉપયોગ, RUBમાં પાણી ભરાવાની સેન્સર આધારિત દેખરેખ, કાંકરિયા ડેપોમાં સેન્સર આધારિત ટ્રેન ટોયલેટ ક્લીનિંગ મોનિટરિંગ તેમજ ડ્રોન પેટ્રોલિંગ જેવી નવીનતા નોંધપાત્ર છે.

# બાંગ્લાદેશે પહેલીવાર ઓસ્ટ્રેલિયામાં કાંગારુઓને પછાડ્યા, ડાર્વિન ટેસ્ટમાં ઐતિહાસિક જીત......

**નવી દિલ્હી, તા.16**

બાંગ્લાદેશે પ્રથમ વખત ઓસ્ટ્રેલિયાને તેની જ ધરતી પર ટેસ્ટ મેચમાં હરાવીને નવો ઈતિહાસ રચી દીધો છે. આ પહેલા 2003 માં બાંગ્લાદેશે ઓસ્ટ્રેલિયાની ધરતી પર 2 ટેસ્ટ રમ્યા હતા અને બંનેમાં હારનો સામનો કરવો પડ્યો હતો. એટલે કે 23 વર્ષ બાદ ઓસ્ટ્રેલિયામાં ટેસ્ટ રમવા પહોંચેલી બાંગ્લાદેશી ટીમે આ વખતે ઈતિહાસ બદલી નાખ્યો છે.




ઓસ્ટ્રેલિયા અને બાંગ્લાદેશ વચ્ચે ટેસ્ટ શ્રેણીનો પ્રથમ મુકાબલો ડાર્વિનના મરારા ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાયો હતો. આ મુકાબલામાં બાંગ્લાદેશે 9 વિકેટે ભવ્ય વિજય મેળવ્યો હતો. બાંગ્લાદેશને જીતવા માટે 57 રનનો ટાર્ગેટ મળ્યો હતો, જે તેણે ચોથા દિવસના બીજા સેશનમાં હાંસલ કરી લીધો હતો. બાંગ્લાદેશની જીતના હીરો ફાસ્ટ બોલર હસન મહમૂદ અને ઓલરાઉન્ડર મેહદી હસન મિરાજ રહ્યા હતા. મહમૂદે આ મેચમાં કુલ 9 વિકેટ ઝડપી હતી. જ્યારે મિરાજે 65 રન બનાવવાની સાથે-સાથે મેચમાં 5 વિકેટ પણ પોતાના નામે કરી હતી.

બાંગ્લાદેશની ઓસ્ટ્રેલિયા સામે તેના જ ઘરમાં આ પ્રથમ ટેસ્ટ જીત રહી. આ સાથે જ ટેસ્ટ ક્રિકેટમાં બાંગ્લાદેશે ઓસ્ટ્રેલિયાને બીજી વખત પરાજીત કર્યું છે. આ પહેલા ઓગસ્ટ 2017 માં મીરપુર ટેસ્ટમાં તેણે કંગારૂ ટીમ પર 20 રને જીત મેળવી હતી. બાંગ્લાદેશ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે અત્યાર સુધીમાં 7 ટેસ્ટ મેચ રમાઈ છે, જેમાં ઓસ્ટ્રેલિયાએ 5 મેચ અને બાંગ્લાદેશે 2 મેચ જીતી છે. ટેસ્ટ સિરીઝની બીજી મેચ 22 ઓગસ્ટથી મેકે ખાતે રમાશે.

મુકાબલાના ચોથા દિવસે ઓસ્ટ્રેલિયાએ પોતાની બીજી ઈનિંગ્સના સ્કોર 161/4 થી આગળ રમવાનું શરૂ કર્યું હતું. મેહદી હસન મિરાજે પહેલા જ સેશનમાં એલેક્સ કેરી (30 રન), બ્યુ વેબસ્ટર (5 રન) અને પેટ કમિન્સ (8 રન)ને આઉટ કરીને ઓસ્ટ્રેલિયાની સ્થિતિ મુશ્કેલ બનાવી દીધી હતી.

વિકેટોના પતન વચ્ચે કેમરન ગ્રીન ક્રીઝ પર ટકી રહ્યો હતો. ગ્રીને 4 ચોગ્ગા અને 1 છગ્ગાની મદદથી 201 બોલમાં 104 રન બનાવ્યા હતા. ગ્રીનના ટેસ્ટ કરિયરની આ 3જી સદી હતી. મિચેલ સ્ટાર્કે (18 રન) પણ ક્રીઝ પર ટકવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તસ્કીન અહમદે તેની ઈનિંગ્સનો અંત આણ્યો હતો. કેમરન ગ્રીન 9મી વિકેટ તરીકે આઉટ થયો હતો, જેને હસન મહમૂદે બોલ્ડ કર્યો હતો. આ પછી નાથન લાયન (15 રન)ને મેહદી હસન મિરાજે એલબીડબલ્યુ આઉટ કરીને કંગારૂ ટીમની બીજી ઈનિંગ્સ 284 રન પર સમેટી લીધી હતી. મિરાજે બીજી ઈનિંગ્સમાં 5 વિકેટ ઝડપી હતી, જ્યારે મહમૂદને 3 સફળતા મળી હતી. તસ્કીન અહમદ અને તૈજુલ ઈસ્લામે 1-1 વિકેટ લીધી હતી.

ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને પહેલા બેટિંગ કરતા પોતાની પ્રથમ ઈનિંગ્સમાં માત્ર 198 રન જ બનાવ્યા હતા. સ્ટીવ સ્મિથે સૌથી વધુ 71 રનનું યોગદાન આપ્યું હતું. બાંગ્લાદેશ તરફથી હસન મહમૂદે 6 વિકેટ ઝડપી હતી, જ્યારે ઈબાદત હોસેન અને તસ્કીન અહમદને 2-2 સફળતા મળી હતી.

જવાબમાં બાંગ્લાદેશે પોતાની પ્રથમ ઈનિંગ્સમાં 426 રનનો વિશાળ સ્કોર ખડકી દીધો હતો. પ્રથમ ઈનિંગ્સના આધારે બાંગ્લાદેશને 228 રનની મોટી લીડ મળી હતી. ઓપનિંગ બેટ્સમેન તંજીદ હસન તમીમે શાનદાર 101 રન બનાવ્યા હતા. જ્યારે કેપ્ટન નજમુલ હુસૈન શાંતો (84) અને મેહદી હસન મિરાજ (65) પણ બેટથી મહત્વપૂર્ણ પ્રદાન આપ્યું હતું. ઓસ્ટ્રેલિયા તરફથી જોશ હેઝલવુડે 6 વિકેટ ચટકાવી હતી, જ્યારે મિચેલ સ્ટાર્કને 2 સફળતા મળી હતી.

# 15 ઓગસ્ટે હોકી વર્લ્ડ કપમાં ભારતે રચ્યો ઈતિહાસ, મેદાન પર ઉતરતા જ કર્યો અનોખો કરિશ્મા!.....



**નવી દિલ્હી, તા.16**

ભારતીય પુરુષ હોકી ટીમે શનિવારે એટલે કે, 15 ઓગસ્ટ 2026ના રોજ મેદાન પર ઉતરતા જ એક નવો ઈતિહાસ રચી દીધો છે. નેધરલેન્ડ્સના એમસ્ટેલવીન શહેરના વેગનર સ્ટેડિયમમાં FIH પુરુષ હોકી વર્લ્ડ કપ 2026ની પોતાની પ્રથમ મેચમાં વેલ્સ સામે રમવા ઉતરતાની સાથે જ ભારત દુનિયાની એવી પ્રથમ ટીમ બની ગઈ છે, જેણે હોકી વર્લ્ડ કપના તમામ 16 ટુર્નામેન્ટ રમ્યા હોય. ભારત સિવાય સ્પેન, નેધરલેન્ડ્સ અને જર્મની પણ અગાઉના તમામ 15 વર્લ્ડ કપ રમી ચૂક્યા છે. પરંતુ 2026ના વર્લ્ડ કપમાં ભારતની મેચ આ ટીમો કરતાં પહેલાં શેડ્યૂલ થયેલી હોવાથી, કેપ્ટન હરપ્રીત સિંહની આગેવાનીમાં ભારતીય ટીમ મેદાન પર ઉતરતા જ 16મો વર્લ્ડ કપ રમવાનો ઐતિહાસિક રેકોર્ડ ભારત નામે નોંધાઈ ગયો છે.

1971 (પ્રથમ વર્લ્ડ કપ): બાર્સિલોનામાં યોજાયેલા પ્રથમ વર્લ્ડ કપમાં ભારતે બ્રોન્ઝ મેડલ (ત્રીજું સ્થાન) મેળવ્યું હતું.

1973: નેધરલેન્ડ્સમાં યોજાયેલી ટુર્નામેન્ટમાં ભારતીય ટીમ રનર્સ-અપ (ઉપવિજેતા) રહી હતી. 1975 (સુવર્ણ અક્ષરો): મલેશિયાના કુઆલાલંપુરમાં ભારતે પોતાના કટ્ટર હરીફ પાકિસ્તાનને 2-1થી હરાવીને પ્રથમ અને એકમાત્ર વર્લ્ડ કપ ખિતાબ જીત્યો હતો.

2023: ઓડિશામાં યોજાયેલા અગાઉના વર્લ્ડ કપમાં ભારતીય ટીમને 9મા સ્થાનેથી સંતોષ માનવો પડ્યો હતો. આ વખતે ભારતીય ટીમ સ્ટાર ડિફેન્ડર હરપ્રીત સિંહની આગેવાનીમાં મેદાનમાં ઉતરી છે. ટીમમાં પૂર્વ કેપ્ટન મનપ્રીત સિંહ, અમિત રોહિદાસ અને વિવેક સાગર પ્રસાદ જેવા અનુભવી ખેલાડીઓ સામેલ છે, જેઓ ભારતને ફરીથી વર્લ્ડ ચેમ્પિયન બનાવવાનો દમ રાખે છે.

ભારતનું ગ્રુપ સ્ટેજ શેડ્યૂલ, 15 ઓગસ્ટ (શનિવાર): વેલ્સ સામે પ્રથમ મેચ, 17 ઓગસ્ટ (સોમવાર): ઈંગ્લેન્ડ સામે મુકાબલો, 19 ઓગસ્ટ (બુધવાર): પાકિસ્તાન સામે મહામુકાબલો.

# શ્રીલંકા સામે ગોલ ટેસ્ટમાં ભારતીય ખેલાડી દેવદત્ત પડિક્કલે તોડયા 3 મોટા રેકોર્ડ, 2 વર્ષ બાદ ચાન્સ મળ્યો અને ચમક્યો

**નવી દિલ્હી, તા.16**

ભારતના યુવા ટોપ-ઓર્ડર બેટ્સમેન દેવદત્ત પડિકલે શ્રીલંકા સામે ગૉલ ખાતે રમાઈ રહેલી પહેલી ટેસ્ટ મેચમાં શાનદાર બેટિંગ કરીને પોતાના ટેસ્ટ કરિયરની પહેલી સદી ફટકારી છે. યશસ્વી જયસ્વાલની વિકેટ પડ્યા બાદ નંબર-3 પર બેટિંગ કરવા ઉતરેલા પડિકલે 9 ચોગ્ગા અને 1 ગગનચુંબી છગ્ગાની મદદથી આ સિદ્ધિ મેળવી છે. પોતાના ટેસ્ટ કરિયરની માત્ર ત્રીજી જ મેચ રમી રહેલા પડિકલે સદી ફટકારવાની સાથેસાથે ત્રણ મોટા રેકોર્ડ્સ પણ પોતાના નામે કરી લીધા છે.



ડાબોડી બેટ્સમેન દેવદત્ત પડિકલ 21મી સદીમાં ભારત માટે નંબર-3 પર ટેસ્ટ સદી ફટકારનાર માત્ર બીજા જ ડાબોડી બેટ્સમેન બન્યા છે. અગાઉ આ સિદ્ધિ પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીએ વર્ષ 2002માં ઝિમ્બાબ્વે સામે દિલ્હી ટેસ્ટમાં 136 રનની ઈનિંગ રમીને મેળવી હતી. આ રીતે 24 વર્ષના લાંબા અંતરાલ બાદ કોઈ ભારતીય ડાબોડી બેટ્સમેને આ મુકામ હાંસલ કર્યો છે. આ ઉપરાંત, છેલ્લે સપ્ટેમ્બર 2024 માં શુભમન ગિલે ચેન્નઈ ખાતે આ સ્થાન પર સદી ફટકારી હતી, અને ત્યારબાદ 19 ટેસ્ટ મેચોની લાંબી રાહત બાદ આ નંબર પર કોઈ ભારતીય બેટ્સમેન દ્વારા સદી નોંધાઈ છે.

ડાબોડી ખેલાડી દેવદત્ત પડિકલની બે વર્ષના લાંબા સમય બાદ ટેસ્ટ ટીમમાં વાપસી થઈ છે. અગાઉ તેમણે ભારત માટે નવેમ્બર 2024માં છેલ્લી ટેસ્ટ મેચ રમી હતી. લાંબા સમય બાદ મળેલી આ તકને પડિકલે સંપૂર્ણપણે ઝડપી લીધી અને પોતાની સદી દ્વારા સિલેક્ટર્સના વિશ્વાસને સાર્થક સાબિત કર્યો છે.

# 'હું પણ 400 વિકેટ ઝડપી શક્યો હોત...', શોએબ અખ્તરનું દર્દ છલકાયું, અધૂરી ખ્વાહીશ જણાવી

**ઈસ્લામાબાદ, તા.16**

વિશ્વ ક્રિકેટમાં પોતાની ખતરનાક ઝડપ માટે જાણીતા પાકિસ્તાનના પૂર્વ ફાસ્ટ બોલર શોએબ અખ્તરે એક ટીવી ચેનલ પર વાતચીત દરમિયાન ચોંકાવનારો ખુલાસો કર્યો છે. 'રાવલપિંડી એક્સપ્રેસ' તરીકે જાણીતા અખ્તરે જણાવ્યું હતુ કે જો તેને પોતાની કારકિર્દી દરમિયાન ઈમરાન ખાન જેવી કપ્તાની મળી હોત, તો તેની ટેસ્ટ કારકિર્દીનું ચિત્ર જ કંઈક અલગ હોત અને તેના ખાતામાં માત્ર 178 નહીં પરંતુ 400થી વધુ ટેસ્ટ વિકેટ હોત.



શોએબ અખ્તરે પોતાની કારકિર્દી વિશે વાત કરતા જણાવ્યું કે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં 400થી વધુ વિકેટ ઝડપી છે, પરંતુ આંતરરાષ્ટ્રીય ટેસ્ટ ક્રિકેટમાં તે 46 મેચોમાં 178 વિકેટ જ લઈ શક્યો હતો. જ્યારે તેણે 1997માં ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું, ત્યારે ઈમરાન ખાન આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ ચૂક્યા હતા. અખ્તરના મતે ઈમરાન ખાનમાં ખેલાડીઓ પાસેથી તેમનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કઢાવવાની અદ્ભુત કુશળતા હતી, જેની તેને હંમેશા ખામી વર્તાઈ હતી.

શોએબ અખ્તરે પોતાની ફિટનેસ અને સંઘર્ષ વિશે વાત કરતા જણાવ્યું કે તે ઝડપ જાળવી રાખવા માટે દરરોજ એક યુદ્ધ લડતો હતો. ઘૂંટણમાં જામેલા પ્રવાહીને બહાર કાઢવા માટે રોજ સિરીંજનો સહારો લેવો પડતો હતો. ટીમ જાગે તે પહેલાં વહેલી સવારે જિમ અને સાઈકલિંગ કરવું પડતું હતું અને મેચ પછી શરીરને સામાન્ય સ્થિતિમાં લાવવા માટે રોજ 5 કલાક જેટલો સમય લાગતો હતો. 2011ના વર્લ્ડ કપ દરમિયાન તેની કારકિર્દીનો અંત આવ્યો હતો. જેમાં તેમણે કુલ 163 વનડેમાં 247 અને 15 ટી 20 મેચોમાં 21 વિકેટ પોતાના નામે કરી હતી.

# બોક્સ ઓફિસ પર ઈમરાન હાશમીનો દબદબો: 'આવારાપન 2' એ 2 દિવસમાં સલમાન ખાનની 'એક થા ટાઈગર'ને પછાડી!

**મુંબઈ, તા.16**

બોલિવૂડ એક્ટર ઈમરાન હાશમી અને અભિનેત્રી દિશા પટણી સ્ટારર ફિલ્મ 'આવારાપન 2' બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે. 2007 માં આવેલી હિટ ફિલ્મ 'આવારાપન' ની આ સિક્વલને દર્શકો અને ક્રિટિક્સ તરફથી શાનદાર રિસ્પોન્સ મળી રહ્યો છે. રિલીઝ થતાંની સાથે જ આ ફિલ્મે થિયેટર્સમાં છવાઈ ગઈ છે અને વર્ડ ઓફ માઉથનો તેને જબરદસ્ત ફાયદો થઈ રહ્યો છે. ફિલ્મમાં ઈમરાન અને દિશાનો રોમાન્સ તેમજ એક્શન દર્શકોને ખૂબ પસંદ આવી રહ્યો છે.




ફિલ્મ 'આવારાપન 2' એ પહેલા જ દિવસથી બોક્સ ઓફિસ પર ડબલ ડિજિટ સાથે ધમાકેદાર શરૂઆત કરી છે. પ્રાપ્ત આંકડા મુજબ:

ફિલ્મે પહેલા દિવસે (ઓપનિંગ ડે) 23.4 કરોડ રૂપિયા નું શાનદાર કલેક્શન કર્યું છે અને તેની ઓક્યુપન્સી 45% નોંધાઈ હતી.

બીજા દિવસે ફિલ્મને 53.4% નો જોરદાર ગ્રોથ મળ્યો હતો અને તેણે શનિવારે 34.09 કરોડ રૂપિયા ની કમાણી કરી હતી, જ્યારે ઓક્યુપન્સી વધીને 55.0% થઈ ગઈ હતી.

આ રીતે માત્ર 2 જ દિવસમાં ફિલ્મનું ઈન્ડિયા નેટ કલેક્શન 57.49 કરોડ રૂપિયા થઈ ગયું છે.

જ્યારે ફિલ્મનું કુલ ગ્રોસ કલેક્શન 67.84 કરોડ રૂપિયા ના આંકડાને આંબી ગયું છે.

સ્વતંત્રતા દિવસ (15 ઓગસ્ટ) ના વીકએન્ડ પર રિલીઝ થયેલી 'આવારાપન 2' એ કમાણીના નવા રેકોર્ડ્સ બનાવવાનું શરૂ કરી દીધું છે. બીજા દિવસે 34.09 કરોડની કમાણી સાથે તે 15 ઓગસ્ટ પર ધમાકેદાર કલેક્શન કરનારી 5મી સૌથી મોટી ફિલ્મ બની ગઈ છે. આ મામલામાં તેણે બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાનની સુપરહિટ ફિલ્મ 'એક થા ટાઈગર' (32.93 કરોડ) ને પણ પાછળ છોડી દીધી છે.

નિતિન કક્કડ દ્વારા નિર્દેશિત 'આવારાપન 2' નું પ્રદર્શન ઈમરાન હાશમીના કરિયર માટે પણ એક મોટો માઈલસ્ટોન સાબિત થયું છે. માત્ર બે જ દિવસમાં આ ફિલ્મ ઈમરાનની ત્રીજી સૌથી વધુ કમાણી કરનારી (હાઈએસ્ટ ગ્રોસિંગ) ફિલ્મ બની ગઈ છે. તેણે 57.49 કરોડની કમાણી સાથે અજય દેવગનની ફિલ્મ 'વન્સ અપોન એ ટાઈમ ઈન મુંબઈ' (55.47 કરોડ) નો આંકડો પાર કરી લીધો છે. ઈમરાન હાશમીની હાઈએસ્ટ ગ્રોસિંગ ફિલ્મોમાં હવે 'બાદશાહો' (78.1 કરોડ) અને 'રાઝ 3' (70.7 કરોડ) પછી 'આવારાપન 2' ત્રીજા નંબરે આવી ગઈ છે. આગામી દિવસોમાં આ ફિલ્મ બોક્સ ઓફિસ પર વધુ નવા રેકોર્ડ સર્જે તેવી પૂરી શક્યતા છે.

# 'મુન્નાભાઈ' ફેમ એક્ટર અશ્વિન મુશરાન વિવાદમાં: ગોવામાં રોંગ સાઈડ કાર ચલાવી પિતા-પુત્રની બાઈકને ટક્કર મારી!

**મુંબઈ, તા.16**

'લગે રહો મુન્નાભાઈ' ફિલ્મના એક્ટર અશ્વિન મુશરાન ગોવામાં થયેલા એક માર્ગ અકસ્માત બાદ વિવાદમાં ફસાયા છે. રિપોર્ટ અનુસાર, મડગાંવના કુસમાન વિસ્તારમાં બપોરે 12:30 વાગ્યાની આસપાસ તેમની કાર પિતા-પુત્રની બાઈકને ટક્કર મારી હતી. અકસ્માતમાં પિતાને ગંભીર ઈજાઓ થઈ હતી અને તેમની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી હોવાનું જણાય છે. આ ઘટના બાદ નજીકના લોકોએ એક્ટર પર રસ્તાની ખોટી બાજુએ વાહન ચલાવવાનો આરોપ લગાવ્યો હતો. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, બાઈક નજીક આવી રહી હતી ત્યારે રોંગ સાઈડથી આવતી કારે ટક્કર મારી હતી.

રિપોર્ટ અનુસાર, કારની જમણી બાજુના ફેન્ડરમાં બાઈક સવારનું હાડકું ફસાઈ ગયા બાદ લોકો ઉશ્કેરાઈ ગયા હતા. સ્થાનિકોએ ઈજાગ્રસ્ત પરિવાર માટે એક્ટર પાસેથી વળતરની માંગણી કરી હતી. જો કે, અકસ્માત અંગે ચોક્કસ સંજોગો અને જવાબદારી અંગે પોલીસ તપાસ હજુ બાકી છે.



અકસ્માત બાદ અશ્વિન મુશરાન અને તેની પત્ની સ્થાનિકો સાથે કથિત રીતે દલીલ કરતા જોવા મળતો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે.

ગોવાના સ્થાનિકોનો આરોપ છે કે, બોલાચાલી દરમિયાન એક્ટરની પત્નીએ એક વ્યક્તિ પર થૂંક્યું હતું, જેનાથી પરિસ્થિતિ વધુ વણસી હતી. એવું કહેવાય છે કે, ઝઘડા પછી દંપતી ઘટનાસ્થળેથી ચાલ્યા ગયા હતા. જો કે, અશ્વિન પાછળથી ઘટનાસ્થળે પાછો ફર્યો અને લોકોની માફી માંગી હતી. સ્થાનિક લોકોએ પણ તેમના વર્તન અંગે પ્રશ્નો ઉઠાવ્યા છે. અત્યાર સુધી પોલીસ તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી અને ઘટનાની સંપૂર્ણ પરિસ્થિતિની તપાસ કરવામાં આવી રહી છે.

# મંદિરમાં જવા પર ટ્રોલિંગ થતાં રડી પડી અભિનેત્રી ફારિયા અબ્દુલ્લા, 'કાફિર' કહેનારાઓને આપ્યો સણસણતો જવાબ

**મુંબઈ, તા.16**

હૈદરાબાદમાં બોનાલુ ઉજવણીમાં ભાગ લીધા બાદ તેલુગુ અભિનેત્રી ફારિયા અબ્દુલ્લાને ભારે ટ્રોલિંગનો સામનો કરવો પડ્યો હતો. અભિનેત્રીએ હવે ટ્રોલિંગના જવાબમાં સોશિયલ મીડિયા પર એક ભાવનાત્મક વીડિયો શેર કર્યો છે. જેમાં અભિનેત્રીને 'કાફિર' કહેનારાઓને સણસણતો જવાબ આપ્યો હતો. અભિનેત્રીએ 10 ઓગસ્ટના રોજ મીર આલમ મંડીમાં શ્રી મહાકાલેશ્વર અમ્માવરી મંદિરમાં બોનાલુ ઉત્સવમાં ભાગ લીધો હતો.

પરંપરાગત પોશાક પહેરીને ફારિયાએ 'બોનમ' (પરંપરાગત પ્રસાદ) હાથમાં લીધો અને ઉજવણીમાં ભક્તો સાથે જોડાઈ હતી. મંદિરમાં 'ડપ્પુ'ના તાલ પર ડાન્સ કરતી હોવાનો તેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો હતો. જો કે, સોશિયલ મીડિયા યુઝર્સનો એક વર્ગ ફારિયાની ટીકા કરી હતી. ફારિયાના મુસ્લિમ બેકગ્રાઉન્ડનો ઉલ્લેખ કરીને તેમણે હિન્દુ તહેવારમાં તેની હાજરી પર સવાલ ઉઠાવ્યા હતા. કેટલાક યુઝર્સે તો ફારિયાને 'કાફિર' કહીને તેના ધર્મ વિરુદ્ધ કામ કરવાનો આરોપ પણ લગાવ્યો હતો.

આ ટીકા પર પ્રતિક્રિયા આપતા ફારિયા ભાવુક થઈ ગઈ હતી અને તેણે એક ઈન્સ્ટાગ્રામ વીડિયો દ્વારા તેના ટીકાકારોને જવાબ આપતાં જણાવ્યું કે, ઉજવણીમાં જોડાવાનું તેણે કેમ નક્કી કર્યું.

ફારિયાએ તેના પિતા સંજય અબ્દુલ્લા વિશે વાત કરતાં કહ્યું કે, 'મારા પિતાએ બીજો ધર્મ અપનાવ્યો. શું તમે સમજો છો કે તેનો અર્થ શું છે? તેમણે ઈસ્લામ સ્વીકાર્યો કારણ કે તેમને આ ધર્મ ગમતો હતો.' ફારિયાના પિતા હિન્દુ જન્મ્યા હતા અને બાદમાં ઈસ્લામ ધર્મ સ્વીકાર્યો હતો.





અભિનેત્રીએ જણાવ્યું કે, 'આવા પરિવારમાં ઉછેરવાથી ધર્મ અને આધ્યાત્મિકતા પ્રત્યેની સમજણ ઘડાઈ. મે હંમેશા ઈસ્લામના સકારાત્મક પાસાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. બીજા સમુદાયની સાંસ્કૃતિક પરંપરાઓની ઉજવણીને પોતાના ધર્મનો અસ્વીકાર કેમ ગણવો જોઈએ? 'જ્યારે કોઈ મને કોઈ ધર્મના સારા પાસાઓ શીખવી રહ્યું હતું કારણ કે તે તેને એટલો પ્રેમ કરતો હતો કે તે તેને સ્વીકારવા માંગતો હતો, ત્યારે મારો ઉછેર કેવો રહ્યો હશે? મેં ઈસ્લામમાં ફક્ત સારું જ જોયું છે. સાચું કહું તો, હું તમારા માટે પણ શુભકામનાઓ પાઠવું છું.'

'કાફિર' કહેનારાઓને જવાબ આપતા ફારિયાએ કહ્યું કે, 'નફરતનો સામનો નફરતથી નહીં કરુ. જે કોઈ મને નફરત કરે છે અથવા વિચારે છે કે હું ખોટા માર્ગ પર છું અથવા 'કાફિર' છું તમે મને ગમે તે કહો, હું તમારા માટે સારુ જ ઈચ્છું છું. તે વૃક્ષો, પથ્થરો અને પતંગિયાઓમાં પણ જીવન જુએ છે. સૃષ્ટિની સુંદરતા લોકોને ભગવાનની નજીક લાવવી જોઈએ, તેમનામાં વિભાજન ન કરાવે. હું પ્રેમ, એકતા અને શાંતિ માટે પ્રાર્થના કરુ છે.'

અભિનેત્રીએ કહ્યું કે, 'હું મારા પ્રેમ વિશે ખુલીને વાત કરવા માંગુ છું અને હું ચાલુ રાખીશ. હું હમણાં મને નફરત કરનારાઓ સામે પણ પ્રેમથી રહીશ, કારણ કે હું જાણું છું કે મારું હૃદય સાચું છે. હું જાણું છું કે મેં પ્રેમનો અનુભવ કર્યો છે, મેં ધન્યતા અનુભવી છે અને મને એ પણ સમજાયું છે કે કૃતજ્ઞતા શું પ્રાપ્ત કરી શકે છે.'

વીડિયોના અંતમાં ફારિયાએ તેની માતા સાથેની બાળપણની વાતચીત પણ યાદ આવી. જ્યારે એક જિજ્ઞાસુ ફારિયાએ તેને 'અલ્લાહ' શબ્દનો અર્થ પૂછ્યો. તેણે કહ્યું કે, 'જ્યારે હું નાની હતી, ત્યારે મેં મારી માતાને પૂછ્યું, 'અલ્લાહ' શબ્દ શું છે? તેનો અર્થ શું છે? માતાએ ફક્ત એટલું જ કહ્યું કે તેનો અર્થ પ્રકાશ છે. તેનો અર્થ દરેક જગ્યાએ, ઘણું-બધું, એક જ સમયે. તમે એવી વસ્તુને કેવી રીતે અલગ કરી શકો છો જે દરેક જગ્યાએ હાજર છે?'

ફારિયાએ કહ્યું કે, તેણે ક્યારે બોનાલુનો અનુભવ કર્યો નથી અને તેમાં સામેલ થવા ઈચ્છતી હતી. કારણ કે તે એ સંસ્કૃતિનો ભાગ છે, જેમાં તે મોટી થઈ હતી.

બોનાલુ એ એક પરંપરાગત હિન્દુ લોક ઉત્સવ છે જે દેવી મહાકાલી અને તેમના પ્રાદેશિક સ્વરૂપો, જેમ કે યેલમ્માને સમર્પિત છે. આ તહેવાર દર વર્ષે અષાઢ (જુલાઈ-ઓગસ્ટ)ના હિન્દુ મહિના દરમિયાન ઉજવવામાં આવે છે, મુખ્યત્વે હૈદરાબાદ, સિકંદરાબાદ અને સમગ્ર તેલંગાણામાં ઉજવાય છે. સમુદાયના સ્વાસ્થ્ય, સલામતી અને સુખાકારી માટે કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે આ તહેવાર ઉજવવામાં આવે છે.

10 ઓગસ્ટ, 2026ના રોજ, ફારિયાએ હૈદરાબાદના જૂના શહેરમાં આવેલા ઐતિહાસિક શ્રી મહાકાલેશ્વર અમ્માવરી મંદિરમાં બોનાલુ ઉજવણીમાં ભાગ લીધો હતો. તેણીએ ઉત્સવોમાં સક્રિય ભાગ લીધો હતો અને પરંપરાગત 'બંગારુ બોનમ' પહેરીને બાળપણનું સ્વપ્ન પૂર્ણ કર્યું હતું. જ્યારે ઘણા લોકોએ તેલંગાણાની સંસ્કૃતિ અને તેની સમાવેશકતાની ભાવનાને સ્વીકારવા બદલ અભિનેત્રીની પ્રશંસા કરી હતી, ત્યારે સોશિયલ મીડિયા યુઝર્સનો એક વર્ગે અભિનેત્રીની ભાગીદારીની ટીકા કરી હતી.

# ભારતમાં LPG અછત ખતમ કરવાની તૈયારી

## સરકારે 21 કંપનીઓ માટે ટાર્ગેટ નક્કી કર્યા, દરરોજ 63,810 ટન ગેસનું ઉત્પાદન થશે

**મુંબઈ, તા.16**

મિડલ ઈસ્ટ અને પશ્ચિમ એશિયાના દેશોમાં સર્જાયેલા ભારે તણાવ તેમજ યુદ્ધની સ્થિતિને કારણે ભારતમાં એલપીજીના પુરવઠા પર માઠી અસર પડી હતી. આ પરિસ્થિતિથી બોધપાઠ લઈને કેન્દ્ર સરકારે એક અત્યંત મહત્વપૂર્ણ અને ઐતિહાસિક નિર્ણય લીધો છે. સરકારે પહેલીવાર દેશની તમામ સરકારી તેમજ ખાનગી રિફાઈનરીઓ અને અપસ્ટ્રીમ કંપનીઓ માટે એલપીજી ઉત્પાદનના મહત્તમ ક્ષમતા લક્ષ્યાંકો નિર્ધારિત કરી દીધા છે. પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલય દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલા સત્તાવાર આદેશ મુજબ દેશની ૨૧ મુખ્ય તેલ કંપનીઓ માટે કુલ ૬૩,૮૧૦ ટન પ્રતિદિન એલપીજી ઉત્પાદન કરવાનો દૈનિક લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. આ નવો લક્ષ્યાંક નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન દેશમાં થયેલા સરેરાશ દૈનિક ઘરેલું ઉત્પાદન કરતાં બમણાથી પણ વધુ છે, જે દેશની કુલ દૈનિક વપરાશ જરૂરિયાતનો લગભગ ૭૦ ટકા જેટલો મોટો હિસ્સો કવર કરે છે. ભવિષ્યમાં જ્યારે પણ આંતરરાષ્ટ્રીય સ્તરે સપ્લાય ચેઈન ખોરવાશે કે બજારમાં ગેસની અછત ઊભી થશે, ત્યારે આ નિયમ તાત્કાલિક ધોરણે



અમલી બનાવી દેવાશે.

આ નીતિગત આદેશ હેઠળ ખાનગી ક્ષેત્રની અગ્રણી કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડને સૌથી મોટો ઉત્પાદન હિસ્સો સોંપવામાં આવ્યો છે. રિલાયન્સની જામનગર ખાતે આવેલી ડોમેસ્ટિક-ટેરિફ એરિયા રિફાઈનરીને દરરોજ ૧૮,૦૦૦ ટન એલપીજી તૈયાર કરવાનો મહત્ત્વનો લક્ષ્યાંક મળ્યો છે. આ ઉપરાંત ખાનગી ક્ષેત્રની જ રશિયાની રોસનેફ્ટ સમર્થિત નાયરા એનર્જીની વાડીનાર સ્થિત રિફાઈનરીને રોજ ૪,૪૮૦ ટન એલપીજી ઉત્પાદિત કરવા માટે જણાવાયું છે. ભારતમાં એલપીજી જરૂરિયાત માટે વિદેશી આયાત પર અતિશય નિર્ભરતા જ આ આકરા નિર્ણય પાછળનું મુખ્ય કારણ બની છે. ગયા નાણાકીય વર્ષમાં દેશમાં થયેલા ૩૩.૨ મિલિયન ટન એલપીજી વપરાશમાંથી ૬૪ ટકાથી વધુ એટલે કે ૨૧.૩ મિલિયન ટન જથ્થો વિદેશોમાંથી આયાત કરવો પડ્યો હતો. ભારત પોતાની જરૂરિયાતનો ૯૦ ટકા એલપીજી સાઉદી અરેબિયા જેવા દેશોમાંથી સ્ટ્રેટ ઓફ હોર્મુઝના દરિયાઈ માર્ગે મંગાવે છે, જે યુદ્ધ કે તણાવ સમયે સંપૂર્ણપણે અવરોધાઈ જાય છે.

છેલ્લા કેટલાક મહિનાઓ પહેલાં સર્જાયેલી વૈશ્વિક કટોકટી દરમિયાન માર્ચ મહિનામાં સરકારે પેટ્રોકેમિકલ ઉત્પાદનમાં વપરાતા ગેસને તાત્કાલિક ડાયવર્ટ કરીને ઘરેલું ઉત્પાદન વધારીને રોજનું ૫૫,૦૦૦ ટન સુધી પહોંચાડવું પડ્યું હતું. તે કટોકટીના સમયે સરકારે કોમર્શિયલ અને ઔદ્યોગિક વપરાશકારોને વેચાણ પર અંકુશ મૂકવો પડ્યો હતો અને સામાન્ય નાગરિકો માટે રિફિલ બુકિંગનો સમયગાળો વધારીને તેમને પાઈપ્ડ નેચરલ ગેસ એટલે કે પીએનજી તરફ શિફ્ટ થવાની અપીલ કરવી પડી હતી. જૂનની મધ્યમાં પરિસ્થિતિ પૂર્વવત થયા બાદ આ પ્રતિબંધો હટાવવામાં આવ્યા હતા. આવી અસુરક્ષિત પરિસ્થિતિ ફરી ઊભી ન થાય તે માટે પેટ્રોલિયમ મંત્રાલયે તમામ કંપનીઓને એલપીજી સ્ટોરેજ, નિકાલ અને ટ્રાન્સપોર્ટેશન માટે પર્યાપ્ત ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને આધુનિક ટેકનોલોજી વિકસાવવાના કડક નિર્દેશો આપ્યા છે.

સરકારે જરૂરિયાત મુજબ રિફાઈનરીઓને ઉત્પાદન વધારવા અને ઈનપુટ સ્ટ્રીમના અન્ય તમામ ઔદ્યોગિક ઉપયોગો પર પ્રતિબંધ મૂકવાના વિશેષ અધિકારો પણ પોતાની પાસે અનામત રાખ્યા છે. આ આખી સિસ્ટમ અને પ્રોડક્શન શેડ્યૂલની દર છ મહિને એટલે કે દર વર્ષે ૧ જાન્યુઆરી અને ૧ જુલાઈના રોજ સમીક્ષા કરવામાં આવશે, જેથી નવી રિફાઈનરીઓ અને નવા ગેસ ફિલ્ડ્સનો પણ આ માળખામાં ઉમેરો કરી શકાય. આ નિર્ણયથી દેશની ઉર્જા સુરક્ષા વધુ મજબૂત બનશે અને ભવિષ્યમાં આંતરરાષ્ટ્રીય સંકટ સમયે સામાન્ય નાગરિકોના ઘરેલું ગેસ સપ્લાય પર કોઈ વિપરીત અસર પડશે નહીં.

# e-KYC પૂર્ણ નહીં કરો તો સિલિન્ડર માટે ચૂકવવો પડશે વધુ ભાવ

**નવી દિલ્હી, તા.16**

લગભગ તમામ મુખ્ય તેલ કંપનીઓ તરફથી એલપીજી ગ્રાહકો માટે આધાર આધારિત બાયોમેટ્રિક ઈ-કેવાયસી (e-KYC) પ્રક્રિયા પૂર્ણ કરવા સંબંધિત મહત્વના સમાચાર સામે આવ્યા છે. ઘરેલું ગેસ ગ્રાહકો માટે સબસિડીવાળા દરે સિલિન્ડરનો પુરવઠો સરળતાથી મેળવી રાખવા માટે આ વેરિફિકેશન પ્રક્રિયા ખૂબ જ જરૂરી ગણાવવામાં આવી છે. જો ગ્રાહકો યોગ્ય સમયમર્યાદામાં આ પ્રક્રિયા પૂર્ણ નહીં કરે તો તેમને ઘરેલું સિલિન્ડર માટે વધુ કિંમત ચૂકવવી પડી શકે છે. આ સાથે જ ભવિષ્યમાં ગેસ સિલિન્ડરનું બુકિંગ અટકી જવાની કે પછી પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ મળતી સબસિડી બંધ થઈ જવાની શક્યતાઓ પણ વધી જાય છે. આ નવો નિયમ દેશના તમામ નવા અને જૂના ગ્રાહકોને એકસમાન રીતે લાગુ પડે છે.

ઈ-કેવાયસી પૂર્ણ ન થવા પર તમારું ગેસ કનેક્શન કાયમી ધોરણે રદ કરવામાં આવશે નહીં, પરંતુ વેરિફિકેશન પૂર્ણ ન થાય ત્યાં સુધી ગ્રાહકોને અસ્થાયી રૂપે ઘરેલું દરો પર મળતી રાહત ગુમાવવી પડી શકે છે. આ સ્થિતિમાં કનેક્શન તો ચાલુ રહેશે પરંતુ ગ્રાહકોને સરકારી કે કંપની તરફથી મળતી છૂટનો લાભ નહીં મળે. રિપોર્ટ્સ મુજબ, ઈ-કેવાયસી વગરના ગ્રાહકોને ઘરેલુ દરોને બદલે કોમર્શિયલ દરો પર સિલિન્ડર ખરીદવાની નોબત આવી શકે છે. ઉદાહરણ તરીકે દિલ્હી જેવા શહેરોમાં 14.2



કિલોના ઘરેલુ સિલિન્ડરની સરખામણીએ 19 કિલોના કોમર્શિયલ સિલિન્ડરની કિંમતમાં મોટો તફાવત હોવાથી ગ્રાહકોના ખિસ્સા પર સીધો વધારાનો નાણાકીય બોજ પડી શકે છે.

સરકાર અને તેલ કંપનીઓ દ્વારા આધાર ઈ-કેવાયસી ફરજિયાત કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય સિલિન્ડર વિતરણ વ્યવસ્થામાં પારદર્શિતા લાવવાનો છે. બાયોમેટ્રિક વેરિફિકેશન દ્વારા વાસ્તવિક અને કાયદેસર ગ્રાહકોની ઓળખ થાય છે, જેથી ઘરેલું એલપીજીની કાળાબજારી અને ખોટો વ્યાપારી ઉપયોગ અટકાવી શકાય. સામાન્ય ગ્રાહકો માટે આ નિયમ માર્ચ માસથી જ પ્રક્રિયા હેઠળ લેવામાં આવ્યો હતો, પરંતુ ઘણા ગ્રાહકોનું વેરિફિકેશન બાકી હોવાથી તેલ કંપનીઓ સતત રિમાઈન્ડર્સ મોકલીને ગ્રાહકોને વહેલી તકે આ કામ પૂર્ણ કરવા જણાવી રહી છે.

ગ્રાહકો પોતાની સુવિધા મુજબ ઓનલાઈન અથવા ઓફલાઈન બંને રીતે ઈ-કેવાયસી પૂર્ણ કરી શકે છે. સ્માર્ટફોનનો ઉપયોગ કરતા ગ્રાહકો ઈન્ડેન, એચપી કે ભારત ગેસની ઓફિશિયલ એપ ડાઉનલોડ કરીને ઘરે બેઠા જ ફેસ ઓથેન્ટિકેશન દ્વારા પ્રક્રિયા પૂરી કરી શકે છે. ફેસ સ્કેન કરતી વખતે પર્યાપ્ત રોશની રાખવી અને કેમેરા સ્થિર રાખવો જરૂરી છે. ફેસ સ્કેન પૂર્ણ થયા બાદ એપમાં 'e-KYC સક્સેસ' નું સ્ટેટસ તપાસવું અનિવાર્ય છે, કારણ કે સ્ટેટસ કન્ફર્મ થયા પછી જ પ્રક્રિયા માન્ય ગણાશે. જે લોકોને મોબાઈલ એપમાં સમસ્યા આવતી હોય તેઓ નજીકની ગેસ એજન્સી પર જઈને અથવા સિલિન્ડર આપવા આવતા ડિલિવરી બોય પાસે ઉપલબ્ધ ડિવાઈસ દ્વારા સરળતાથી બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન કરાવી શકે છે.

# PPF એકાઉન્ટમાંથી દર મહિને ₹61 હજારની કમાણી:₹ 1.03 કરોડનું ફંડ પણ તૈયાર થઈ જશે

**નવી દિલ્હી, તા.16**

સરકાર દ્વારા ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ના જુલાઈથી સપ્ટેમ્બર ક્વાર્ટર માટે સ્મોલ સેવિંગ્સ સ્કીમ્સના વ્યાજ દરો યથાવત રાખવામાં આવ્યા છે. સરકારી બચત યોજનાઓના વ્યાજ દરોમાં કોઈ ફેરફાર ન થવાને કારણે રોકાણકારોને પહેલાની જેમ જ આકર્ષક અને સુરક્ષિત રિટર્ન મળતું રહેશે. આ પરિસ્થિતિમાં જે લોકો પોતાની નિવૃત્તિ માટે એક વિશાળ અને જોખમ મુક્ત ફંડ બનાવવાનું આયોજન કરી રહ્યા છે, તેમના માટે પબ્લિક પ્રોવિડન્ટ ફંડ એટલે કે પીપીએફ એક શ્રેષ્ઠ અને અત્યંત ભરોસાપાત્ર વિકલ્પ તરીકે ઉભરી આવે છે. પીપીએફમાં રોકાણની એક ખાસ ૧૫+૫+૫ વ્યૂહરચના અપનાવીને કોઈપણ વ્યક્તિ દીર્ઘકાળમાં સરળતાથી એક કરોડ રૂપિયાથી વધુનું ભંડોળ ઊભું કરી શકે છે અને નિવૃત્તિ પછી નિયમિત માસિક આવક સુનિશ્ચિત કરી શકે છે. પીપીએફ યોજનામાં હાલમાં ૭.૧ ટકાના દરે ગેરંટીડ વાર્ષિક વ્યાજ આપવામાં આવે છે, જે સંપૂર્ણપણે જોખમ મુક્ત હોય છે. આ યોજનાની સૌથી મોટી તાકાત તેનું ચક્રવૃદ્ધિ એટલે કે કમ્પાઉન્ડિંગ વ્યાજ છે, જેમાં જમા રકમ પર મળતા વ્યાજ પર પણ સતત વ્યાજ ઉમેરાતું રહે છે. આ સ્કીમમાં વાર્ષિક ઓછામાં ઓછા





૫૦૦ રૂપિયાથી લઈને મહત્તમ ૧.૫ લાખ રૂપિયા સુધીનું રોકાણ કરવાની છૂટ મળે છે. જો કોઈ રોકાણકાર દર વર્ષે ૧.૫ લાખ રૂપિયાનું મહત્તમ રોકાણ કરે અને ૧૫+૫+૫ ની ફોર્મ્યુલા અપનાવે, તો ૨૫ વર્ષના સમયગાળામાં કુલ ૩૭.૫ લાખ રૂપિયાના રોકાણ સામે ૧.૦૩ કરોડ રૂપિયાથી વધુનું ફંડ તૈયાર થઈ જાય છે. આ ફંડમાં રોકાણ કરેલી મૂળ રકમ કરતાં વ્યાજની કમાણીનો હિસ્સો ૬૫.૫૮ લાખ રૂપિયા જેટલો વિશાળ હોય છે. પીપીએફનો મૂળ લોક-ઈન પિરિયડ ૧૫ વર્ષનો હોય છે, પરંતુ તે પૂરો થયા પછી રોકાણકાર પાસે તેને આગળ વધારવાના વિકલ્પો ઉપલબ્ધ હોય છે. ૧૫ વર્ષ પછી ખાતાધારક ઈચ્છે તો ૫-૫ વર્ષના બે એક્સટેન્શન લઈને તેને ૨૫ વર્ષ સુધી ચાલુ રાખી શકે છે. જો ૧૫ વર્ષ પછી નવું રોકાણ કર્યા વિના માત્ર પૈસા જમા રાખવામાં આવે તો પણ ૨૦ વર્ષમાં તે વધારીને ૫૭.૩૨ લાખ અને ૨૫ વર્ષમાં ૮૦.૭૭ લાખ રૂપિયા થઈ જાય છે. પરંતુ જો આ એક્સટેન્શન સમયગાળા દરમિયાન દર વર્ષે ૧.૫ લાખ રૂપિયાનું રોકાણ ચાલુ રાખવામાં આવે, તો ૨૫ વર્ષમાં ૧.૦૩ કરોડ રૂપિયાનું મોટું ભંડોળ તૈયાર થાય છે. ૨૫ વર્ષે આ ૧.૦૩ કરોડનું ફંડ જાળવી રાખીને તેના પર મળતા ૭.૧ ટકા વાર્ષિક વ્યાજના આધારે દર મહિને આશરે ૬૧,૦૦૦ રૂપિયાનું પેન્શન મેળવી શકાય છે, જ્યારે તમારી મૂળ રકમ બેંકમાં સુરક્ષિત રહે છે.

આ યોજના માત્ર રોકાણ પર ઉત્તમ રિટર્ન જ નથી આપતી પરંતુ ટેક્સ બચત માટે પણ ઉત્કૃષ્ટ સાધન છે. પીપીએફ યોજના ઈએનઈ એટલે કે એક્ઝેમ્પ્ટ-એક્ઝેમ્પ્ટ-એક્ઝેમ્પ્ટ શ્રેણી હેઠળ આવે છે, જેમાં રોકાણ કરવામાં આવતી રકમ પર ઈન્કમ ટેક્સ એક્ટની કલમ ૮૦સી હેઠળ છૂટ મળે છે. આ ઉપરાંત તેના પર મળતું વ્યાજ અને મેચ્યોરિટી સમયે મળતી સમગ્ર રકમ પણ સંપૂર્ણપણે કરમુક્ત હોય છે. ભારતનો કોઈપણ નાગરિક પોતાના નામે અથવા સગીર બાળકના નામે નજીકની કોઈપણ પોસ્ટ ઓફિસ કે અધિકૃત બેંકમાં જઈને આ ખાતું ખોલાવી શકે છે. રોકાણની સુરક્ષા, કરમુક્ત રિટર્ન અને નિવૃત્તિ માટે નિયમિત પિન્શનની સુવિધાને કારણે પીપીએફ દરેક વર્ગના રોકાણકારો માટે એક અતિ લોકપ્રિય અને મજબૂત માધ્યમ સાબિત થાય છે.

# શાહરૂખ, અજય અને ટાઈગર ભારે મુશ્કેલીમાં મુકાયા!: પાન મસાલાની જાહેરાત બદલ FDAએ કારણદર્શક નોટિસ મોકલી, 15 દિવસમાં માગ્યો જવાબ

**મુંબઈ, તા.16**

મહારાષ્ટ્રના ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) દ્વારા બોલિવૂડના જાણીતા અભિનેતાઓ શાહરૂખ ખાન, અજય દેવગણ અને ટાઈગર શ્રોફને એક સાથે કારણદર્શક નોટિસ જારી કરવામાં આવતા મનોરંજન અને બ્રાન્ડ જગતમાં મોટો ખળભળાટ મચી ગયો છે. એફડીએનો ગંભીર આરોપ છે કે 'વિમલ ઈલાયચી'ની લોકપ્રિય જાહેરાતમાં કામ કરીને આ કલાકારો દ્વારા મહારાષ્ટ્ર રાજ્યમાં સંપૂર્ણપણે પ્રતિબંધિત એવા 'વિમલ પાન મસાલા'નો પરોક્ષ રીતે પ્રચાર કરવામાં આવી રહ્યો છે. ન્યૂઝ એજન્સી પીટીઆઈ દ્વારા મળતી વિગતો અનુસાર, એફડીએ દ્વારા ગત ૧૧ ઓગસ્ટે આ ત્રણેય કલાકારોને નોટિસ પાઠવીને આ જાહેરાતમાં તેમની ભૂમિકા અંગે આગામી ૧૫ દિવસમાં લેખિત જવાબ અને સ્પષ્ટતા રજૂ કરવા આદેશ આપવામાં આવ્યો છે. સરકારી તંત્રે આ નોટિસો કલાકારોના નિવાસસ્થાને અને ઓફિસના સરનામે મોકલી આપી છે, જેમાં શાહરૂખ ખાનને બાંદ્રા સ્થિત તેમના બંગલા 'મન્નત',



અજય દેવગણને જુહુ સ્થિત આવાસ અને ટાઈગર શ્રોફને તેમની પ્રોડક્શન કંપની 'ટાઈગર શ્રોફ પ્રોડક્શન્સ એલએલપી'ના સરનામે આ નોટિસ બજાવવામાં આવી છે.

તપાસ એજન્સી એફડીએનું સ્પષ્ટપણે માનવું છે કે ટીવી અને ડિજિટલ માધ્યમો પર ચાલતી આ જાહેરાતમાં 'વિમલ' બ્રાન્ડનું નામ, પ્રોડક્ટનું પેકિંગ અને પ્રખ્યાત ડાયલોગ્સનો ઉપયોગ એવી ચતુર રીતે કરવામાં આવ્યો છે, જેથી તેનાથી વિમલ પાન મસાલા બ્રાન્ડનું જ સીધું પ્રોમોશન થતું દેખાય છે. મહારાષ્ટ્રમાં વર્ષ ૨૦૧૨થી તમાકુ કે નિકોટિનયુક્ત ગુટખા અને પાન મસાલાના ઉત્પાદન, વેચાણ અને હેરફેર પર કાનૂની પ્રતિબંધ લાદવામાં આવેલો છે અને આ પ્રતિબંધને દર વર્ષે સરકાર દ્વારા નિયમિતપણે લંબાવવામાં આવે છે. હાલમાં જ ૧૩ જુલાઈ ૨૦૨૬થી આ પ્રતિબંધ વધુ એક વર્ષ માટે લંબાવવામાં આવ્યો છે. એફડીએ કમિશનર તુકારામ મુંઢેએ જૂન મહિનામાં અધિકારીઓને આદેશ આપ્યા હતા કે ગેરકાયદે ગુટખા અને તમાકુના નેટવર્ક સામે પોલીસ સાથે મળીને મકોકા (MCOCA) જેવા આકરા કાયદા હેઠળ કાર્યવાહી કરવામાં આવે. સામાન્ય ભાષામાં આ પ્રકારની પ્રચાર પદ્ધતિને સરોગેટ એડવર્ટાઈઝિંગ એટલે કે પરોક્ષ જાહેરાત કહેવામાં આવે છે, જેમાં મૂળ પ્રતિબંધિત પ્રોડક્ટની સીધી જાહેરાત કરવાને બદલે તે જ બ્રાન્ડ નામે બજારમાં મળતી અન્ય નિર્દોષ પ્રોડક્ટ જેમ કે માઉથ ફ્રેશનર કે ઈલાયચીની જાહેરાત કરવામાં આવે છે. જોકે સામાન્ય સંજોગોમાં ઈલાયચીની જાહેરાત કરવી ગેરકાયદેસર નથી, પરંતુ મહારાષ્ટ્ર રાજ્યમાં પાન મસાલા પર સંપૂર્ણ કાનૂની પ્રતિબંધ હોવાથી એફડીએનું કહેવું છે કે બ્રાન્ડના નામે પરોક્ષ રીતે પણ પાન મસાલાનો પ્રચાર રાજ્યની સીમામાં કરી શકાય નહીં. આ જ કારણોસર એફડીએ દ્વારા કડક વલણ અપનાવીને જાહેરાતમાં દેખાતા અભિનેતાઓને નોટિસ મોકલવામાં આવી છે.

મહારાષ્ટ્રમાં પ્રતિબંધિત ગુટખા અને પાન મસાલાના ગેરકાયદેસર નેટવર્કને તોડી પાડવા માટે એફડીએ દ્વારા વિતેલા બે મહિનામાં અભિયાન ખૂબ જ તેજ બનાવવામાં આવ્યું છે. મે મહિનાના અંતથી જુલાઈના અંત સુધીના માત્ર બે મહિનાના સમયગાળા દરમિયાન રાજ્યભરમાં ૬૫૮ જેટલા સ્થળો પર ત્રાટકીને દરોડા પાડવામાં આવ્યા હતા. આ મિશન દરમિયાન તંત્રે ૧૫.૧૧ કરોડ રૂપિયાનો પ્રતિબંધિત માલસામાન જપ્ત કર્યો હતો અને ૫૧૯ જેટલી એફઆઈઆર નોંધીને ૭૦૧ આરોપીઓની ધરપકડ કરી છે. આ ઉપરાંત માલસામાનની ગેરકાયદે હેરફેર માટે વપરાતા ૬.૬ કરોડ રૂપિયાની કિંમતના ૭૮ વાહનો પણ જપ્ત કરી લેવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે વિમલ ઈલાયચીનું આ પ્રચાર અભિયાન ભૂતકાળમાં પણ અનેક કાનૂની અને નિયમનકારી વિવાદોમાં ઘેરાયેલું રહ્યું છે. વર્ષ ૨૦૧૮માં હેલ્થ સર્વિસિસ દ્વારા કોટપા (COTPA) કાયદા હેઠળ ઉત્પાદક કંપની વિષ્ણુ પાઉચ પેકેજિંગને નોટિસ આપવામાં આવી હતી. તે સમયે કંપનીએ કોર્ટમાં એવો બચાવ કર્યો હતો કે તેઓ દેશના ઘરેલુ બજારમાં વિમલ બ્રાન્ડથી તમાકુ ધરાવતા ઉત્પાદનો બનાવતા જ નથી. બાદમાં જાન્યુઆરી ૨૦૨૪માં દિલ્હી હાઈકોર્ટે પણ નીચલી અદાલતનો ચુકાદો યથાવત રાખતા જણાવ્યું હતું કે જ્યાં સુધી કોઈ પ્રોડક્ટ પર કાનૂની પ્રતિબંધ ન હોય ત્યાં સુધી તમાકુ-રહિત પાન મસાલા કે ઈલાયચીનો વેપાર કરવો એ કંપનીનો બંધારણીય અધિકાર છે.

# ફાઈટર જેટનું એન્જિન દેશમાં જ બનશે: રિલાયન્સ અને રોલ્સ-રોયસે ભાગીદારી કરી, ખાસ એરોસ્પેસ કોમ્પ્લેક્સ બનશે

**નવી દિલ્હી, તા.16**

ભારતના સંરક્ષણ ક્ષેત્ર અને એરોસ્પેસ ઉદ્યોગ માટે એક અત્યંત ઐતિહાસિક સમાચાર સામે આવ્યા છે, જે અંતર્ગત હવે ભારતમાં જ સ્વદેશી રીતે એડવાન્સ્ડ મીડિયમ કોમ્બેટ એરક્રાફ્ટ (AMCA) ના અત્યાધુનિક જેટ એન્જિનનું નિર્માણ કરવામાં આવશે. આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ માટે ભારતીય ઉદ્યોગજગતના અગ્રણી જૂથ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને વિશ્વવિખ્યાત બ્રિટિશ એન્જિન નિર્માતા રોલ્સ-રોયસ વચ્ચે એક મોટી ભાગીદારી થઈ છે. આ બંને વૈશ્વિક કંપનીઓ મળીને દેશમાં એક સ્પેશિયલ 'એરોસ્પેસ ગેસ ટર્બાઈન કોમ્પ્લેક્સ'ની સ્થાપના કરશે. આ કોમ્પ્લેક્સમાં સંપૂર્ણપણે સ્વદેશી અને સાર્વભૌમ ક્ષમતા સાથે ફાઈટર જેટના એન્જિનની ડિઝાઈન, ડેવલપમેન્ટ, કડક ટેસ્ટિંગ, ઉત્પાદન અને સમયસર ડિલિવરી હાથ ધરવામાં આવશે, તેમજ આ એન્જિનો માટે લાઈફટાઈમ સર્વિસ અને મેન્ટેનન્સ સપોર્ટ પણ ભારતમાં જ પૂરો પાડવામાં આવશે.

આ ભાગીદારી હેઠળ



સ્થાપવામાં આવનારું એરોસ્પેસ ગેસ ટર્બાઈન કોમ્પ્લેક્સ ભારતમાં નવી પેઢીની એન્જિન ટેકનોલોજી વિકસાવનાર સૌથી મોટા અને આધુનિક સેન્ટર તરીકે કાર્ય કરશે. આ સુવિધાના નિર્માણથી હાઈ-ટેક ફાઈટર જેટ એન્જિનિયરિંગના ક્ષેત્રમાં ભારત સમગ્ર વિશ્વમાં એક નવી મજબૂત ઓળખ અને ગૌરવપૂર્ણ સ્થાન પ્રાપ્ત કરશે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અનંત અંબાણીએ આ સોદા અંગે ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે દેશની રાષ્ટ્રીય સુરક્ષા અને સૈન્ય મજબૂતી માટે ભારત પાસે પોતાની સાર્વભૌમ ટેકનોલોજી હોવી અત્યંત આવશ્યક છે. રોલ્સ-રોયસ સાથેનો આ સહયોગ દેશમાં ફાઈટર જેટ એન્જિનનું એક આખું ઈકોસિસ્ટમ તૈયાર કરશે, જે ભારતને સંરક્ષણ ઉત્પાદનમાં આત્મનિર્ભર બનાવવાની સાથે વૈશ્વિક બજારમાં સ્પર્ધાત્મક તાકાત પણ આપશે અને આત્મનિર્ભર ભારત મિશનને સાકાર કરવામાં મોટું યોગદાન આપશે.

રોલ્સ-રોયસના સીઈઓ તુફાન એર્ગિનબિલ્ગિકે આ ભાગીદારીને ભારત માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ ગણાવી હતી. તેમણે ઉમેર્યું હતું કે આ સોદા દ્વારા રોલ્સ-રોયસની ૧૦૦ વર્ષથી પણ વધુ જૂની અદ્યતન એન્જિન નિર્માણની ટેકનોલોજી અને રિલાયન્સની વિશાળ ઓપરેશનલ તાકાત એકમંચ પર આવશે, જેનાથી ભારતમાં જ વિમાનોના એન્જિન બનાવવા માટે એક મજબૂત, ટકાઉ અને સ્વતંત્ર સિસ્ટમ ઊભી થશે. આ ભાગીદારીની વિશેષતા એ છે કે તેનો વ્યાપ માત્ર સેનાના લડાકુ વિમાનો પૂરતો સીમિત રહેશે નહીં, પરંતુ આગામી સમયમાં તેનો ઉપયોગ સામાન્ય પેસેન્જર પ્લેન, કમર્શિયલ એવિએશન અને નવી પાવર સિસ્ટમ્સના વિકાસમાં પણ કરવામાં આવશે. તેનાથી ભવિષ્યમાં ભારતીય સિવિલ એવિએશન ક્ષેત્રને પણ 'મેડ ઈન ઈન્ડિયા' એન્જિનોનો સશક્ત વિકલ્પ મળી રહેશે.

ઉલ્લેખનીય છે કે ભારત દેશમાં જ પોતાની ૫મી પેઢીના અત્યાધુનિક સ્ટેલ્થ લડાકુ વિમાન એટલે કે એડવાન્સ્ડ મીડિયમ કોમ્બેટ એરક્રાફ્ટ (AMCA) નો વિકાસ કરી રહ્યું છે, જેના પ્રોડક્શન મોડલને અગાઉ મંજૂરી મળી ચૂકી છે અને તેના પર ઝડપથી કામ ચાલી રહ્યું છે. આ ૫મી પેઢીના વિમાનોને ભવિષ્યમાં ભારતીય વાયુસેના અને નૌકાદળની લડાયક ટુકડીઓમાં તૈનાત કરવાની મોટી યોજના છે, જે વર્ષ ૨૦૩૫ સુધીમાં સેનામાં સામેલ થવાની ધારણા છે. રિલાયન્સ અને રોલ્સ-રોયસ વચ્ચે થયેલા આ કરારથી ભારતીય વાયુસેનાની ભવિષ્યની જરૂરિયાતો દેશમાં જ પૂરી થઈ શકશે અને વિદેશી આયાત પરની નિર્ભરતામાં મોટો ઘટાડો થશે.

# પેટ્રોલ-ડીઝલ અને ATF ની નિકાસ પર વિન્ડફોલ ટેક્સમાં ઘટાડો: પેટ્રોલ પર એક્સપોર્ટ ડ્યુટી ઝીરો થઈ, ડીઝલ પર ₹24 અને ATF પર ₹19.5 પ્રતિ લિટર લાગશે

**નવી દિલ્હી, તા.16**

કેન્દ્ર સરકાર દ્વારા પેટ્રોલ, ડીઝલ અને હવાઈ ઈંધણ એટલે કે એટીએફ (ATF) ના એક્સપોર્ટ પર લાગતા વિન્ડફોલ ટેક્સમાં મોટો ઘટાડો કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. નાણા મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલી સત્તાવાર અધિસૂચના અનુસાર આ નવા ઘટાડેલા દરો સમગ્ર દેશમાં ૧૪ ઓગસ્ટથી જ અમલી બનાવી દેવામાં આવ્યા છે. સરકારી નિર્ણય હેઠળ સૌથી મોટી રાહત પેટ્રોલના એક્સપોર્ટ પર આપવામાં આવી છે, જ્યાં લાગતો ટેક્સ સંપૂર્ણપણે નાબૂદ કરીને 'ઝીરો' કરી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત ડીઝલ અને જેટ ફ્યુઅલની નિકાસ પર લાગતી ડ્યુટીમાં પણ નોંધપાત્ર કાપ મૂકીને નિકાસકાર કંપનીઓને મોટી આર્થિક રાહત પહોંચાડવામાં આવી છે.

સરકારના આ નવા આદેશ અનુસાર ડીઝલની નિકાસ પર લાગતી વિશેષ વધારાની આબકારી જકાત એટલે કે એસએઈડી (SAED) ને ૨૫.૫ રૂપિયા પ્રતિ લિટરથી ઘટાડીને ૨૪ રૂપિયા પ્રતિ લિટર કરી દેવામાં આવ્યો છે. આ જ રીતે એવિએશન ટર્બાઈન ફ્યુઅલ એટલે કે એટીએફ પરની એક્સપોર્ટ ડ્યુટી ૨૨ રૂપિયા પ્રતિ લિટરથી ઘટાડીને



૧૯.૫ રૂપિયા પ્રતિ લિટર નક્કી કરવામાં આવી છે. પેટ્રોલના કિસ્સામાં ગત ૩ ઓગસ્ટે લાદવામાં આવેલા ૩.૫ રૂપિયા પ્રતિ લિટરના ટેક્સને હવે સંપૂર્ણપણે હટાવીને શૂન્ય કરી દેવાયો છે. જોકે નાણા મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે આ નિર્ણયથી સ્થાનિક બજારમાં સામાન્ય ગ્રાહકો માટે પેટ્રોલ-ડીઝલના ભાવમાં કોઈ ફેરફાર થશે નહીં, કારણ કે આ છૂટછાટ માત્ર વિદેશોમાં ઈંધણ એક્સપોર્ટ કરતી રિફાઈનરીઓ અને કંપનીઓ માટે જ લાગુ થાય છે. વિન્ડફોલ ટેક્સ મુખ્યત્વે એવી પરિસ્થિતિમાં લાદવામાં આવે છે જ્યારે આંતરરાષ્ટ્રીય સ્તરે કોઈ અણધાર્યા વૈશ્વિક સંકટ કે યુદ્ધને કારણે ક્રૂડ ઓઈલના ભાવ અચાનક વધી જાય. મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા તણાવ દરમિયાન ભારતીય ઓઈલ રિફાઈનિંગ કંપનીઓ સ્થાનિક બજારમાં સપ્લાય કરવાને બદલે વિદેશી બજારોમાં ઊંચા ભાવે તેલ વેચીને મોટા પ્રમાણમાં નફો કમાઈ રહી હતી. આ અણધાર્યા નફા પર અંકુશ મેળવવા અને દેશમાં ઈંધણની અછત ન સર્જાય તે હેતુથી સરકારે સૌપ્રથમ ૨૭ માર્ચે ડીઝલ અને એટીએફ પર ટેક્સ લાદ્યો હતો, અને ત્યારબાદ ૧૬ મેથી પેટ્રોલ પર પણ આ ટેક્સ લાગુ કરવામાં આવ્યો હતો. સરકાર દ્વારા આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતો અને રિફાઈનિંગ માર્જિનનું દર ૧૪ થી ૧૫ દિવસે સતત મૂલ્યાંકન કરવામાં આવે છે.

# દેશમાં 6 વરસાદી સિસ્ટમ સક્રિય, ગુજરાતમાં આગામી 6 દિવસ જોવા મળશે તેની અસર

**અમદાવાદ, તા.16**

દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાનમાં સાયક્લોનિક સરક્યુલેશન, 48 કલાકમાં બંગાળની ખાડીમાં નવું લો-પ્રેશર સહિત 6 સિસ્ટમ સક્રિય થઈ છે, ત્યારે ગુજરાતમાં આગામી 21 ઓગસ્ટ સુધી હળવાથી મધ્યમ વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. જેમાં 16 ઓગસ્ટના રોજ ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાત સહિતના વિસ્તારોમાં હળવાથી ભારે વરસાદ થવાની શક્યતા છે.



હવામાન વિભાગ અનુસાર, ઉત્તર ગુજરાત સહિતના વિસ્તારોમાં વાવ-થરાદ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, નર્મદા જિલ્લામાં 30-40 કિ.મી./કલાકની ઝડપે પવન ફૂંકાવવાની સાથે વરસાદની આગાહી છે. જ્યારે દક્ષિણ ગુજરાતના તાપી, ડાંગ, નવસારી, વલસાડ જિલ્લામાં ભારે વરસાદને પગલે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

બીજી તરફ, રાજ્યમાં આગામી 17 ઓગસ્ટથી 21 ઓગસ્ટ સુધી ગાજવીજ સાથે હળવા વરસાદની આગાહી છે. જેમાં રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં વરસાદી ઝાપટાં પડી શકે છે.

દેશભરમાં ચોમાસાની સિસ્ટમ સક્રિય થતાં હવામાન વિભાગ દ્વારા મહત્ત્વની આગાહી કરવામાં આવી છે. સવારના સમયે દક્ષિણ-પૂર્વ ઝારખંડ અને આસપાસના વિસ્તારો પર સર્જાયેલું લો-પ્રેશર યથાવત રહ્યું છે, જેની સાથે સંકળાયેલું સાયક્લોનિક સરક્યુલેશન દરિયાઈ સપાટીથી 4.5 કિ.મી.ની ઊંચાઈ સુધી વિસ્તરેલું છે. જો કે, આગામી 12 કલાક દરમિયાન આ સિસ્ટમ નબળી પડે તેવી શક્યતા છે. બીજી તરફ, દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાન અને તેના આસપાસના વિસ્તારો પર 3.1 કિ.મી.ની ઊંચાઈએ અપર એર સાયક્લોનિક સરક્યુલેશન હજુ પણ સક્રિય રહેતા પશ્ચિમ ભારતના હવામાન પર તેની સીધી અસર જોવા મળી રહી છે.

હવામાન નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, મોન્સૂન ટ્રફ હાલ ફિરોઝપુર, રોહતક, ઓરાઈ, સીધી અને ઝારખંડના લો-પ્રેશરના કેન્દ્રમાંથી પસાર થઈને દક્ષિણ-પૂર્વ તરફ પૂર્વ-મધ્ય બંગાળની ખાડી સુધી લંબાઈ રહી છે. આ ઉપરાંત, ઉત્તર-પશ્ચિમ બંગાળની ખાડી પર 5.8 થી 7.6 કિ.મી.ની ઊંચાઈ વચ્ચે વધુ એક અપર એર સાયક્લોનિક સરક્યુલેશન છવાયેલું છે, જેના પ્રભાવથી 48 કલાકમાં ઉત્તર બંગાળની ખાડીમાં નવું લો-પ્રેશર આકાર લે તેવી પ્રબળ શક્યતા છે. હાલ નીચલા સ્તરે દક્ષિણ-પશ્ચિમથી પશ્ચિમી પવનો ફુંકાઈ રહ્યા છે, જેના કારણે આગામી દિવસોમાં વિવિધ વિસ્તારોમાં વરસાદી માહોલ વધુ તીવ્ર બની શકે છે.

રાજ્યમાં આ વર્ષે સિઝનનો અત્યાર સુધીમાં સરેરાશ 671.34 મિ.મી. એટલે કે મોસમનો કુલ 73.86% વરસાદ નોંધાયો છે. જેમાં દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ 100.67% વરસાદ ખાબક્યો છે, જ્યારે પૂર્વ-મધ્ય ગુજરાતમાં 73.59%, ઉત્તર ગુજરાતમાં 55.94% અને સૌરાષ્ટ્રમાં 55.45% વરસાદ નોંધાયો છે. રાજ્યના 233 તાલુકાઓમાંથી 36 તાલુકાઓમાં 1000 મિ.મી. થી વધુ વરસાદ પડી ચૂક્યો છે. ભારે વરસાદને કારણે નીચાણવાળા અને જોખમી વિસ્તારોમાંથી અત્યાર સુધીમાં 84,318થી વધુ લોકોનું સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું હતું. જેમાં નવસારીમાં 28,060, વલસાડમાં 22,214 અને સુરતમાં 17,992 જિલ્લાઓ અગ્રેસર છે. જેમાં રાહત અને બચાવ કામગીરી માટે રાજ્યભરમાં NDRFની 12 ટુકડીઓ અને SDRFની 30 પ્લાટૂન્સ તૈનાત કરવામાં આવી હતી.

રાજ્યની જીવનદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમમાં હાલ તેની કુલ સંગ્રહ ક્ષમતાના 87.59% પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. આ સિવાય રાજ્યના 206 અન્ય જળાશયોમાં 65.55% પાણીનો સંગ્રહ થયો છે, જે પૈકી 27 ડેમો 100% ભરાઈ જતાં સંપૂર્ણ છલોછલ થયા છે. જળસંગ્રહની સ્થિતિને ધ્યાને રાખીને રાજ્યના 40 ડેમોને હાઈ એલર્ટ, 6 ડેમોને એલર્ટ અને 12 ડેમોને વોર્નિંગ પર રાખવામાં આવ્યા છે. હવામાન વિભાગ (IMD) દ્વારા દરિયામાં ભારે કરંટ અને પવનની શક્યતાને પગલે માછીમારોને 15 થી 17 ઓગસ્ટ દરમિયાન દરિયો ન ખેડવાની કડક સૂચના આપવામાં આવી છે.

# ગુજરાતની શાળાઓ અને તેના 100 મીટરના વિસ્તારમાં જંક ફૂડ પર પ્રતિબંધ મૂકો, શિક્ષણમંત્રીને પત્ર લખી રજૂઆત

**અમદાવાદ, તા.16**



નાના બાળકોમાં વધતા જતા ગંભીર રોગો અને કથળતા સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને રાજ્ય શાળા સંચાલક મહામંડળે શિક્ષણમંત્રીને એક પત્ર લખ્યો છે. આ પત્રમાં શાળાઓની કેન્ટીન તેમજ શાળાની 100 મીટરની ત્રિજ્યામાં જંક ફૂડ, પેકેટ ફૂડ અને વધુ પડતા તેલ-ખાંડવાળા ખાદ્યપદાર્થોના વેચાણ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાની રજૂઆત કરવામાં આવી છે.

રાજ્ય શાળા સંચાલક મહામંડળે મહારાષ્ટ્ર સરકાર દ્વારા તાજેતરમાં શાળાઓની 50 મીટર ત્રિજ્યામાં મુકાયેલા પ્રતિબંધનો હવાલો આપીને, ગુજરાતમાં પણ વિદ્યાર્થીઓને બિનઆરોગ્યપ્રદ ખોરાકથી દૂર રાખવા માટે તાત્કાલિક ધોરણે કડક પગલાં લેવાની હિમાયત કરી છે. મહામંડળનું માનવું છે કે, વિદ્યાર્થીઓ 3 વર્ષની નાની ઉંમરે શાળામાં પ્રવેશે છે અને 18 વર્ષની વય સુધીનો તેમનો સૌથી મહત્ત્વનો સમય અહીં વિતાવે છે, જ્યાંથી જ તેઓ આહાર અને જીવનશૈલીની કાયમી આદતો ગ્રહણ કરે છે. આથી, શારીરિક નુકસાન પહોંચાડતા જંક ફૂડને બદલે કેન્ટીનોમાં પૌષ્ટિક અને સાત્વિક આહાર મળવો જોઈએ.

બાળકોના ભવિષ્યના ઘડતર માટે આધુનિક નાસ્તાને સ્થાને અગાઉની જેમ જ સીંગ, ચણા, મમરા અને સેવ જેવા દેશી તથા પૌષ્ટિક આહારને ફરીથી શરૂ કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. આ નવી વ્યવસ્થાને પારદર્શક અને અસરકારક બનાવવા માટે મહામંડળે સરકાર પાસે એક કડક SOP તૈયાર કરવાની માંગ કરી છે. આ સૂચન અનુસાર, શાળાની તમામ કેન્ટીનોનું સ્થાનિક ગ્રામ પંચાયત, નગરપાલિકા કે કોર્પોરેશનમાં રજીસ્ટ્રેશન ફરજિયાત હોવું જોઈએ.

બાળકોને કેન્ટીનમાં શું પીરસવામાં આવે છે તેની સમયાંતરે સત્તાવાર તપાસ થવી જોઈએ અને જાગૃત વાલીઓની ટીમ પણ આ પ્રક્રિયામાં સીધી દેખરેખ રાખે તે હિતાવહ છે. જો કોઈ શૈક્ષણિક સંસ્થા આ નિયમો અને SOPનું પાલન ન કરે, તો તેની સામે સખત શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવે તેવી સ્પષ્ટ માંગ કરવામાં આવી છે.

# ટ્રકની પાછળ બીજી ટ્રક ઘુસી જતા ડ્રાઇવરનું મોત: નરોડા રિંગરોડ રણાસણ ટોલ ટેક્સ પાસે રોડ વચ્ચે ગેરકાયદે ઉભી રાખીને પાર્કિંગ લાઈટ કે કોઈ આડસ મૂકી ન હતી

**અમદાવાદ, તા.16**

અમદાવાદ શહેરના નરોડા રિંગરોડ પર આવેલા રણાસણ ટોલ ટેક્સ નજીક ગત ૧૫મી ઓગસ્ટના રોજ એક અત્યંત કરુણ અને ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. રસ્તાની બિલકુલ વચ્ચે કોઈપણ પ્રકારની આડસ, બેરીકેટિંગ કે પાર્કિંગ લાઈટ ચાલુ રાખ્યા વગર અત્યંત બેદરકારીપૂર્વક ઊભેલી એક ટ્રકની પાછળ પૂર્ણ ઝડપે આવી રહેલી આઈસર ટ્રક ધડાકાભેર અથડાઈ પડી હતી. આ ભયાનક દુર્ઘટનામાં આઈસર ટ્રકના ચાલક ૩૫ વર્ષીય સમીરકુમાર શેરસિંહ ચૌધરીને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ ઈજાગ્રસ્ત ચાલકને તાત્કાલિક ધોરણે સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન તેમનું ટૂંકી સારવાર બાદ દુઃખદ અવસાન થયું હતું. મળતી વિગતો અનુસાર, મૂળ હરિયાણાના વતની એવા ૩૫



વર્ષીય સમીરકુમાર ચૌધરી વ્યવસાયે ટ્રક ડ્રાઈવર તરીકે નોકરી કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. ઘટનાની રાત્રે તેઓ પોતાની આઈસર ટ્રક લઈને નરોડા રિંગરોડ પર આવેલા રણાસણ ટોલ ટેક્સ પાસેથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન માર્ગ પર ડિવાઈડરની બિલકુલ બાજુમાં રસ્તાની વચ્ચે એક અન્ય ટ્રક કોઈ પણ જાતની પૂર્વચેતવણી, પાર્કિંગ લાઈટ કે આડસ વગર બંધ હાલતમાં ઊભી રાખવામાં આવી હતી. રાત્રિના સમયે રસ્તા પર યોગ્ય સંકેત ન હોવાના કારણે સમીરકુમારની આઈસર ટ્રક આગળ ઊભેલી ટ્રકની પાછળના ભાગે જોરદાર ધડાકા સાથે ઘુસી ગઈ હતી. આ અકસ્માત એટલો સખત હતો કે આઈસર ટ્રકના આગળના ભાગનો ભુક્કો બોલી ગયો હતો અને ચાલક સમીરકુમાર કેબિનમાં ગંભીર રીતે ફસાઈ જતાં તેમને શરીરના વિવિધ ભાગો પર ઊંડા ઘા વાગ્યા હતા. બનાવ અંગે જાણ થતાં જ આસપાસના લોકો અને માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો મદદ માટે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્ત ડ્રાઈવરને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડ્યા હતા. જોકે, ઈજાઓ વધુ ગંભીર હોવાના કારણે તેમણે સારવાર દરમિયાન દમ તોડ્યો હતો. આ સમગ્ર મામલે જી ડિવિઝન ટ્રાફિક પોલીસે ઘટનાસ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી અને જાહેર રસ્તા પર બેદરકારીપૂર્વક વાહન પાર્ક કરીને માનવજિંદગી જોખમમાં મુકનાર અજાણ્યા ટ્રક ચાલક સામે ગુનો નોંધીને આગળની કાનૂની તપાસ હાથ ધરી છે.

# અમદાવાદમાં સાયબર ક્રાઈમના બે કિસ્સા: નવરંગપુરામાં યુવતીને બ્લેકમેલ કરાઈ, પાલડીમાં એકાઉન્ટન્ટ પાસેથી 30 લાખ પડાવ્યા

**અમદાવાદ, તા.16**

અમદાવાદમાં ઓનલાઈન ઠગાઈ અને સાયબર ક્રાઈમના બે ચોંકાવનારા કિસ્સા સામે આવ્યા છે. પહેલા કિસ્સામાં નવરંગપુરા વિસ્તારની IT એન્જિનિયર યુવતીને ઓનલાઈન રાઈડના માત્ર 77 રૂપિયાના વિવાદ બાદ ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવી બદનામ કરવાની ધમકી આપી 77 હજાર રૂપિયા અને આઈફોનની માગણી કરાઈ છે. જ્યારે બીજા કિસ્સામાં પાલડીની ખાનગી કંપનીના એકાઉન્ટન્ટ પાસેથી બોસના નામે વોટ્સએપ પર મેસેજ કરી 30 લાખ રૂપિયા ટ્રાન્સફર કરાવી લેવાયા છે. બંને બનાવો અંગે પોલીસે ફરિયાદો નોંધી તપાસ હાથ ધરી છે. નવરંગપુરામાં રહેતી અને IT એન્જિનિયર તરીકે કામ કરતી યુવતીએ ગત 23મી મેના રોજ ઓનલાઈન બાઈક રાઈડ




મારફતે પાર્સલ મોકલ્યું હતું. 77 રૂપિયાનું ભાડું ઓનલાઈન ચૂકવ્યા બાદ પણ ડિલિવરી બોયે પૈસા ન મળ્યાની જીદ પકડી ઘર સુધી આવી ગેરવર્તન કર્યું હતું. યુવતીએ ફરિયાદ નોંધાવ્યા બાદ 26મી મેથી તેના ફોન પર અઢળક ઓટીપી (OTP) આવવા લાગ્યા હતા.

આરોપીએ યુવતીના નામે ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવી ફોટા સાથે અશ્લીલ લખાણ મૂક્યું હતું તેમજ ઓફિસના ઈમેઈલ પર પણ બિભત્સ શબ્દો વાપર્યા હતા. યુવતીએ આ ફેક આઈડી ચલાવનારનો સંપર્ક કરતાં, આરોપીએ માફી માગવાના બદલામાં 77 હજાર રૂપિયા રોકડા અને એક આઈફોન માગ્યો હતો. પૈસા ન આપે તો મિત્રોને ફોટા મોકલી બદનામ કરવાની ધમકી આપી હતી. આ મામલે નવરંગપુરા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

પાલડીમાં આવેલી એક ખાનગી કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવતા નિકુંજ ગાંધી (રહે. ગાંધીનગર) સાથે વોટ્સએપ પર ઠગાઈ આચરવામાં આવી છે. સાયબર ગઠિયાએ નિકુંજના બોસ વિનોદનો ફોટો (DP) વોટ્સએપ પર રાખીને મેસેજ કર્યો હતો.

ગઠિયાએ પોતે અગત્યની મીટિંગમાં વ્યસ્ત હોવાનું કહી એક પાર્ટીને તાત્કાલિક પેમેન્ટ આપવાનું બહાનું બતાવ્યું હતું. તેણે એકાઉન્ટન્ટ પાસેથી દૈનિક લિમિટ જાણીને કુલ 30 લાખ રૂપિયા ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધા હતા. 30 લાખ રૂપિયા પડાવ્યા બાદ આરોપીએ વધુ 20 લાખ રૂપિયાની માગણી કરી હતી. આ વધારાની રકમ માટે ચેક પર સહી કરાવવા નિકુંજ જ્યારે બોસ પાસે રૂબરૂ ગયા ત્યારે તેણે આવો કોઈ મેસેજ ન કર્યો હોવાનો ઘટસ્ફોટ થયો હતો. પોતે છેતરપિંડીનો ભોગ બન્યાનું માલૂમ પડતાં સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

# જમાલપુર બ્રિજ નીચે શાકભાજીની ગાડીઓ અને દબાણોના કારણે ટ્રાફિકજામ

## રોજની સમસ્યા છતાં પોલીસ-AMCની કાર્યવાહી નહીં, એમ્બ્યુલન્સને નીકળવું પણ મુશ્કેલ

**અમદાવાદ, તા.16**

અમદાવાદ શહેરના કોટ વિસ્તારમાં આવેલા જમાલપુર બ્રિજ નીચે ટ્રાફિકની વિકટ સમસ્યા અને ગેરકાયદેસર દબાણો દૂર કરવા માટે મ્યુનિસિપલ કમિશનર તથા પોલીસ કમિશનર દ્વારા કડક આદેશો આપવામાં આવ્યા હોવા છતાં, ગ્રાઉન્ડ લેવલે પરિસ્થિતિમાં કોઈ સુધારો જોવા મળ્યો નથી. જમાલપુર બ્રિજ નીચે દરરોજ સર્જાતી સખત ટ્રાફિકજામની સમસ્યા આજે પણ યથાવત્ રહેવા પામી છે. આ વિસ્તારમાં જાહેર રોડ પર જ શાકભાજીના આઈસર-ટેમ્પો, રિક્ષાઓ અને લારી-ગલ્લાઓનો બેફામ ખડકલો કરી દેવામાં આવે છે, જેના કારણે સામાન્ય વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. તંત્રની આ નિષ્ક્રિયતા અને ઘોર બેદરકારીને ખુલ્લી પાડતો એક વીડિયો એક જાગૃત નાગરિક દ્વારા સોશિયલ મીડિયા પર વાઈરલ કરવામાં આવ્યો છે, જેણે ભારે ચર્ચા જગાવી છે.



સ્થાનિક રહીશો અને વાહનચાલકોના જણાવ્યા અનુસાર, જમાલપુર બ્રિજ નીચે દરરોજ સવારના સમયે ૧૦ થી ૧૫ જેટલી શાકભાજીથી ભરેલી મોટી ગાડીઓ જાહેર રસ્તા પર જ પાર્ક કરી દેવામાં આવે છે. આ ગેરકાયદેસર દબાણો અને આડેધડ વાહન પાર્કિંગના કારણે રોડ અત્યંત સાંકડો થઈ જાય છે અને કલાકો સુધી ટ્રાફિકના દ્રશ્યો સર્જાય છે. આ ટ્રાફિકજામ એટલો ગંભીર હોય છે કે ઈમરજન્સી સેવા આપતી ૧૦૮ એમ્બ્યુલન્સ પણ રસ્તામાં અટવાઈ પડે છે અને દર્દીઓને હોસ્પિટલ પહોંચાડવામાં મોડું થાય છે. આ ઉપરાંત સવારના સમયે નાના બાળકોને સ્કૂલે મૂકવા જતા વાલીઓ તેમજ સ્કૂલ વાહનો પણ દરરોજ સમયસર પહોંચવાને બદલે ટ્રાફિકમાં કલાકો સુધી ફસાઈ રહે છે. અમદાવાદના ઐતિહાસિક કોટ વિસ્તારમાં જમાલપુર ખાતે મધ્ય અને દક્ષિણ ઝોનના એસ્ટેટ વિભાગ અને ટ્રાફિક પોલીસની ચોકી હોવા છતાં તેમની આંખ સામે જ આ દબાણો ફૂલ્યા-ફાલ્યા છે. ઉચ્ચ અધિકારીઓના કડક સૂચના અને આદેશોનું પાલન કરાવવામાં નીચેના કર્મચારીઓ અને અધિકારીઓ સંપૂર્ણપણે નિષ્ફળ નીવડ્યા છે. સ્થાનિક નાગરિકો દ્વારા અવારનવાર લેખિત અને મૌખિક ફરિયાદો કરવામાં આવી હોવા છતાં એએમસી (AMC) અને ટ્રાફિક પોલીસ દ્વારા માત્ર કાગળ પરની કામગીરી કરવામાં આવે છે, પરંતુ કાયમી ધોરણે દબાણો હટાવવા કોઈ નક્કર પગલાં લેવામાં આવતા નથી. કાયદા અને વ્યવસ્થાનો ભંગ કરતા તત્વો સામે કડક કાર્યવાહીના અભાવે સામાન્ય નાગરિકોને દરરોજ ટ્રાફિકની યાતના ભોગવવાનો વારો આવ્યો છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599




